# સનાતન સંગીત




## - શ્રી યોગેશ્વર

**NOTICE**

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * * * *

* * * * *

E-Book

| | |
|---|---|
| Title | : Sanatan Sangeet |
| Language | : Gujarati |
| Version | : 2.1 |
| Pages | : 144 |
| Created | : June 01st, 2010. |

* * * * *

* * * * *

**NOTE**

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

* * * * *

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બીજાને સૌરભ ફેલાવીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બીજાને સલિલ ફેલાવીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બીજાને જ્યોતિ ફેલાવીએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બનીને બીજાને યાત્રા કરાવીએ

યોગેશ્વરના આશિષ

## પરિચય

પરમાત્માના પરમ પ્રેમનું સનાતન સંગીત સંસારમાં સઘળે પ્રસરી રહ્યું છે. જ્ઞાની કે તત્વજ્ઞો એવું કહી રહ્યા છે. જેને અલૌકિક કાન છે તે એને સાંભળે છે, ને જેને અંતર છે એ એને અનુભવે છે. એ માટે પ્રેમમય હૃદય જોઈએ ને એવા હૃદયમાં ઈશ્વરી પ્રેમના પડછંદા પડવા જોઈએ. ત્યારે જ એ સંગીતનું શ્રવણ સુલભ બની શકે.

સંસારમાં જેટલી પણ સુંદર, સરસ, સ્વર્ગીય તથા સુખદ વસ્તુઓ છે, તેમાં પ્રેમ સૌથી વધારે સુંદર, સરસ, સ્વર્ગીય ને સુખદ છે. પ્રેમ, ચાહે પાર્થિવ હોય કે અપાર્થિવ, પણ સદાયે પૂજ્ય ને પ્રશસ્ય છે, એમ મને લાગ્યા કર્યું છે, ને તેને મેં આદરણીય આસન પૂરું પાડ્યું છે. કોઈપણ કારણે તેનો તિરસ્કાર કરવાની પ્રવૃત્તિથી પર રહીને, તેનો સાંગોપાંગ સ્વીકાર કરીને, તેને વધારે ને વધારે વિવેકી, વિકાસને માટે મદદરૂપ ને પ્રભુમય કરવાની દૃષ્ટિ ને પદ્ધતિ જ મને વધારે પસંદ પડી છે, સાચી લાગી છે, ને માનવના મંગલને માટે ઉપયોગી જણાઈ છે. એ રીતે જોઈએ તો પ્રેમ મારે મન એક સાધના છે, સિદ્ધિ છે, ને સંસારની મહામૂલી મૂડી કે થાપણ છે. એના સિવાય સંસાર સાચે જ નીરસ હોત.

પરમાત્માનો પરિચય કરવાના મહાકાર્યમાં એનો ફાળો ઘણો મોટો છે, એ તો જાણીતું છે. પરમાત્મા પોતે પ્રેમસ્વરૂપ છે ને પ્રેમ જ્યારે પવિત્ર થાય છે ને પ્રબળ બને છે ત્યારે પરમાત્માનો પરિચય કરી શકે છે. એ વખતે ને એની પહેલાં, પ્રેમીના અંતરના ને અણુએ અણુમાં સ્નેહનું સુધામય, સનાતન સંગીત ઉત્પન્ન થાય છે, ને તેનું જીવન ધન્ય બની જાય છે. એ સનાતન સંગીતની આછીપાતળી અભિવ્યક્તિ આ સંગ્રહમાં સહજ રીતે જ થઈ ગઈ છે. તેનો સ્વાદ જે લેશે તે રસ ને તાજગી મેળવશે એવી આશા છે.

વધારે તો સંગ્રહ પોતે જ કહેશે. રસિકો એના આસ્વાદમાં ઓતપ્રોત બને એમ ઈચ્છું છું.

**- યોગેશ્વર**
જાન્યુઆરી, ૧૯૬૧
મુંબઈ.

## અનુક્રમ


૧. પૂર્ણતાની પ્રાર્થના
૨. અંતરની અભિવ્યક્તિ
૩. સેવાની આકાંક્ષા
૪. છંદોનો મર્મ
૫. સ્નેહનું સ્મારક
૬. તંતુવાદન
૭. પાપનો પ્રકાશ
૮. માનવીની ક્ષુલ્લકતા
૯. વાણીનું વેદાંત
૧૦. બ્રહ્મચર્યનું રહસ્ય
૧૧. અજબ દૃશ્ય
૧૨. સાગરનું જીવન
૧૩. સાગરનો સંદેશ
૧૪. પ્રેરણા
૧૫. વિશ્વાસનો વિજય
૧૬. ભક્તની ભાવના
૧૭. વાણી ને વિચાર
૧૮. સ્નેહનો સંકલ્પ
૧૯. આંખનો મેળાપ
૨૦. ભૂલી જઉં છું
૨૧. આંખમીચામણાં નહિ કરું
૨૨. કમળની યાદ
૨૩. એકાદશીવ્રત
૨૪. એવી કૃપા કરી દો
૨૫. પ્રેમની પ્રાર્થના
૨૬. પ્રાર્થનાની પૂર્ણાહુતિ
૨૭. સંતનું શરણ
૨૮. આશીર્વાદની ખૂબી
૨૯. પ્રેમનો પ્રભાવ
૩૦. ચાંદની રાતની ભાવના
૩૧. ઝૂંપડી ને મહેલ
૩૨. આભાર
૩૩. પ્રેમની યાદ
૩૪. મુખનું દર્શન
૩૫. ઈશ્વરની દુનિયા
૩૬. મધરાત વીતી ગઈ છે
૩૭. મધઝરતું મુખ
૩૮. ધન્યતાનું ગીત
૩૯. કોને ખબર
૪૦. જીવનની કૃતાર્થતા
૪૧. અપાર તૃપ્તિ
૪૨. પતનનું દર્દ
૪૩. બડભાગી
૪૪. આશા ને નિરાશા
૪૫. એકતાનો આદર્શ
૪૬. વરમાળા
૪૭. મારું ચાલે તો
૪૮. જીવન ને મરણ
૪૯. સૂરજ ને ચંદ્ર
૫૦. મિલનની મહેફિલ
૫૧. સંગીતનું રહસ્ય
૫૨. પૂજાની માળા
૫૩. સમજાતું નથી
૫૪. સ્નેહની સહજતા
૫૫. સાધના ને પ્રેમ
૫૬. એવી કૃપા કરી દો
૫૭. શાંતિનું સાધન
૫૮. પ્રેમની નિશાની
૫૯. પાંખડીની પૂજા
૬૦. શરીર ને પ્રેમ
૬૧. મારી કૈંજ પડી નથી
૬૨. મિલનની પ્રાર્થના
૬૩. પ્રેમની પાત્રતા
૬૪. આવરણનો ભંગ
૬૫. રેલગાડીના ડબામાં
૬૬. આકર્ષણનો અર્થ
૬૭. પ્રતીક્ષા
૬૮. મુક્ત કરી દો
૬૯. હૃદયનો પ્રેમ
૭૦. આત્માનો સંબંધ
૭૧. તમારી જરૂર
૭૨. દૈવી દશા
૭૩. મારી દશા
૭૪. સાધનાનું રહસ્ય
૭૫. તમે મારાં પ્રેરણાદેવી છો
૭૬. જવાસાનો છોડ
૭૭. જોવાનો આનંદ
૭૮. ગીતોની ભેટ
૭૯. મારું બલ
૮૦. સોનેરી દિવસ
૮૧. ગીતોની સેવા
૮૨. આલિંગનનો આનંદ
૮૩. સમજવામાં ભૂલ ન કરશો
૮૪. દર્દ ને સહનશક્તિ
૮૫. દેવતાની પૂજા
૮૬. આવરણભંગનો આનંદ
૮૭. હેલીની જરૂર
૮૮. ઉત્કટ અનુરાગ
૮૯. રહેવાનો આનંદ
૯૦. સુહાગ
૯૧. આલિંગનની અવસ્થા
૯૨. ગીત ને દર્દ
૯૩. બિમારીની ચિંતા
૯૪. વેદના
૯૫. તક જતી ના કરશો
૯૬. અમર આશા
૯૭. ઉપકાર થશે
૯૮. બીજું કોણ છે ?
૯૯. પ્રશસ્તિ

૧૦૦. વેદનાનો વરસાદ
૧૦૧. તમને જોયા વિના
૧૦૨. સંપૂર્ણ સુખનો ઉપાય
૧૦૩. સંસ્મરણની સામગ્રી
૧૦૪. અખંડ સૌભાગ્ય
૧૦૫. ચરણની પૂજા
૧૦૬. અમર રાત
૧૦૭. સૌભાગ્યની વાત
૧૦૮. પ્રેમીની દશા
૧૦૯. પ્રાર્થના
૧૧૦. ભક્તોનું જીવન
૧૧૧. સમર્પણ
૧૧૨. કૃપાની કામના
૧૧૩. પ્રેમનો વિચાર તો કરો
૧૧૪. પ્રેમની સ્મૃતિ
૧૧૫. સંગમની સ્મૃતિ
૧૧૬. સંવાદ
૧૧૭. ગીતની છેલ્લી લીટી
૧૧૮. વરસાદની સ્મૃતિ
૧૧૯. કામના
૧૨૦. વરસાદની વચ્ચે
૧૨૧. વરસતા વરસાદમાં
૧૨૨. પ્રેમનું રહસ્ય
૧૨૩. ધન્યવાદ
૧૨૪. મનોરથ પૂરો કરો
૧૨૫. મારી સાધના
૧૨૬. ગીતોની ભેટ
૧૨૭. ગીતોની કદર
૧૨૮. ગીતોનો ઉપહાર
૧૨૯. સાથની જરૂર
૧૩૦. છોડી શકું તેમ નથી
૧૩૧. આપણો પ્રેમ
૧૩૨. મારી આંખ સામે જ રહો
૧૩૩. દૂર રહેવાનો વિચાર
૧૩૪. પ્રેમ કર્યા કરીશું
૧૩૫. આભારદર્શન

* * * * *

* * * * *



## ૧. પૂર્ણતાની પ્રાર્થના

આંસુની કેટકેટલી અખંડ ને અનંત ધારા મેં તમારે માટે વહેતી મૂકી છે, ને કેટકેટલી વેદના ને આહની આહુતિ આપીને, દિનરાત મેં મારી યજ્ઞની વેદીને તમારે માટે જલતી રાખી છે !

પ્રાર્થનાના કેટકેટલા પોકારોમાં મેં મારા પ્રાણને વહેતો કર્યો છે, ને કરુણાનાં કેટકેટલાં કાવ્યોનો કવિ બનીને મારો આત્મા અનુરાગના અનંત સૂરમાં પ્રકટ થયા કર્યો છે !

જીવનનો પાવન પ્રવાહ હવે તમારાં જ ચરણોમાં શાંતિ શોધે છે; તમારા સહવાસની કામના કરે છે. તમારા અનંત ઐશ્વર્યને હવે ખુલ્લું કરી દો, ને મારા જીવનને તમારા વિશાળ વૈભવનું અંગ બનાવી દો.

* * * * *


* * * * *

## ૨. અંતરની અભિવ્યક્તિ

ન જાણે કેટલી બધી વાર વિચાર કરું છું કે હૃદયને તમારી આગળ ખુલ્લું ના કરું ને મારા ભાવને ગતિના રૂપમાં તમારે ચરણે ધરું; ન જાણે કેટલી બધી વાર વિચાર કરું છું કે મારા પ્રેમ ને કરુણાથી ભરેલા અંતરને કવિતામય ના કરું; પણ મારો વિચાર ટકતો નથી. કોણ જાણે કેમ, પણ મારું હૃદય તમારા પ્રેમની ગંગાજમના બનીને વહેવા જ માંડે છે, ને તમારા ચરણમાં પૂજા ધર્યા જ કરે છે.

કહેવા ખાતર હું કશું કહેતો નથી, ને ગાવા ખાતર ગાતો નથી. જાણું છું પણ ખરો કે તમે અંતર્યામી છો, ને મારા પ્રત્યેક વિચાર ને ભાવને સારી રીતે જાણો છો. છતાં પણ મારા દિલની દિલરૂબા પર પ્રકટેલું સંગીત સહજ રીતે જ છૂટી જાય છે : મારું હૃદય તમારી આગળ એક નહિ અનેકવાર ખુલ્લું થઈ જાય છે.

ને તમે જ કહોને, તમારા વિના આ સંસારમાં મારું કોણ છે ? મારા મનોરથ ને કોડને પૂરા કરવાની તાકાત કોનામાં છે ? કોના પ્રત્યે મને આટલો બધો અનુરાગ છે, ને મારા પ્રત્યે આટલો બધો પ્રેમ પણ તમારા વિના બીજું કોણ રાખે છે ? તમારી આગળ મારા દિલને ખુલ્લું ના કરું તો બીજે ક્યાં કરું ?



* * * * *

* * * * *

## ૩. સેવાની આકાંક્ષા

તમારા ગુણ ને તમારા ગૌરવની ગાથાને સંગીતના સૂરમાં સમાવીને આ સંસારમાં હું સદાયે વહાવ્યા કરું છું. તમારા પ્રેમ ને તમારી કૃપાના કીર્તિભંડારને કવિતામાં ભરીભરીને આ જગતમાં ઠાલવ્યા કરું છું. એથી વધારે હું તમારી શી સેવા કરી શકું ? ને એથી વધારે મારી પાસે છે જ શું - તમે જ કહી બતાવો ને !

જીવન રહે ને શ્વાસ ટકે ત્યાં સુધી ને તે પછી પણ, મારા પદોમાં તમારા પ્રેમને ઠાલવતો રહું ને કવિતામાં તમારી કૃતજ્ઞતાને કહેતો જઉં, એવો આશીર્વાદ તમે આપ્યા કરજો. હે અંતર્યામી, મારી કલમ દ્વારા તમને વધારે મહિમાવાન ને અમર બનાવી દઉં.

ને મારા જીવનને પણ તમારા પ્રેમના પ્રતીક જેવું કરી દઉં. તમારી કૃપાના જીવંત નમૂના જેવું બનાવી દઉં, એવો આશીર્વાદ આપજો. હે અંતર્યામી, એ રીતે તમારા મહિમાને વધારે મોંઘેરો બનાવી દઉં!

* * * * *

* * * * *

## ૪. છંદોનો મર્મ

તમારા વિના બીજું મને કોણ સમજે ? મારા હૃદયને સારી રીતે સમજવાની તાકાત જ બીજા કોનામાં છે ? એક તમે મારા હૃદયને પૂરેપૂરું જાણો છે, ને તમે જ તેના રૂપરસને બરાબર માણો છો. મારી ઊર્મિ ને મારી ભાવના, મારા આદર્શ ને મારા વિચાર; મારી આશા, મહત્વકાંક્ષા ને મારા ઉમંગ; તમારા વિના બીજું કોઈયે જાણી, પ્રમાણી કે સમજી શકે તેમ નથી. તેની કિંમત કોઈ જ કરી શકે તેમ નથી. એ શક્તિ ને એ વિશેષતા કેવળ તમારામાં જ છે. તમે મારા પ્રાણના પ્રત્યેક સ્પંદન ને પરમાણુને જાણો છે, ને મારા હૃદયના રણકાર ને છાતીના ધડકારની ગતિવિધિને સમજી શકો છો.

માટે જ તમારી પાસે મારા હૈયાને વહેતું મૂકું છું, ને પ્રાણને છંદોના રૂપમાં પ્રકટ કરી તમારા ચરણોમાં મારા સર્વસ્વનું સમર્પણ કરું છું. છંદની રચના મારે માટે અંતરની અભિવ્યક્તિની સાધના થઈ પડી છે.

* * * * *


* * * * *

## ૫. સ્નેહનું સ્મારક

આપણા પ્રેમના પ્રારંભ ને પરિપાકરૂપે પ્રકટ થયેલા સંગીતના આ સૂર સંસારમાં સદાને માટે અમર રહેશે. સૂર્ય, ચંદ્ર, પાણી, પવન ને પૃથ્વી રહેશે ત્યાં સુધી ને તે પછી પણ, પોતાના પરિમલથી તે પૃથ્વીને પાવન કર્યા કરશે. આપણા પ્રેમના પ્રારંભ ને પરિપાકરૂપે પ્રકટ થયેલા સંગીતના આ સૂર સદાને માટે અમર રહેશે.

જડને તે જીવન દેશે ને સંતપ્તને શાંતિ. નિરાશને આશા ને મ્લાન થયેલાંને કાંતિ. રડનારાંને હસાવશે, ને પથભ્રાંતને પથનું દર્શન કરાવશે. પૃથ્વીના અણુ ને પરમાણુમાં ફરી વળનારું આપણા સ્નેહનું સંગીત યુગો ને કલ્પો સુધી આ સંસારને શાંતિ, સમૃદ્ધિ ને સુવાસનું દાન કર્યા કરશે ને અમરતાનો માર્ગ બતાવશે.

આપણા સ્નેહનું આથી વધારે સુંદર સ્મારક બીજું કયું હોઈ શકે ? આથી વિશેષ મંગલ, અમૃતમય ને વાસ્તવિક સ્મારક આપણી જાતને બાદ કરીએ તો, બીજું કાંઈયે ના કરી શકાય. કરોડો રૂપિયા ને ઈન્દ્ર તથા કુબેરના ભંડારથી પણ આવું સ્મારક ના રચી શકાય. એ અમર રહે એમ અંતરના ઊંડાણમાંથી ઈચ્છું છું.



* * * * *

* * * * *

## ૬. તંતુવાદન

ભગવાનની અંગુલિનો લગીર જેટલો સ્પર્શ થવાથી ભક્તનું હૈયું હાલી ઉઠ્યું, ને તેણે ગાયું : પ્રભુ, તમારા સુધામય સ્પર્શે મારું સર્વસ્વ નાચી ઉઠ્યું છે. મારા રોમેરોમમાં જાણે કે તંતુવાદન શરૂ થયું છે. કેટલો આહ્લાદક ને અમૃતમય છે તમારો સ્પર્શ ! એને આજે અચાનક ને અલ્પરૂપમાં પામીને મારું સારુંયે જીવન ઝંકૃત થઈ ગયું છે, મારી નાડીનું નૂપુર વાગી ઉઠ્યું છે.

પ્રભુએ સ્વપ્નમાં બીજી વાર પ્રકટ થઈને તેને કહ્યું : પ્યારા પ્રેમી, હજી તો પાશેરામાં પહેલી પૂણી છે, ત્યાં જ તારા જીવનમાં તંતુવાદન શરૂ થયું છે, ને તારું તનમન આમ ઉત્સવમય બન્યું છે, તો આગળ પર શું થશે ? સ્વપ્નના અનુભવનો આનંદ આટલો અનેરો છે, ત્યારે તારી સામે સાક્ષાત રીતે પ્રકટ થઈને હું તને આશીર્વાદ ને આલિંગન આપીશ, ત્યારે તારી દશા કેવી અનેરી થશે ?

ત્યારે મને સહજ સમાધિ થશે, મારા પ્રભુ!, ભક્તે કહ્યું : ત્યારે ખરેખર મારા જીવનમાં અખંડ આનંદનો આવિર્ભાવ થશે. તમારી દૃષ્ટિના સંગમથી થનારું એ તંતુવાદન ખૂબખૂબ અનેરું હશે. એની જ હું રાહ જોઈ રહ્યો છું.

* * * * *

* * * * *

## ૭. પાપનો પ્રકાશ

મહિલા મંડળના કાર્યકર બહેન પોતાના કામમાં અત્યંત કુશળ મનાતા. સ્ત્રીઓના પ્રશ્નોમાં તે ખાસ રસ લેતા. તે વિશે વ્યાખ્યાનો કરતાં, યોજના બનાવતાં, ને લેખ પણ લખતાં. શહેરમાં તેમની સુવાસ સારી પેઠે પ્રસરી ચૂકી હતી.

એકવાર તેમની સંસ્થામાં એક યુવાન સ્ત્રીએ પ્રવેશ કર્યો. ધીરે ધીરે તે સ્ત્રીની આપવીતીથી તે માહિતગાર થયાં. ત્યારે તેમને ખૂબ અજાયબી થઈ. સ્ત્રીની ઉંમર હજી નાની હતી, ને લોકોમાં પંકાતા એક સંતપુરુષની શરીરસુખની લાલસાની તે ભોગ બની હતી. કાર્યકર બહેનને જાણવા મળ્યું કે એવી તો અનેક યુવાન બાળાઓને તે સંતપુરુષે ફસાવી હતી.

પરિવ્રાજક જીવન જીવતા એ સંતપુરુષ એકવાર એ જ શહેરમાં આવી પહોંચ્યા, ત્યારે પેલી સ્ત્રીની સાથે તે કાર્યકર બહેને તેમની મુલાકાત લીધી. સંતપુરુષે એકાએક વાત નીકળતા તેમની આગળ પોતાના અપરાધોનો એકરાર કર્યો, ને બાકીના જીવનને પવિત્ર બનાવવાની પ્રતિજ્ઞા લીધી. પણ કાર્યકર બહેનને તેટલાથી સંતોષ ના થયો. બીજે દિવસે પોતાની મિત્રમંડળી સાથે તેમણે સંતની મુલાકાત લીધી ને સૌની હાજરીમાં તેમનાં પાપને ખુલ્લાં કર્યાં. વધુમાં એક કાગળ પર પાપનો હિસાબ લખી નીચે પેલા સંતપુરુષની સહી પણ તેમણે લઈ લીધી. મંડળીમાંની કેટલીક બહેનો પોતાના ભૂલભરેલા ભૂતકાળને યાદ કરીને ત્યારે ચોરીછૂપીથી રડી પડી.

નિવેદનપત્ર પર પશ્ચાતાપની સરિતામાં સ્નાન કરી ચૂકેલા સંતપુરુષની સહી કરાવી મહિલા મંડળના બહેન ઉભાં થયાં. પોતાની બહેનપણીની વિદાય લેતાં તેમણે કહેવા માંડ્યું, એક અગત્યના કામ માટે મારે વહેલામાં વહેલી તકે જવું પડે તેમ છે, લગભગ બે કલાકમાં પાછી આવી પહોંચીશ. ને તે બહેન મોટરમાં બેસીને વિદાય થયાં.

પ્રેમાળ પતિને નાપસંદ કરી ચૂકેલાં તે બહેન રોજનાં નિયમ મુજબ મોટરમાંથી ઉતરીને પોતાના યારના ઘરમાં દાખલ થયાં તેની કોઈને પણ ખબર ના પડી. માત્ર આકાશના તારા એ વાતના સાક્ષી બનીને મંદમંદ હસી રહ્યા.

* * * * *

* * * * *

## ૮. માનવીની ક્ષુલ્લકતા

એક પ્રખ્યાત પુણ્યશાળીને એક પ્રખર પાપીનો પરિચય થઈ ગયો. પુણ્યશાળીના પ્રભાવથી પાપીનું હૃદય પીગળ્યું, ને તેમાં પશ્ચાતાપનો પાવક પ્રજ્વલિત થઈ ગયો. પાપીને નવા જીવનની દીક્ષા મળી, ને તેણે ભૂલેચૂકે પણ પાપ ના કરવાનો નિશ્ચય કર્યો.

પુણ્યશાળીને તેથી અપાર આનંદ થયો. પણ તેને જરા પુણ્યનો અહંકાર હતો. તેથી તેણે પાપીનાં પાપ જાહેર કરવાનો નિશ્ચય કર્યો. પાપીના નામ ઠામ ને ફોટા સાથે તેણે એક પુસ્તક પ્રકાશિત કર્યું ને તેમાં પાપીનાં પાપનો પૂરેપૂરો પ્રકાશ કર્યો. લોકો એ વાંચીને હાલી ઉઠ્યા ને ચૌટે ને ચકલે વાતે વળગ્યા. પુણ્યશાળીને એ જોઈને અત્યંત આનંદ થયો.

એવામાં તેને એક સ્વપ્ન આવ્યું. તેમાં પ્રભુએ અદૃશ્ય રહીને જાણે કે તેને કહેવા માંડ્યું : ‘ભાઈ, પાપીએ પાપનો પશ્ચાતાપ કર્યો એ શું તારા સંતોષ ને સમાધાન માટે પૂરતું ન હતું ? તેના પોતાના ઉદ્ધારની જો તને ઈચ્છા હતી તો તેને માટે પણ તેટલું પૂરતું ન હતું ? તેટલાથી મેં તેને માફ કર્યો ને મારો પ્યારો બનાવી દીધો. પણ અફસોસ છે કે તું મારાથી પણ આગળ વધી ગયો ને તેને જાહેરમાં વગોવવામાં તને આનંદ આવ્યો. હું તને મહાન માનતો હતો, પણ તું છેક જ ક્ષુલ્લક નીકળ્યો.’

* * * * *

* * * * *

## ૯. વાણીનું વેદાંત

એક મોટા સંન્યાસીએ એક મહાત્મા પુરુષની મુલાકાત લીધી. મહાત્મા પુરુષે કહ્યું : ‘પ્રભુ, તમારા દર્શનથી બહુ જ આનંદ થયો. સંતોમાં તો પ્રભુનો પ્રકાશ વિશેષ પ્રમાણમાં પથરાયેલો છે.’

સંન્યાસીને જ્ઞાનનો ઘમંડ હતો. તે ચર્ચાનો વિષય શોધતો જ હતો. આ અચાનક આવી પડેલા પ્રસંગથી તે તુરત ટટ્ટાર થયો ને કહેવા માંડ્યો ‘એમ કેમ કહો છો ? પરમાત્માનો પ્રકાશ કાંઈ સંતોમાં જ ફેલાયેલો છે એવું થોડું છે ? એ તો સૌમાં પથરાયેલો છે. પરમાત્મા તો સૌમાં સમાનરૂપે રહેલા છે.’

‘પણ સંતોમાં તે પ્રકાશ વધારે પ્રકટ થયેલો દેખાય છે.’ મહાત્મા પુરુષે ઉત્તર આપ્યો : ‘એટલે સંતોના દર્શનથી આનંદ થાય છે, ને સંતો માનનીય મનાય છે.’

પણ સંન્યાસીને ગળે તે વાત ના ઉતરી. તેણે પોતાની ચર્ચા ચાલુ જ રાખી. મહાત્મા પુરુષે મૌન રાખ્યું.

એટલામાં તો સંન્યાસીના ત્રણેક ભક્તો ત્યાં આવી પહોંચ્યા. મહારાજની સામે બેસીને મસ્તક નમાવીને તેમણે પ્રણામ કર્યા. તેથી સંન્યાસીનું મુખ પ્રફુલ્લિત થઈ રહ્યું. મહાત્મા પુરુષ ને એકઠા થયેલા લોકો એ બધું જોઈ જ રહ્યા.

* * * * *

* * * * *

## ૧૦. બ્રહ્મચર્યનું રહસ્ય

અમાસની અંધારી રાતે એક યુવતીએ મારા આશ્રમની મુલાકાત લીધી. મારા ચરણમાં ફુલની માળા અર્પણ કરીને તે મસ્તક નમાવીને મારી પાસે બેસી રહી ને પછી વાતે વળગી. અમાસની અંધારી રાતે એક યુવતીએ મારા આશ્રમની મુલાકાત લીધી.

મઢુલીના દીપકના પ્રકાશમાં મેં તેનું મુખ જોયું તો તેની સુંદરતા જોઈને મને નવાઈ લાગી. મધુરતાની મૂર્તિ જેવી તે યુવતી અત્યંત મંગલમય હતી.

પણ એટલામાં તો આખોયે પ્રસંગ પલટાઈ ગયો. ઝડપથી ઉઠીને તેણે મને આલિંગન આપ્યું ને મારી સામે જોઈને કહેવા માંડ્યું : 'મારા પ્રભુ, બીજાને ગમે તે લાગે, મને તો તમારામાં મારા પ્રકાશ ને મારી પ્રેરણાનું દર્શન થઈ રહ્યું છે.' - ને તે વિદાય થઈ.

બીજે દિવસે વાત નગરમાં ફેલાઈ ગઈ. ત્યારે લોકોએ મોં મચકોડ્યું. કેટલાક મારી પાસે આવીને પૂછવા માંડ્યા : 'ત્યારે તમારા બ્રહ્મચર્યનું શું ?'

'બ્રહ્મચર્ય મારી સાથે જ છે.' મેં ઉત્તર આપ્યો : 'મારું મન બ્રહ્મમાં જ રાચ્યા કરે છે. એ મારા બ્રહ્મચર્યનું રહસ્ય છે.'

પણ વિચારોના વારસાગત વમળમાં અટવાઈ રહેલા લોકોને મારી વાત સમજાઈ નહિ. આજે પણ સમજાય છે કે કેમ, તેની મને ખબર નથી.

* * * * *

* * * * *

## ૧૧. અજબ દૃશ્ય

આજે મેં એક અજબ દૃશ્ય જોયું.

શહેરના વિશાળ બગીચામાં લીલાછમ ઘાસ પર એક યુવાન બેઠો હતો. તેની પાસે આવીને પ્રેમના ઉન્માદમાં એક સુકુમારી તેના અંગને અઢેલીને બેસી ગઈ. કુમારી તેની પરિચિત હતી. તેને ખાત્રી હતી કે યુવાન તેના પ્રેમનો સ્વીકાર જરૂર કરશે.

પણ યુવાન તો હાલ્યો પણ નહિ. પોતાની બેઠક પર બેસી રહીને તેણે કહેવા માંડ્યું : 'માતા, તારા જેવી કેટલીય કુમારીઓમાં વિશ્વની માતાનું દર્શન કરીને મારે કૃતાર્થ થવું છે. તારા જેવી કેટલીય કુમારીઓના સ્પર્શમાં મારે વિશ્વની માતાના સ્પર્શનો અનુભવ કરવો છે. એટલે મને તારો કે કોઈનો ભય નથી.'

ને યુવાને તે કુમારીની ચરણરજને મસ્તક પર ચઢાવી ત્યારે કુમારી હતી જ નહિ, બગીચામાં આરામ કરતો પવન હાલી ઉઠ્યો; તેથી પાસેની વલ્લરી પણ કંપી ઉઠી.

* * * * *



* * * * *

## ૧૨. સાગરનું જીવન


સ્વપ્નમાં મને સાગરનું દર્શન થયું.

મેં તેને પૂછ્યું તો તેણે મને ઉત્તર આપ્યો : ‘વેદના મારી માતા છે ને રુદન મારો પિતા. સંયમ મારું હૃદય છે. તેને લીધે જ હું જીવી શકું છું.’

મેં કહ્યું : ‘એવા જીવનમાં આનંદ શો ? આંસુની અંદર અટવાઈ જાય ને વેદનાથી જેનો પ્રાણ વલોવાઈ જાય, એ જીવનમાં આનંદ શો ?’

તેણે કહ્યું : ‘શાંતિ ને સમતા મારો પ્રાણ છે. ઈશ્વરની એ મહાન બક્ષીસ છે. તેને લીધે હું બીજાને ઉપયોગી થઈ શકું છું, ને જીવનની ધન્યતા માણ્યા કરું છું.’

- ત્યારે મને તેના જીવનમાં વિશેષતા લાગી ને રસ પડ્યો. ત્યારથી મને સાગરનો સહવાસ અત્યંત સુખમય લાગ્યા કરે છે.



* * * * *

* * * * *

## ૧૩. સાગરનો સંદેશ

તારા જીવનની ખારાશને હૃદયમાં સમાવી રાખીને બીજાને તું અમી આપી શકે તો ? એ કળામાં કુશળ થવું ને છતાંયે નમ્રાતિનમ્ર થવું તને ગમે છે ?

સાગરે મને સંદેશ આપ્યો, ને મેં તેનો સાભાર સ્વીકાર કરતાં તેને હા કહી.

ત્યારથી સાગરનો એ સંદેશ મારા જીવનનો મૂળ મંત્ર બની ગયો છે.

* * * * *

* * * * *

## ૧૪. પ્રેરણા

સૂર્યના કિરણો જેવી રીતે ગરીબ ને અમીરના આવાસ પર પોતાનો પ્રકાશ પાથરે છે, તેવી રીતે તું પણ ભેદભાવ ભૂલી જઈને નાના ને મોટા સૌના પર તારા પ્રેમના કિરણ રેલાવી દે; સૌની સેવામાં તારું જીવનધન અર્પી દે.

ફૂલની ફોરમ જેવી રીતે ફૂલવાડીમાં બધે જ ફેલાઈ જાય છે ને ઉત્તર, દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમમાં સરખી સંપત્તિનું દાન કરે છે, તેવી રીતે તારા જીવનની સુવાસને સંસારમાં બધે જ ફેલાવી દે; સૌની સેવામાં તારા જીવનધનને અર્પી દે.

નદી ને વૃક્ષો જેમ પોતાની અખંડ આરાધનામાં મગ્ન છે, ને છતાં સૌને માટે આશીર્વાદરૂપ છે, તેમ અંદરની આરાધનાની સનાતન સમાધિમાં ડૂબી જઈને તું બીજાને માટે આશીર્વાદરૂપ બની લે; સૌની સેવામાં તારા જીવનધનને અર્પી દે.

વરસાદ વરસીને વિદાય થાય છે, પણ અવનીને નવો અવતાર આપી પોતાની પાછળ પોતાનું અમર સ્મારક મૂકી જાય છે, તેમ કોઈને માટે અમૃતમય બનીને સંસારમાં તારી સ્મૃતિ મૂકી દે; સૌની સેવામાં તારા જીવનધનને અર્પી દે.

* * * * *

* * * * *

## ૧૫. વિશ્વાસનો વિજય

શહેરના એકાંત ઉદ્યાનમાં એક સંતપુરુષનું આગમન થયું. ભક્તો ને જિજ્ઞાસુઓ તેમના દર્શને આવવા લાગ્યા. દુઃખી દુઃખ દૂર કરવાને ને પાપી પુણ્યશાળી થવા એ મહાપુરુષની પાસે પહોંચીને પ્રતિજ્ઞા કરવા ને આશીર્વાદ મેળવવા લાગ્યા.

ઉદ્યાનની પાસેના માર્ગ પર એક સ્ત્રીનું મકાન હતું. તે સ્ત્રી આ બધું જોયા કરતી. સંતપુરુષોના દર્શને જવાની તેને ભાગ્યે જ ટેવ હતી, એટલે તે નાસ્તિક તરીકે પ્રખ્યાત હતી. એક સવારે તે પણ એ મહાપુરુષના દર્શને નીકળી પડી. ત્યાં જઈને તેણે પ્રણામ કર્યા ને બેઠક લીધી. તેને કોઈ જિજ્ઞાસા ન હતી કે પાપનો તાપ પણ તેને તપાવતો ન હતો. થોડીવાર બેસીને તે મહાપુરુષના ચરણ પાસે પડેલા ફૂલના ઢગલામાંથી એક ફૂલ લઈને વિદાય થઈ.

ઉદ્યાનની બહાર જઈને તેણે તે ફૂલ પોતાની છાતી સાથે દબાવી દીધું. તેની આંખમાં આંસુ હતા.

વાતવાતમાં ઉશ્કેરાઈને ગભરાઈ જનારી ને અસાધ્ય રોગનો ભોગ બનેલી તે સ્ત્રી એ દિવસથી તદ્દન નિરોગી થઈ ગઈ એ જોઈને સૌ કોઈને નવાઈ લાગી. આજે પણ તે જીવે છે.

* * * * *

* * * * *

## ૧૬. ભક્તની ભાવના

તમારાં ચરણમાં મસ્તક મૂકવા ન જાણે કેટલીય વાર હું તમારી પાસે આવું છું ને તમને જોઈને મનોમન વંદન કરું છું, પણ પ્રત્યેક વખતે મારા પગ પાછા પડે છે.

હાય, તમારી ચરણરજને લેવા આગળ વધી શકતો નથી. અંતરના ઊંડાણમાંથી અવાજ આવે છે કે અરે, આ ચરણરજને માટે હું લાયક છું ? આ પરમ પુનિત ને મંગલમય ચરણકમળને સ્પર્શ કરીને અમંગળ કરવાની ધૃષ્ટતા હું શા માટે કરું છું ? ને પ્રત્યેક વખતે મારા પગ પાછા પડે છે.

ખરેખર હું દીન છું, હીન છું, ને પતિત છું. તમારી કૃપા માટે હજી હું લાયક નથી. તમારા ચરણોને હું કેવી રીતે સ્પર્શી શકું ને આંસુની અનંત ધારાથી તેને ભીંજવીને પલાળી પણ કેવી રીતે શકું ? તેની લાયકાત જ મારામાં ક્યાં છે ?

ભક્તની ભાવના એવી હતી, પરંતુ ભગવાને તેને ઓળખી તેની સામે સ્વપ્નમાં પ્રકટ થઈને કહેવા માંડ્યું : મારા પ્રાણ, દીન ને હીનને માટે મારું હૃદય દ્રવી જાય છે. જે પતિતપણાનો અનુભવ કરે છે, તેમને માટે મારા મંદિરમાં પ્રથમ સ્થાન છે; પુણ્યનું જેમને અભિમાન છે તેમને માટે નહિ.

ને તેના મસ્તક પર હાથ મૂકી પ્રભુએ તેને આશીર્વાદ આપ્યો, ત્યારે એની આંખમાંથી કરુણાની કવિતા નીકળી પડી. એણે પ્રભુના ખોળાને ભીનો કર્યો, ને તેમના ચરણ જાણે ચંદનઅર્ચિત કરી દીધાં. ભક્તની ભાવના સફળ થઈ.

* * * * *

* * * * *

## ૧૭. વાણી ને વિચાર

ભારત સેવા સમાજના એક કાર્યકર્તાએ પ્રાર્થના પછીના પ્રવચનમાં કહેવા માંડ્યું કે વ્યક્તિ એ સમષ્ટિનું અંગ છે. ઘણી વ્યક્તિ મળીને એક સમષ્ટિ બને છે. માટે સમષ્ટિને સમૃદ્ધ, સ્થિર ને શક્તિશાળી બનાવવા વ્યક્તિએ પોતાની જાતને શુદ્ધ, સ્થિર ને શક્તિશાળી બનાવવી જોઈએ. વ્યક્તિએ પોતાની સુધારણા કરવી જોઈએ. કેમ કે જેણે પોતાની જ સુધારણા કરી નથી તે બીજાની શું કરશે ?

શ્રોતાજનોને તે દિવસે અપાર આનંદ થયો.

બે-ચાર દિવસ પછી એ કાર્યકર્તાએ એક એકાંતપ્રેમી મહાપુરુષની મુલાકાત લીધી. તેની સાથે કેટલીક વાતચીત કર્યા પછી તેણે અચાનક કહેવા માંડ્યું : તમે અહીં રહીને સમાજની શી સેવા કરી શકો ? અમારી જેમ તમારે સમાજની વચ્ચે વસવાની ને વિચરવાની જરૂર છે. તમે સાધના સારી કરો છો, પણ એ તો પોતાના હિતની સાધના થઈને ? એમાં સમાજનું હિત શું ?

તે મહાપુરુષ તેના તરફ થોડીવાર તો તાકી રહ્યા. થોડા દિવસ પહેલાંનું તેનું પ્રાર્થના પ્રવચન તેમણે કોઈ મુલાકાતીની મારફત સાંભળ્યું હતું. તે તેમની નજર આગળ તરવરવા લાગ્યું.

* * * * *

* * * * *


## ૧૮. સ્નેહનો સંકલ્પ

તમારા મહિમાનું જયગાન સાંભળીને મેં તો મનમાં સંકલ્પ કરી લીધો છે કે તમારા વિના કોઈનુંયે શરણ ના લેવું : અંતરના અંતરતમમાંથી તમને જ પ્રેમ કરવો ને તમારા જ રાગે રંગાઈ જવું. જીવનનું પાવન પ્રભાત પ્રકટ્યું ત્યારથી જ મેં તો નિર્ણય કર્યો છે.

તમને હૃદય દેવું ને તમારી જ આરાધના કરવી. તમારા વિના કોઈ બીજાને ભજવું કે રટવું નહિ. દિન રાત એક તમારી જ આરતી આંખ ને અંતરમાં ઉતાર્યા કરવી, એવો મેં તો સંકલ્પ કર્યો છે. જીવનના અરુણોદયથી જ સંકલ્પ કર્યો છે.

આવો ઉત્તમ અવસર મળ્યો છે તો તમને જ વરી લેવું એવો મેં નિર્ણય કર્યો છે; તમારા સુધામય સ્વરૂપને એક વાર જોતાંવેંત જ નિર્ણય કર્યો છે.

મારો સંકલ્પ કદિ તૂટે નહિ, આપણો પ્રેમ કદિ છૂટે નહિ, એનું ધ્યાન રાખજો. મને તમારો પોતાનો સમજીને ધ્યાન રાખજો.



* * * * *

* * * * *

## ૧૯. આંખનો મેળાપ

તમારી આંખો મારી આંખમાં મળે છે ત્યારે હું કેમ કરીને કહી બતાવું કે મારા હૈયાને કેવી ટાઢક વળે છે ! અશાંતિના રહ્યાસહ્યા અંકુરનો પણ અંત આવે છે, ને વેદનાનો ભારેલો અગ્નિ શમી જાય છે.

તમારી આંખ મારી આંખમાં મળે છે ત્યારે હું કેમ કરીને કહી બતાવું કે મારા અંતરને કેટલો આનંદ થાય છે ને કેટલી શાંતિ મળે છે ! હૃદય રાગથી રંગાઈને સંગીતની સહસ્ત્રધારામાં પ્રવાહિત થઈને વહેવા માંડે છે, ને મારું તન, મન ને અંતર જાણે કે ઉછાળા મારે છે.

મારી બધી જ શંકાનું સમાધાન થઈ જાય છે, સૂધબૂધ ભૂલાઈ જાય છે, ને સહજ સમાધિ થતાં મને તપ, યજ્ઞ, તીરથ ને વ્રતનું ફળ મળી જાય છે. તમને કેવી રીતે કહી બતાવું કે મારે કેટલો ઉત્સવ થાય છે !

તમારી આંખમાં આંખનો સંગમ કરીને દિવસો, મહિમા, વરસો ને યુગો સુધી બેસી રહું એવી મને ઈચ્છા થાય છે. તમારી આંખમાં આંખનો સંગમ કરીને બેસી રહું એવી મને ઈચ્છા થાય છે.

* * * * *

* * * * *



## ૨૦. ભૂલી જાઉં છું

જગતના તુચ્છકાર સહન કરીને તારી પાસે આવું છું, ને તારો મધુર મીઠો દૃષ્ટિપાત મળે છે ત્યાં જ હું મારૂં દુઃખ ભૂલી જાઉં છું.

આપત્તિ ને સંકટથી મુંઝાવું છું; પણ આખરે તારી પાસે આવું છું ને તારા શરીરની સુવાસ લઉં છું ત્યારે હું મારૂં બધુંયે દુઃખ ભૂલી જાઉં છું.

મારે માટે આ નશ્વર જગતમાં કોઈ સ્થાન નથી, આરામ માટે છાંય પણ નથી. પણ તારી પાસે આવું છું ને તારો કોમળ કર મારી કાયા પર પડે છે ત્યાં હું બધું જ ભૂલી જાઉં છું ને શાંતિ અનુભવું છું.

ને તારે ખોળે મસ્તક મૂકીને પ્રેમનાં પુષ્પો પાથરવાનો લહાવ લઉં છું ત્યારે તો હું બધું જ ભૂલી જઉં છું; રસ ને રંગ, સ્થિતિ ને કાળ સર્વથી પર થાઉં છું !

* * * * *



* * * * *

## ૨૧. આંખ મિચામણાં નહિ કરું

મિથ્યા મિથ્યાની ફિલસૂફીથી મોહાઈને પ્રેમાળ જીવોના પ્રેમની હું અવગણના નહિ કરું ને તેમના પ્રેમને મિથ્યા પણ નહિ ગણું. સાચું કહું છું કે હું તેમના તરફ આંખ મિચામણાં નહિ કરું.

બધું વિનાશી છે, માયામય છે, ચંચળ છે - વિચારોના એવા વમળમાં અટવાઇ જઇને કરુણા, મધુરતા ને સુંદરતાથી છલકાતા જીવોની હું અવગણના નહિ કરું, ને તેમની મધુરતા, કરુણા ને સુંદરતા મિથ્યા નહિ કહું. સાચું કહું છું કે તેમના તરફ આંખ મિચામણાં નહિ કરું.

સંસાર સ્વાર્થમય છે, ચાર દિવસની ચાદરણી જેવો છે, એમ માનીને હું તેમાં જે સાર છે ને જે સ્વાદ છે, તેની અવગણના નહિ કરું ને તેના સારને, સુધામય સ્વાદને મિથ્યા પણ નહિ ગણું. સાચું કહું છું કે તેના તરફ આંખ મિચામણાં નહિ કરું.

મરણ, નરક, યમદંડ કે બીજા કોઈનાય ભયથી ભયભીત થઈને તમારા જ સ્વરૂપ જેવા આ સંસારમાં ઠેરઠેર તમારું દર્શન કરવાનું હું નહિ ચૂકું. તેને મિથ્યા માનીને હું નહિ અવગણું. સાચું કહું છું કે તેના તરફ આંખ મિચામણાં નહિ કરું.

* * * * *

* * * * *

## ૨૨. કમળની યાદ

વનમાં વિહાર કરતાં પ્રભાતના પ્રથમ પ્રહરમાં મેં એક કમળ જોયું. સુંદરતા ને સુવાસના સદનસમું એ કમળ કેટલું બધું આકર્ષક અને અનેરું હતું ! કાદવની અંદર ઉત્પન્ન થયેલું છતાં કાદવની કાલિમાથી અલિપ્ત એ કમળ મારા સ્મૃતિપટ પર સદાને માટે જડાઈ ગયું છે.

આજે તેનું સ્મરણ થાય છે ત્યારે સહજ રીતે જ મને તમારી યાદ આવે છે. તમારી શોભા, સુંદરતા ને સુવાસ પણ કેટલી અનુપમ છે ? ખરી રીતે તો સંસારની સમસ્ત શોભા તમારી અંદરથી પ્રકટ થઈ હોય તેમ લાગે છે.

સંસારના કાદવમાં પ્રકટેલાં ને કિલ્લોલ કરી રહેલા તમે કોઈક કમલિની છો. શો તમારો પ્રેમ, શું તમારું આકર્ષણ ને શી તમારી શોભા !

કમળની અંદર કમળ કદી થતું નથી. પણ તમારી કાયાના કમળમાં બીજાં અનેક કમળ ઉગી નીકળ્યાં છે. ખરેખર તમારી અલૌકિકતા અનેરી છે.

તમારી સુવાસથી મને પણ સુવાસિત કરો કે જેથી સંસારની કાલિમાથી કાયમને માટે મુક્ત રહીને હું મારી શોભાને સાચવી શકું ને આ સંસારને છે તેથી પણ વધારે સુશોભિત ને સુવાસિત કરું. એવો આશીર્વાદ મને આપી દો.

* * * * *

* * * * *

## ૨૩. એકાદશી વ્રત

અગિયાર બારણાંને બંધ કરીને શરીરની અંદર વિરાજેલા મહાદેવનું મેં દર્શન કર્યું છે, એટલે મારું એકાદશી વ્રત પૂરું થયું છે. અગિયાર બારણાંને બંધ કરીને શરીરની અંદર વિરાજેલા મહાદેવનું મેં દર્શન કર્યું છે.

શરીરને છોડ્યા પછી સાંપડનારા વૈંકુઠની મને તૃષ્ણા નથી. શરીરની હયાતિમાં જ મારો કાયમ માટે વૈંકુઠમાં વાસ થયો છે.

એકાદશી વ્રતનો ખરો આનંદ અનુભવવો હોય તો તું પણ તેમ કરી તારી અંદર ને બહાર રહેલા પ્રિયતમ પરમાત્માનું દર્શન કર, મનને નિર્મળ કરીને તેને પરમાત્માનાં ચરણોમાં ધર, તન ને મનનાં બારણાં બંધ કરીને તારી સુરતાને તેમાં સ્થિર કર. હે સાધક, એકાદશી વ્રતનો ખરો આનંદ અનુભવવો હોય તો તું પણ તેમ કર.

* * * * *



* * * * *

## ૨૪. એવી કૃપા કરી દો

મારી આંખ એક તમને જ જુએ, ને તમારા વિના બીજા કોઈનેય જોવાની શક્તિ તેનામાં ના રહે, એવી કૃપા કરી દો. હે અતર્યામી, એવી કૃપા કરી દો.

મારા કાન એક તમારા જ સુમધુર સંગીતને સાંભળ્યા કરે, ને તે વિના બીજું કાંઈયે સાંભળવાની શક્તિ તેમનામાં ના રહે, એવી કૃપા કરી દો. હે દેવ, એવી કૃપા કરી દો.

મારું મન એક તમારું જ ચિંતન ને મનન કર્યા કરે, ને તમારા વિના બીજા કોઈનુંયે ચિંતન મનન કરવાની શક્તિ તેનામાં ના રહે, એવી કૃપા કરી દો. હે દેવ, એવી કૃપા કરી દો.

મારું હૃદય એક તમારા જ રાગે રંગાઈ જાય, ને તમારા વિના બીજા કોઈનાય રાગે ના રંગાય, એવી કૃપા કરી દો. હે રસેશ્વર, એવી કૃપા કરી દો.

વધારે શું કહું ? મારા કથનનો સાર એટલો જ છે કે મારું તન, મન ને અંતર એકમાત્ર તમારું જ બની રહે, એક માત્ર તમારી જ અખંડ આરાધનાની સફળ સામગ્રી બની રહે, એવી કૃપા કરી દો. હે અંતર્યામી, એવી કૃપા કરી દો.

* * * * *

* * * * *

## ૨૫. પ્રેમની પ્રાર્થના

તમે મારા મસ્તક પર હાથ મૂકીને મારા તન ને મનને પુલકિત ને પાવન કરી દો એ દિનની હું પ્રતીક્ષા કરી રહ્યો છું. હે મા, એ દિનની હું પ્રતીક્ષા કરી રહ્યો છું.

મારા શરીર પર તમારો કોમળ કર ફરતો રહે ને મને નવજીવનનું દાન દે, નવો અવતાર આપે, એ પળની પ્રતીક્ષા હું કરી રહ્યો છું. હે મા, એ પળની પ્રતીક્ષા હું કરી રહ્યો છું.

મારી પ્રતીક્ષા ક્યારે પૂરી થશે ને મારા અનુરાગથી અંજાયેલા આત્માને શાંતિ પણ ક્યારે મળશે ? એ દિવસ સાચે જ મારા જીવનનો સોનેરી દિવસ હશે. એ દિવસ વહેલામાં વહેલો ઉગે એવી મારી પ્રાર્થના છે. હે મા, એવી મારી પ્રાર્થના છે.

* * * * *

* * * * *

## ૨૬. પ્રાર્થનાની પૂર્ણાહુતિ

આજે તો તમારા શીતલ સ્પર્શથી મારું તન ને મન પુલકિત ને પ્રફુલ્લ બની ગયું છે, ને મને નવજીવન મળ્યું છે. મારા મસ્તક પર હાથ મૂકીને તમે મારા ચિંતાના ભારને હળવો કર્યો છે, ને મને નવો અવતાર ધર્યો છે.

મારા શરીરે હાથ ફેરવીને તમે મારા અણુએ અણુમાં શાંતિ કરી નાખી છે. હજારો સિતારના કોઈ સુરીલા સૂર ઉઠતા હોય તેમ અંતરમા કોઈક અલૌકિક સંગીત શરૂ થયું છે. ખરેખર મારું જીવન ધન્ય બન્યું છે.

તમારી આ અમૃતમયી આંખ મારી આંખમાં મંડાયેલી જ રહે, ને મને સદાયે સહજ સમાધિનો સ્વાદ ધરે, એવી મારી પ્રાર્થના છે. આ ઉત્તમ અવસર પર મારી તમારા પવિત્ર ચરણોમાં પ્રાર્થના છે.

* * * * *

* * * * *

## ૨૭. સંતનું શરણ

શરણાગત સાધકે સંતના ચરણને પશ્ચાતાપના પાણીથી પલાળતાં કહ્યું : પ્રભુ મારા અપરાધ અપાર છે. તેને લીધે સમાજમાં મારી લગભગ બધે જ નિંદા અને અવહેલના થઈ રહી છે. તમે મારો કેવી રીતે સ્વીકાર કરશો ?

સંતે તેના મસ્તક પર હાથ ફેરવતાં ગળગળા થઈને ઉત્તર આપ્યો : ભૂતકાળમાં શું હતું તે જોઈને હું બેસી રહેતો નથી. વર્તમાન કાળને હું જોઈ રહ્યો છું ને તે જ મારે મન મહત્વનો કાળ છે. માટે મારી પાસે નિર્ભય બની જા. તું મારો થઈ ચુક્યો છે એટલું પૂરતું છું. મારા અંતરમાં તારે માટે પ્રેમ ને અનુકંપા જગાવવા એટલું પૂરતું છે.

સાધકે ધ્રૂસકે ને ધ્રૂસકે રોવા માંડ્યું. આવા જ શાંતિદાતાની મારે જરૂર હતી, તેનું હૃદય બોલી ઉઠ્યું, આવા જ પ્રકાશદાતાને માટે હું વરસોથી પ્રતીક્ષા કરી રહ્યો હતો.

* * * * *



* * * * *

## ૨૮. આશીર્વાદની ખૂબી

મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપતાં સંતે સાધકને કહ્યું : ખબર પડતી નથી કે બીજાને માટે મારા હૃદયમાં આટલો બધો પ્રેમ કેમ ઉત્પન્ન થાય છે !

સાધકની આંખ અચાનક થયેલી એ અમૃતની વર્ષાથી છલકાઈ ગઈ ને તેણે ગદગદ કંઠે ઉત્તર આપ્યો, પ્રભુ તમારા દિલમાં આટલો પ્રેમ નહિ વહે તો પછી મારે માટે આધાર જ ક્યાં રહેશે ? અમારા જેવા પતિતોનો ઉદ્ધાર પછી કોણ કરશે ? પુણ્યશાળી ને પાપી બંને તરફના પ્રેમથી પ્રેરાઈને તો પ્રભુ પોતે પણ અવતાર ધારણ કરે છે; તો તમે આશીર્વાદના રૂપમાં આમ તમારા અંતરની અભિવ્યક્તિ કેમ નહિ કરો ?

બધે જ શાંતિ હતી. ને સૌ સૂઈ રહ્યાં હતાં. ફકત આકાશના તારા આ પ્રસંગના સાક્ષી બનીને હસી રહ્યા હતા.

* * * * *

* * * * *

## ૨૯. પ્રેમનો પ્રભાવ

મારી પાસે સુવર્ણ, મોતી કે ધનના ભંડાર નથી કે તમારે ચરણે ધરી શકું, ને એવો વૈભવ નથી કે જેથી તમને છો તેથી વધારે વૈભવી કરી શકું. મારી પાસે એવું છે જ શું જે તમને આપી શકું ?

રૂપ કે ગુણ પણ નથી જેથી તમને પ્રસન્ન કરી શકું ને વિદ્યા, કળા કે સાધનાયે નથી જેથી તમારી કૃપાના મંગલ મંદિરના શિખર પર પહોંચી શકું. મારી પાસે એવું છે જ શું જે તમને આપી શકું - જેથી તમને પ્રસન્ન ને પુલકિત કરી શકું ?

ને પ્રભુએ પ્રેમીના હૃદયમાં રહીને ધીરેથી કહ્યું : બીજું કાંઈ નથી, પણ આ હૃદય તો છે ને ? પ્રેમનો જ હું ભુખ્યો છું. ને તેથી પ્રસન્ન ને પુલકિત થઈને ક્યારનો હું તારા આ ઉત્તમ આસન પર રમી રહ્યો છું.

* * * * *

* * * * *

## ૩૦. ચાંદની રાતની ભાવના

ચાંદની રાત કેટલી રૂપાળી છે ! તેને જોઈને આજે પણ તમારી યાદ તાજી થાય છે.

એક વખત તો તમે મારી સામે સસ્મિત પ્રકટ થાઓ, પછી આ ઉઘાડા આકાશ નીચે તમારા ચરણમાં મસ્તક મૂકીને ને તમારી આંખમાં આંખ મિલાવીને બેસી રહું. આ તારા ને ચંદ્રને, વૃક્ષો ને વિહંગને, નદીનાં નેહનીતરતાં નીરને ને આ પ્રેમના પાવન સ્પર્શથી પુલકિત થયેલી પૃથ્વીને કહું - અમારા પ્રેમના સાક્ષી તમે રહેજો. આ અપૂર્વ પવિત્ર પ્રેમને અમર રાખજો. જુગોજુગ તેનું જતન કરજો, એક બીજાથી કદી પણ અલગ ના થઈએ, વિખૂટાં ના પડીએ. એકમેકને એક વિપળ માટે પણ વિસરી ના જઈએ, અનંતકાળ લગી આપણા અંતર આ જ રીતે વહાલના વહેણ બનીને વહેતાં રહે, તેમાં ભરતી કે ઓટ ના આવે.

ચાંદની રાત કેટલી રળિયામણી છે ! ત્યારે મારા મનમાં આ મનોરથ જાગે છે, ને તમારા વિના હૃદય રડવા માંડે છે.

* * * * *

* * * * *



## ૩૧. ઝૂંપડી ને મહેલ

મહેલે ઝૂંપડીને કહ્યું : તારી દીનતાનો તે કાંઈ પાર છે ? જો મારું ઐશ્વર્ય, રૂપ, બલ, સુખ ... ને જો તારી જનમજનમની દરિદ્રતા ! મારી પાસે શું તું શોભે છે ?

ઝૂંપડીએ શાંતિથી ઉત્તર આપ્યો : ભાઈ મહેલ, આપણે આજ સુધી ભાઈબેન બનીને જીવ્યાં છીએ. એકમેકના સુખમાં સુખી ને દુઃખમાં દુઃખી હતાં. આજે તને આ અભિમાન ક્યાંથી થયું ? ભાઈ, તારું ઐશ્વર્ય અજોડ છે એ વાત ખરી. પણ મારા વિના તારી કીંમત કોણ કરત ? તારી મહત્તાની ખબર પણ કોને પડત ? મારી એટલી સેવા પણ તું સમજી શકતો નથી તેનો મને અફસોસ છે. વળી તારી દૃષ્ટિ ટૂંકી છે તેનું મને દુઃખ છે. વાત એમ છે કે તારું ને મારું મૂલ કાળની પાસે સરખું જ છે. સંસારને સુશોભિત અને સુવાસિત કરનારા જ્યોતિર્ધરો મારી જ સોડમાં જનમ્યા છે, ને મારા જ હૃદય પર રમીને મોટા થયા છે. તને તેવું સૌભાગ્ય ભાગ્યે જ એકાદ બે વાર મળ્યું છે. પ્રભુના નામના રણકારથી હું સુખી અને વૈભવી જ છું.

એ પછી મોડી રાતે ઝૂંપડીમાં કીર્તન શરૂ થયું ત્યારે મહેલમાં મદિરાપાનની મહેલફિલ ઉડવા માંડી.

બીજે દિવસે ઝૂંપડીમાં એક બાળકનો જન્મ થયો.

એકાદ મહિનામાં તો ભયંકર ધરતીકંપ થયો ને મહેલ ને ઝૂંપડી બંને ધરાશાયી થઈ ગયાં. પણ ઝૂંપડીનું જયગાન કરનારો પેલો બાળક આગળ જતાં પયગંબર બન્યો ને બધે વિચરવા માંડ્યો.

*****

*****

## ૩૨. આભાર

તમે મને કેટકેટલી કવિતાઓ અર્પણ કરી છે ! આ સંસારમાં શ્વાસ લેવાની મેં શરૂઆત કરી ત્યારથી તે આજ સુધી તમે અનેક રૂપે ને અનેક વાર આવીને મારા અંતરને અમીમય કર્યું છે, ને તેમાંથી જાતજાતની ને ભાતભાતની રાગિણી વહેતી મૂકી છે. તમે મને કેટકેટલી કવિતાઓ અર્પણ કરી છે !

સંગીત વિના સાચે જ મારું સર્વ કાંઈ સૂનું ને જીવન નીરસ હોત. ગીતોના રૂપમાં તમે મને એવી તો ભેટ ધરી છે જેનો સ્વાદ કદી શમે નહિ. કાળ એનો કોળિયો ના કરી શકે, ને વ્યાધિ ને વાર્ધક્યથી એની પાસે ફરકી પણ ના શકાય. ગીતોનો રૂપમાં તમે મને એવો ઉત્તમ ઉપહાર ધર્યો છે.

તમારો આભાર હું કેવી રીતે માની શકું ? જીવનને કવિતા કરીને તમારે ચરણે કાયમને માટે અર્પણ કરું છું. તે કવિતાના છંદોમાં મારા પ્રાણને વહેતો મૂકું છું. એથી વિશેષ હું તમારો આભાર કેવી રીતે માની શકું? તમારા તરફની કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કેવી રીતે કરી શકું ?

* * * * *

* * * * *



## ૩૩. પ્રેમની યાદ

તમારો પ્રેમ યાદ આવતાં મારું રોમેરોમ એક પ્રકારના ગાઢ રાગથી રંગાઈ જાય છે, ને અંતરમાં આનંદનો અર્ણવ જાણે ઉછાળા મારે છે.

આંખ આંસુના થાળ બનીને તમારી અખંડ આરાધનાનો આરંભ કરે છે, ને પ્રાણ પોતાના પ્રેમને પુષ્પોની માળામાં પરોવીને તમારે ચરણે ધરે છે. મારા અંગેઅંગમાં એક જાતનું જાદુ ફરી વળે છે.

ઈચ્છા થાય છે .... હાથમાં હાથ લઈ, આંખમાં આંખના અંજનને આંજી દઈ, તમને આલિંગન આપી, દિવસ ને રાત તમારી પાસે બેસી રહું ને તમારી કૃપાનું પ્રતીક થાઉં. તમે પધારો તો તમારી પૂજાનું ફૂલ થાઉં!

* * * * *

* * * * *

## ૩૪. મુખનું દર્શન

તમારું મુખ કેટલું બધું સુંદર છે તે કોણ કહી શકે ? મોટામોટા મુનિ ને કવિ તેની મોહિનીમાં મુગ્ધ થઈ ગયા છે, સુધબુધ ભૂલી ગયા છે, ને તેમની વાણી કાયમ માટે વિરમી ગઈ છે, તો મારા સરખા એક સાધારણ માનવનું શું ગજું ?

તમારા લાંબાલાંબા કેશની વચ્ચે મંદમંદ સ્મિત કરનારી તમારી મુખાકૃતિ સમુદ્રમંથન વખતે નીકળેલા તાજા અમૃતના કળશ જેવી મધુમય ને મંગલ લાગે છે. કેટલી મધુમય છે એ મુખાકૃતિ ! એને જોતાંવેંત જ મારું અંતર ઉછળી પડે છે, ને મન સમાધિના સુધામય પાવન પ્રદેશમાં વિહરવા માંડે છે.

આવાં તમે મારી પાસે બેસો છો ને તમારી દૃષ્ટિના અમૃતની વર્ષા વરસાવો છો, ત્યારે પ્રાણ પ્રસન્ન બને છે, ને અંતર કેટલી અપાર તૃપ્તિ અનુભવે છે તે તમે જાણો છો ? તપ, વ્રત, દાન, યોગ ને તીરથનું ફળ ત્યારે એકસામટું આગળ આવીને ઊભું રહે છે.

* * * * *



* * * * *

## ૩૫. ઈશ્વરની દુનિયા

વૃદ્ધાવસ્થાએ પહોંચેલા પ્રવાસીને કોઈએ પૂછ્યું : પ્રભુ આટલો ક્રૂર કેમ છે ? તેને આવી દુઃખમય દુનિયા કેમ કરવી પડી ?

પ્રવાસીએ ઉત્તર આપ્યો : માનવે જે દુઃખની દુનિયા ઉભી કરી છે, દુનિયાને જે નરકયાતનાથી ભરી છે, તેને તે દૂર કરે, સુધારે, તો ઈશ્વરની દુનિયા તો સુખભરી જ છે. તેને દોષ દેવાનું કોઈ વિશેષ કારણ નથી.

* * * * *

* * * * *


## ૩૬. મધરાત વીતી ગઈ છે પણ ...

મધરાત વીતી ગઈ છે પણ મારી આંખોમાં ઊંઘ નથી. તમે મારી પાસે આવો એમ મને ક્ષણે ક્ષણે થયા કરે છે. ક્ષણે ક્ષણે વ્યાકુળ મને હું તમારી વાટ જોયા જ કરું છું. મધરાત વીતી ગઈ છે પણ મારી આંખમાં ઊંઘ નથી.

મીઠો મધુરો પવન આજુબાજુ વહ્યા કરે છે, ને બાજુના બાગના ફૂલોની સુવાસને બધે ફેલાવે છે. કોઈનીયે આંખ મળી જાય એવો આ વખત છે ને જગત આખું જાણે કે સુખનિદ્રામાં સુઈ રહ્યું છે. પણ મારી આંખમાં ઊંઘ નથી. મધરાત વીતી ગઈ છે પણ મને ઊંઘ નથી.

તમે ક્યારે આવો છો એ જ જાપ મારા મનમાં ચાલ્યા કરે છે ને અંતર તમારી અખંડ આરતી ઉતાર્યા કરે છે. આંખોમાંથી આંસુની અવિરત ધારા વહ્યે જાય છે. તે લઈને તમારા સ્વાગતની તૈયારી કરતાં બેઠો છું.

મધરાત વીતી ગઈ છે ને બાકીની રહીસહી રાત પણ વીતતી જાય છે. પણ મારી આંખોમાં ઊંઘ નથી.



* * * * *

* * * * *

## ૩૭. મધ ઝરતું મુખ

તમારું મધ ઝરતું મુખ મારી આંખ આગળ દિવસ ને રાત ઉભું રહે છે, ને મારા મનને ઉત્સવના ઉલ્લાસથી ભરી દે છે.

કેમ કરીને કહી બતાવું કે મારા અંતરમાં તમારે માટે કેટકેટલો ઉમંગ ને પ્રેમ ઉછાળા મારે છે ! મારું રોમેરોમ તમારા પ્રેમની ક્યારી બનીને પાવન થયું છે, ને અંતરે તમારે માટે કાયમનું આસન તૈયાર કર્યું છે.

તમારી આંખમાં જે અમૃત છે તેની જોડી જગતમાં જડે તેમ નથી. તેના અખંડ ધ્યાનમાં ડૂબી જાઉં છું ત્યારે જીવનમાં નવા અવતારના એક અનેરા અધ્યાયનો ઉમેરો થાય છે. પતિતને પણ પાવન કરનારી ને તારનારી એ આંખ કેટલી બધી અલૌકિક ને આશીર્વાદરૂપ છે તે કોણ કહી શકે ? એનાથી મંડિત થયેલું તમારું મુખ મારી આગળ ઉભું રહે છે, ત્યારે મારા સરખો સંપત્તિવાન આ સંસારમાં બીજો કોઈ જ નથી એની મને ખાતરી થાય છે, ને મારો પ્રાણ પરમાનંદના પાવન પ્રવાહમાં પલટાઈને વહેવા માંડે છે.

* * * * *

* * * * *



## ૩૮. ધન્યતાનું ગીત

તમારી કૃપાની અલૌકિક મહાપ્રસાદી મેળવીને છેલ્લા કેટલાક દિવસથી મારું તન પાવન થયું છે, મન મધુમય બન્યું છે, ને જીવન ધન્યતાનું ગીત ગાઈ રહ્યું છે. હું નથી માનતો કે આ મહાભાગ્ય મારા કોઈ ચિરકાલીન તપનું પરિણામ છે અથવા તો કોઈ વ્રત કે શ્રમની સાધનાનો પરિપાક. એના મૂળમાં તો માત્ર તમારી કૃપા જ કામ કરી રહી છે. તમે કૃપા કરીને મારી સામે પ્રકટીને તમારા પ્રેમનો મધુર પ્યાલો મને પ્રેમ કરીને પાઈ રહ્યાં છો. તેથી મારું શાંત હૃદય વધારે શાંત થયું છે. તમે મને દર્શન દેવાનું ને પ્રેમ કરવાનું શરૂ કરીને ખરેખર મારું મગંલ કર્યું છે.

બદલામાં હું તમને શું આપું ? એ જ કે જીવન તમારું છે ને તમારું જ રહે; પ્રાણ તમારો છે ને તમારો જ રહે ને મારું જીવન તમને વધુ ને વધુ ચાહે, એ પ્રાર્થના વિના તમને બીજું શું આપું ?

* * * * *

* * * * *


## ૩૯. કોને ખબર

કોને ખબર તમારે માટે મારે હજી કેટકેટલાં આંસુની ધારા વહેવડાવવાની છે, ને કોને ખબર અનુરાગના અનંત સૂરની આટઆટલી માળા પહેરાવ્યા પછી પણ હજી કેટકેટલી માળા તમારા કંઠમાં અર્પણ કરવાની છે !

કોને ખબર પોકારો ને પ્રાર્થનાની કેટકેટલી પરંપરાને મારે હજી તમારે માટે વહેતી કરવાની છે, ને તમારા તરસ્યા પ્રાણને માટે મારા પ્રેમની કેટકેટલી પ્યાલી ખાલી કરવાની છે !

દિવસો વહી જાય છે પણ મારી સાધના શાંત થતી નથી. દિવસે ને રાતે તેની પૂજા એક સરખી ચાલ્યા જ કરે છે. મધરાતે તો તેની માદકતા અજબ જ બની જાય છે.

કોને ખબર આવી કેટકેટલી પૂજાની સામગ્રી તમારાં ચરણોમાં અર્પણ કરીને મારે તમારી સેવા કરવાની છે !



* * * * *

* * * * *

## ૪૦. જીવનની કૃતાર્થતા

આજે તો તમારા પ્રેમનું પાન કરીને મારું સર્વકાંઈ કૃતાર્થ થયું છે ને મને નવજીવનનું દાન મળ્યું છે.

ચાંદની રાતે ઉઘાડા આકાશ નીચે થયેલી આપણી મુલાકાત સદાયે અમર રહેશે. તારાની સાક્ષીમાં સંવાદી બનેલો આપણો પ્રેમ સદાયે યાદગાર રહેશે. તમે કૃપા કરીને મારી પાસે તમારો અખૂટ વૈભવ લઈને પ્રકટ થયાં એ વાત આ શાંતિ સૃષ્ટિને સદાયે યાદ રહેશે.

તમારી મુખાકૃતિનું નિરક્ષર ધ્યાન કરીને મારી મનની વૃત્તિને તેમાં એકાગ્ર કરી નવા જીવનનું ભાથુ ભર્યું છે, ને તમારી સોડમાં સુઈને હે સ્નેહમયી, સાચે જ કહું છું, મને સ્વર્ગમુક્તિ, પરમપદ જે કહો તે પ્રાપ્ત થયું છે. મારું સર્વકાંઈ પાવન થયું છે.

* * * * *

* * * * *

## ૪૧. અપાર તૃપ્તિ

આંખ તમારી આંખમાં મળે છે, હૈયું તમારા હૈયા સાથે એક બને છે, ને હાથ તમારા સુધામય શરીરને વેલની જેમ વીંટી વળે છે, ત્યારે કેમ કરીને કહી બતાવું કે મને કેટલી બધી તૃપ્તિ મળે છે, કેટલું અપાર સ્વર્ગસુખ મળે છે !

એમાં વળી કાંઈક કમી હોય તેમ મારા શરીરને તમે પ્રેમના આવેશમાં આવીને ચુમવા માંડો છો ત્યારે તો મારા તન, મન કે અંતરમાં એક સાથે અનેક રાગરાગિણી જાગી ઉઠે છે, ને પ્રાણની વીણા ધન્યતાના ધ્વનિ કરતી જાગી ઉઠે છે.

એની આગળ યોગ ને ભોગ, તપ ને તીરથ, યજ્ઞ ને યાગ, બધું જ ક્ષુલ્લક લાગે છે, ને જ્ઞાન પણ નીરસ બને છે.

આંખ તમારી આંખમાં મળે છે, હૈયું તમારા હૈયા સાથે એક બને છે, ને હાથ તમારા સુધામય શરીરને વીંટી વળે છે, ત્યારે કેમ કરીને કહી બતાવું કે મને કેટલી બધી તૃપ્તિ મળે છે, કેટલું અપાર સ્વર્ગસુખ મળે છે!

* * * * *

* * * * *

## ૪૨. પતનનું દર્દ

તેના મસ્તક પર હાથ મૂકતાં વેંત, તેની કાયા પર કર ફેરવતાં વેંત, તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી, ને કહેવા લાગી, મારું દર્દ ભારે છે. એ વાતને જાણનાર હજી કોઈ મળ્યું નથી. મારા પતિતપણાના પ્રસંગો હજી તમે જાણતા નથી, નહિ તો મને પાસે પણ ના બોલાવત, બેસાડત, ને સ્નેહના શબ્દો પણ ભાગ્યે જ કહેત.

મેં કહેવા માંડ્યું : આટઆટલા પતનના પ્રસંગો છતાં આજે આ દર્દ છે, આટઆટલા કાદવથી વીંટાઈને વસવા છતાં આજે કમલની કમનીયતા કાયમ છે, એ શું બતાવે છે ? એ કાંઈ ઓછી વાત છે ? પતન કરતાંયે પતનનું દર્દ મોટું છે, મૂલ્યવાન છે, ને મંગલમય છે. તેને લીધે તમારો મહિમા મોટો થયો છે, ને તમારે માટે મારું માન વધી ગયું છે.

* * * * *

* * * * *


## ૪૩. બડભાગી

પાપી છે તે ભાગ્યશાળી છે કેમ કે તેને માટે મુક્તિના મંદિરના દ્વાર વહેલામાં વહેલી તકે ઉઘડી શકે તેમ છે. પાપથી પાછા વળવાનો તે વિચાર કરી લે એટલું જ બસ છે.

દુરાચારી અને દુર્ગુણીનું સૌભાગ્ય પણ મોટું છે. પરમાત્માની કૃપાનો માર્ગ તેને માટે સદાયે ખુલ્લો છે, ને તે એકધારી રીતે તે માર્ગે મુસાફરી કરી શકે તેમ છે. ફકત દુરાચાર ને દુર્ગુણનો ત્યાગ કરવાનો તેનો સંકલ્પ જોઈએ.

જે અનાથ છે તે પણ બડભાગી છે. કેમ કે બીજા બધાંમાંથી મનને પાછું વાળીને પ્રિયતમમાં વળગાડવામાં ને પરમાત્માને જ પોતાના માનવાનો માર્ગ તેમને માટે ખુલ્લો છે. નિરાધાર ને અનાથ પણ બડભાગી છે.

ને કોણ નથી ? જે ધારે તે બધા જ તેની પ્રાપ્તિ કરીને જીવનને મંગલમય કરી શકે છે.



* * * * *

* * * * *

## ૪૪. આશા ને નિરાશા

બે મુસાફરો મારગ કાપી રહ્યા હતા. રસ્તામાં એક ગામ આવ્યું. ગામની પાદરે એક માણસ ઊભો હતો. મુસાફરે તેને પહોંચવાના આગલા ગામનું અંતર પૂછ્યું તો તેણે ઉત્તર આપ્યો કે આગલું ગામ ચાર માઈલ જતાં આવી પહોંચશે.

પહેલા મુસાફરે એ સાંભળી કહ્યું : હજી તો ચાર માઈલ ચાલવાનું બાકી છે.

બીજા નાના મુસાફરે શાંતિથી ઉત્તર આપ્યો, હવે ચાર જ માઈલ બાકી છે. બસ, ચાર જ માઈલ.

* * * * *

* * * * *

## ૪૫. એકતાનો આદર્શ

આપણા અંતરના તાર કેવા એકસરખા સુરીલા ને સંવાદી સૂર કાઢે છે ! મને જે વિચાર આવે છે, ને મારા મનમાં જે ભાવ જાગે છે તે જ તમારા મનમાં જાગે છે. એમ કહો કે અંગ બે છે ને આત્મા એક : વીણા બે છે ને વાદી એક. પ્યાલા ભલે બે પણ તેની અંદરનું અમૃત એક છે.

સાધનાની આ કેવી અનેરી સિદ્ધિ છે એ તમને કેમ કરીને કહી બતાવું ! જીવનનો કેટલો અનેરો આનંદ આમાં સમાયેલો છે એ તમને કેમ કરીને કહી બતાવું ! કેમ કરીને કહી બતાવું કે મારા જીવનનું કેટલું બધું સૌભાગ્ય ને કેવું સુખ આમાં સમાયેલું છે !

તમારી અપરંપાર કૃપાનું આનાથી વધારે ઉત્તમ ઉદાહરણ બીજું કયું હોઈ શકે ? આપણી એકતાનો અંતિમ આદર્શ આના વિના બીજો કયો હોઈ શકે ?

* * * * *

* * * * *

## ૪૬. વરમાળા

આજની રાત મારા જીવનની ઉજ્જવળ ને યાદગાર રાત બની ગઈને મને ખબર છે ત્યાં સુધી તમારા જીવનની પણ. રાત તો બીજી ઘણીયે આવી ને આવશે, પણ આ રાત એના રંગ માટે કાયમને માટે યાદગાર બની ગઈ. આજની રાત મારા જીવનની ઉજ્જવળ ને યાદગાર રાત બની ગઈ.

ચંદ્રમાંથી ચમકી રહેલા માલતીમંડપમાં રાતરાણી કરતાંયે વધારે મદોન્મત્ત ને મધુમય સુવાસ છોડતાં તમે પ્રકટ થયાં. ને તમારું રૂપ જોઈને ચંદ્રમાને એવી તો લજ્જા થઈ કે થોડો વખત તો તેણે વાદળ પાછળ પ્રવેશ કર્યો. પણ તમારાથી પૃથ્વી વધારે સાફ ને મંગલમય દેખાતી હતી. રાત્રિના એ શાંત ને રસમય વાતાવરણમાં એકમેકને નિહાળીને આપણાં અંતર નાચી ઉઠ્યાં, અમૃતની વર્ષા કરવા માંડ્યા, ને પછી તો તમે મને માળા પહેરાવીને મારા કંઠની આસપાસ વીંટળાઈ વળ્યા. તમારા મસ્તકને બે હાથે ઊંચું કરી તમારા ગાલ પર હાથ ફેરવતાં મેં જોયું તો તમારી આંખમાં અનુરાગનાં આંસુ હતાં.

શી ઈચ્છા છે ? શું માંગે છે ? આજે હું તારા પર પ્રસન્ન છું. મારા એ શબ્દોના ઉત્તરમાં સુમધુર સ્મિત કરતાં તેં મારા કંઠને ફરીવાર બાહુથી સુશોભિત કરતાં કહ્યું : પ્રભુ, મને આ જ રીતે - કાયમ માટે તમારે કંઠે વેલ જેમ વીંટળાયેલી રાખજો.

‘જરૂર.’ મારા મુખમાંથી અમૃતની વર્ષા થવા માંડી; ‘તારી માગણી મને મંજૂર છે. વેલથી વૃક્ષની તેમ તારાથી મારી શોભા છે. એ શોભા સદાયે રહે, અખંડ રહે, એ મારી અભિલાષા, એ માટે તો મારી આરાધના છે.’ ને તેની કૃતાર્થતાનો પાર રહ્યો નહિ.

* * * * *

* * * * *

## ૪૭. મારું ચાલે તો ...

મારું ચાલે તો હું તમને એક ક્ષણ પણ રજા ના આપું : અલગ ના થવા દઉં, ને તમારી કમરની આસપાસ કરને વીંટી રાખી, તમારા અમૃતરસથી નીતરતા ગોરસી સરખા મુખમંડળને જોયા કરું. મારું ચાલે તો તો તમને એક ક્ષણ પણ છૂટા ના કરું.

દર્શન ને મિલનના એ મહોત્સવમાં ખાવુંપીવું હરવુંફરવું બધું જ ભૂલી જાઉં છું. કેવળ તમારા હૃદય સાથે હૃદયનો સંવાદ સાધીને સુઈ રહું. હું તો ના ઉઠું પણ તમને પણ ના ઉઠવા દઉં. મારું ચાલે તો તો તમને હું એક પળ પણ ના ઉઠવા દઉં.

આંખની પલક પડે નહિ ને શ્વાસ બ્રહ્માંડે ચડે નહિ તો ભલે; દિન ને રાત તમારી સાથે રહી, તમારા હાથમાં હાથ લઈ, આખી સૃષ્ટિમાં વિચરણ કરું, ને તપ્ત ને તૃષાર્તને નવું જીવન ધરું. મારું ચાલે તો તમારી મદદથી આ જગતને નવજીવન ધરું.

* * * * *



* * * * *

## ૪૮. જીવન ને મરણ

કાલે તો મને ખૂબ ખૂબ લાગી આવ્યું - આંખમાંથી જાણે શ્રાવણ ને ભાદરવો ઉમટી પડ્યા. તમે મારી પાસે હજી પણ પ્રકટ ના થયાં, હજી પણ તમે મને તમારા સહવાસનું સુખ ના આપ્યું, એ વિચારે મારા અંતરને હલાવી દીધું, ને અંગે અંગને કરુણાના મહાગીતથી ભરી દીધું.

મને એકાએક એમ જ થઈ આવ્યું કે આ શું ! મારા જેવા એકાંતપ્રેમી ને ત્યાગી પુરુષને વળી આ શું ! તમને જોવાની આટલી બધી ઝંખના મને શા માટે થયા કરે છે ? તમારા વિના હું શા માટે નથી ચલાવી શકતો ? શા માટે હૃદય તમારા તરફ આટલું બધું ખેંચાયા કરે છે ? ચોમાસાના પૂરની પેઠે મારા પ્રેમની નદીમાં આટઆટલું પૂર શા માટે ઉઠ્યા કરે છે ?

એકવાર તો એમ પણ થયું કે તમારા આ તલસાટ પર ભલે વૈરાગ્ય કરું, પણ ના. તમે તો મારા પ્રાણ છો, જીવનધન છો, ને તમારે માટેનો તલસાટ તો મારું સર્વકાંઈ છે; મારો સ્વભાવ છે. જે મારે માટે સ્વાભાવિક છે તેને હું કેવી રીતે છોડી શકું ? તેને છોડીને સુખ પણ ક્યાંથી મેળવી શકું ?

એ વૈરાગ્યની મારે જરૂર નથી જે તમારા પ્રેમને ભૂલવાનો પાઠ આપે, જે મારા જીવનના મૂળમાં જ ઘા કરે. એવા ત્યાગની ને જ્ઞાનની મારે જરૂર નથી જે તમને મૂકી દેવાની - આપણા આ અખંડ આનંદદાયક ને પ્રાણદાયક અનુરાગનો જ ત્યાગ કરવાની વાત કરે. ના, એ સાધના મને પસંદ નથી. હું તો તમારે માટે તલસીશ, ઝંખીશ, રડવું પડે તો રડીશ, ને તમને મારાં કરીને જ છેવટે જંપીશ. તમારા વિના જીવન ને મરણ વચ્ચે તફાવત જ શો રહે તે મને કહેશો ? છતાં પણ આજે મારી આંખ એકાએક ભીની તો થઈ ગઈ.

* * * * *

* * * * *


## ૪૯. સૂરજ ને ચંદ્ર

તમે મારી કસોટી શા માટે કરી રહ્યા છો ? એવા અનેક બોલ તમે બોલ્યા કરો છો જેનું રહસ્ય ઘણું ઊંડું હોય. મને લાગે છે કે મારી કસોટી કરવા માટે જ તમે આ બધું બોલી રહ્યા છો.

તમે કહો છો કે તમારા ભક્તોને તમે સૂરજ જેવાં લાગો છો. તમને જોતાં વેંત જ તેમનું તન ને મન ગરમ થઈ જાય છે, ને અંતરમાં કામવાસનાના અંકુરો ઉગવા માંડે છે. આ બાબત મારા જેવો સાધારણ માણસ શું કહી શકે ? છતાં તમે પૂછો છો ત્યારે ન છૂટકે કહું છું કે બીજાને માટે ગમે તેમ હોય, મારે માટે તો તમે સુધાના સાગર એવા આ ચંદ્રમાના જેવા ઠંડા ને અમૃતમય છો.

તમારી હાજરીમાં તન, મન ને અંતર શીતળ બને છે, ને એક જાતના અલૌકિક અતીન્દ્રિય આહ્લાદનો અનુભવ કરે છે. વાસના ઉઠતી જ નથી ને વિકાર પણ સઘળા જ શાંત બને છે. તમને જોતાંવેંત જ જાણે કે અમૃતપદ મળે છે. જેને કમળો થયો હોય તે બધે પીળું જ જુએ છે : તેમ જે કાળું છે તેને મન તમારું રૂપ ગમે તેવું હોય, મારે માટે તો તે મંગલ છે. મધુરથી પણ મધુર ને મુક્તિદાયક છે.

*****



*****

## ૫૦. મિલનની મહેફિલ

તમારી આંખમાં આંખ મળતાંવેંત મેં મારું જીવન તમને કુરબાન કર્યું છે. તમારા હૃદય સાથે હૃદય મળતાંવેંત મારું હૃદય તમને અર્પણ કર્યું છે, ને મારા બહુ બજેલા બીનને તમારું કરીને તમારા જ સ્વરથી સુશોભિત કર્યું છે.

તમારા પ્રેમામૃતના પાનથી મારું તન ને મન પાવન થયું છે, ને અંતર તદ્દન નિર્વિકારી બન્યું છે. બીજા રસાસ્વાદ હવે તેને રુચતા નથી, ને બીજે ક્યાંય તેને ચેન પડતું કે સુખ મળતું નથી.

તમારા ચંદનશીતલ સુમનસુવાસિત સહવાસમાં મેં મારા સર્વસ્વનું તમને દાન કરી, તમારા નામ ને કામને અમર કર્યું છે.

* * * * *

* * * * *

## ૫૧. સંગીતનું રહસ્ય

તમે કેટલાં બધાં કોમળ ને સરળ છો ! એક નાની બાલિકા જેવાં જ નિખાલસ, નિષ્પાપ, સરસ ને સરલ ! મધુર પણ તેવાં જ. મુખ પર ને સારાય શરીરમાં જાણે મધુ લઈને જ ફરો છો. તમારા સ્વરૂપનો મધપૂડો ખૂબ જ મંગલમય ને મનહર છે.

એનો આસ્વાદ લઈને હું નિરંતર ઉછરું છું, ચેતન મેળવું છું, ને જીવું છું. મારા તરસ્યા આતમને તમારી પ્રેમગંગાથી પરિપ્લાવિત કરી હું તૃપ્તિ પામું છું, ને વરસાદી વાદળની જેમ જે તમારી જ પાસેથી મેળવું છું તે સંગીતની સુધાવર્ષામાં તમારે માટે વરસાવ્યા કરું છું.

* * * * *

* * * * *

## પ૨. પૂજાની માળા

મધરાત પછી તે મારે મંદિરે આવી પહોંચી ને મારા ચરણમાં પ્રણિપાત કરી કંઠમાં તાજાં ફૂલની માળા પહેરાવી બોલી : મારા પ્રભુ, આ મારી પૂજા. આને સાધારણ માળા ના સમજશો. આ તો મારા પ્રાણની ગતિ છે, મારા જીવનનું સંગીત છે.

મને તેની વાત સમજાઈ નહિ. મેં કહ્યું : મને વળી માળા ?

જરૂર. તેણે ઉત્તર આપ્યો; પ્રેમીની માળા લઈલઈને હું થાકી ગઈ છું. પ્રેમની કૃપા છે કે હું પૂજા ને માળાની અધિકારિણી બની છું. મારા હૃદયની કૃતજ્ઞતા આજે આ માળાના રૂપમાં તમારી આગળ રજૂ કરી રહી છું ને તમને પૂજી રહી છું એ મારું સદભાગ્ય છે.

* * * * *

* * * * *

## ૫૩. સમજાતું નથી

સમજાતું નથી મારા હૃદયને તમે કેવું બનાવ્યું છે ! તેમાં કેટકેટલું દર્દ, કેટકેટલી કરુણા ને કેટકેટલી વેદના ભરી છે ! સમજાતું નથી મારા હૃદયને તમે કેવું બનાવ્યું છે !

કેટકેટલા પ્રેમથી તેને પરિપ્લાવિત કરી દીધું છે, ને આશાના કેટકેટલા આલાપથી ભરી દીધું છે. સમજાતું નથી મારા હૃદયને તમે કેવુંક બનાવ્યું છે !

તમારા ને તમારી સૃષ્ટિના હિત માટે તે હંમેશા આતુર બને છે, સ્વપ્નાં સેવે છે, ને પ્રાર્થે છે. ઊષા જેમ નિત્ય નવી ને ફુલવાડી જેમ નિત્ય ફોરમવંતી, તેમ નિત્ય નવા રૂપરંગ ને નવી ફોરમથી તે તમારી પૂજા કરે છે.

મારું હૃદય તમને ભૂલી શકતું નથી ને પ્રેમ કર્યા વિના રહી શકતું યે નથી. છે તો ઘણું નાનું, પણ ખૂબ જ અનેરું ને રહસ્યમય છે. સમજાતું નથી મારા હૃદયને તમે કેવુંક બનાવ્યું છે !



* * * * *

* * * * *

## ૫૪. સ્નેહની સહજતા

તમારા વિના મારે માટે આટલો મહાન ત્યાગ બીજું કોણ કરી શકે ? તમારા વિના બીજા કોઈનુંય ગજું નહિ. બીજા કોઈની કલ્પનામાં પણ આવા સ્નેહસમર્પણની વાત ના આવી શકે. તમારા વિના આવો મહાન ત્યાગ બીજું કોઈયે ના કરી શકે.

તમારા બધા જ રહસ્યને તમે મારી આગળ ખુલ્લા કર્યા છે, ને વારંવાર મારું જીવની જેમ જતન કરીને મને અસીમ સુખ ધર્યું છે. સંસારમાં માતાપિતા ને સર્વ કોઈ હોવા છતાં તમે મારી સાથે સંબંધ બાંધવાનું પસંદ કર્યું છે ને મને દિલ ધર્યું છે. મને ખબર છે કે તમને પણ તેનાથી કાંઈક સુખ મળ્યું છે. છતાં કોઈ કોઈવાર વિચાર આવી જાય છે કે મારે માટે આવો મહાન ત્યાગ બીજું કોણ કરી શકે ?

ને તેથી જ મારું હૃદય સહજ રીતે ને સતતતાથી તમારી તરફ વહ્યા કરે એમાં કાંઈ આશ્ચર્ય જેવું લાગે છે ?

* * * * *

* * * * *



## ૫૫. સાધના ને પ્રેમ

મધરાત પછી માલતી મંડપ નીચે ફૂલની તાજી માળા મારા હાથમાં મૂકીને તે મને વળગી પડી ને મંદ સ્વરમાં કહેવા લાગી, પ્રભુ, મારો પ્રેમ તમને નડતરરૂપ તો નહિ થાય, તમારી સાધનામાં અંતરાયરૂપ તો નહિ થાય ?

એની અમૃતથી નીતરતી આંખમાં આંખ પરોવીને મેં ઉત્તર આપ્યો, દેવી, એ શું કહ્યું ? એવી શંકા કેમ થઈ ? પ્રેમ સદાયે પ્રશસ્ય, પુજનીય ને આશીર્વાદરૂપ છે. તે કદી અંતરાયરૂપ બનતો નથી. પ્રેમ તો સાધનાનો સરવાળો છે. તેના વિના સાધનાનો સાર ને જીવનમાં રસ શો રહેશે તે કહી બતાવશો ? મારે માટે તમે કોઈ સામાન્ય શરીરધારી નહિ પણ દેવી છો. આજે તો નહિ પણ જન્મજન્માંતર સુધી તમે મારે માટે મંગલમય ને આશીર્વાદરૂપ હશો.

ને તે ખૂબ પ્રસન્ન થઈ.

* * * * *

* * * * *



## ૫૬. એવી કૃપા કરી દો

પ્રેમ થાય ને પુષ્કળ થાય - તમારા પ્રેમની વર્ષા મારા પર અનંતધારે વરસ્યા કરે, પણ હૃદય તેને જીરવવાની શક્તિ મેળવે એવી કૃપા કરી દો. હે અંતર્યામી, એવી કૃપા કરી દો.

સંપત્તિ ને સિદ્ધિ સાંપડે ને પૂરતા પ્રમાણમાં સાંપડે, પણ જીવનમાં તેનો સદ્ઉપયોગ થાય, એવી કૃપા કરી દો. હે અંતર્યામી, એવી કૃપા કરી દો.

જ્ઞાનનું ગૌરવગીત પોતાની મહાનતાથી જીવનમાં સદા જાગ્યા કરે, પણ જ્ઞાનનું ગુમાન ના ઉઠે એવી કૃપા કરી દો. હે અંતર્યામી એવી કૃપા કરી દો.

તપશ્ચર્યાના તાપથી તન, મન ને વચન નિર્મળ બને ને ઈન્દ્રિયોનો સંયમ સહેલો થાય, પણ તમારી વિસ્મૃતિ એક વિપળ પણ થાય નહિ એવી કૃપા કરી દો. હે અતંર્યામી, એવી કૃપા કરી દો.

* * * * *




* * * * *

## ૫૭. શાંતિનું સાધન

મારે માટે એટલી વાત ચોક્કસ છે કે જ્યાં સુધી તમારા મધુમય મુખને નિત્ય-નિરંતર નિહાળવાનો લાભ મને નહિ મળે ત્યાં સુધી મને શાંતિ નહિ થઈ શકે. જીવનની યાત્રામાં ત્યાં સુધી મને આરામ નહિ મળી શકે જ્યાં સુધી તમારું સુધાના સાગર જેવું સ્વરૂપ સદાને માટે - એકે ક્ષણના વિક્ષેપ વિના મારી આંખ આગળ ઉભું નહિ રહે ને મને તમારો શાંતિમય સહવાસ નહિ મળે.

જ્ઞાન ને યોગના સાધનથી નક્કી છે કે મારી તરસ નહિ ટળે ને ભૂખ નહિ શમે. સંસારમાં હું ગમે ત્યાં જઈશ, પાંચ ખંડની પૃથ્વીમાં ગમે ત્યાં ફરીશ, તો પણ મારા દિલનું દર્દ નહિ ટળે, ને મારું જીવન ઉત્સવ પણ નહિ કરે. જ્યાં સુધી તમારી અમીમય આંખમાં આંખ મિલાવી આઠે પહોર તમારી પાસે બેસી રહેવાનું સૌભાગ્ય મને નહિ મળે.

માટે જ કહું છું કે મારો મનોરથ તમે વહેલામાં વહેલી તકે પૂરો કરો ને મને શાંતિ દો. તમે ધારો તો આ કામ જરાય મુશ્કેલ નથી.



* * * * *

* * * * *

## ૫૮. પ્રેમની નિશાની

ગઈ કાલે રાતે અંધારા ઓરડામાં બેઠો હતો ત્યાં તમે અચાનક મારી પાસે પ્રકટ થયાં ને મારી સામે સ્મિત કરતાં ઉભાં રહ્યાં. એ વખતે મારી દશા કેવી કરુણ હતી ! આંખમાંથી આંસુની ધારા વહ્યા કરતી હતી, ને તમારા મિલનના મનોરથને લીધે દિલમાં દર્દનો પાર ન હતો.

તમે તો અંતર્યામી છો. છતાં પણ તમારા હાથને મારી આંખે લગાડી મેં તમને કહ્યું : દેવી, આપણા પ્રેમની આ નિશાની યાદ રાખજો.

ખરેખર, આંસુ, ઉલ્લાસ ને ગીત આપણા પ્રેમની નિશાની છે. ખૂબ પ્રેમથી પ્રેરાઈને હું તમારે માટે તેમાં મારા હૃદયને વહેતું કરું છું. મારું હૃદય કુદરતી રીતે જ તેમાં વાસ કરે છે.

મારાં ગીત તમને ગમે છે ? એ તમારાં જ છે ને તમારે માટે જ છે. તમારી પ્રસન્નતાની ભાવનાથી પ્રેરાઈને જ તેની રચના થઈ છે.

આંસુ, ઉલ્લાસ ને ગીત આપણા પ્રેમની અનેરી નિશાની થઈ છે.

* * * * *

* * * * *

## ૫૯. પાંખડીની પૂજા

પર્વને દિવસે વિશાળ રથમાં બેસીને પ્રવાસ કરતાં એક અનેરો અનુભવ થયો. રથમાં મારી આજુબાજુ અનેક લોકો બેઠા હતા. કોઈ મારો ઉપદેશ સાંભળતા, કોઈ મારી પ્રશસ્તિ કરતા, તો કોઈ મારા સ્વરૂપને નિહાળવામાં મશગુલ બનતા.

એ વખતે તમે મારી સામે બેસીને મારા દર્શનનો દૈવી આનંદ લુંટતા હતાં. યજ્ઞની વેદીમાં જેમ આહુતિ પર આહુતિ આપવામાં આવે તેમ મારા ચરણ પર તમે પુષ્પોની પાંખડી વરસાવ્યે જતાં હતાં. તમારું હૃદય તેમાં જાણે કે ઢળી રહ્યું હતું. એ વખતના તમારા ભાવવિભોર મુખનું વર્ણન કેમ કરીને કરી બતાવું ? તમારી અમૃતમય આંખોના રસનું પાન કરતાં કરતાં હું તમારી પૂજાનો સપ્રેમ સ્વીકાર કરતો હતો. એમ ને એમ મારો આખોયે પ્રવાસ પૂરો થઈ ગયો.

જતી વખતે મેં તમારા શરીર પર હાથ ફેરવ્યો ત્યારે અચાનક થયેલી એ કૃપાવૃષ્ટિથી સૌને નવાઈ લાગી પણ આપણને ને અંતર્યામી ઈશ્વરને ખબર હતી કે કૃપાનો સાચો અધિકાર બીજા કરતાં એક તમારો જ વધારે હતો.

* * * * *

* * * * *

## ૬૦. શરીર ને પ્રેમ

મારા અંતરમાં પ્રેમનો જે પરમ અર્ણવ ઉછાળા મારી રહ્યો છે, તેને પ્રાપ્ત કરવાનાં સાધન જ મારી પાસે ક્યાં છે ? પ્રેમ આત્માની વસ્તુ છે તે હું જાણું છું. પણ તેને પ્રકટ કરવાનાં સાધન મારી પાસે કેવળ ત્રણ જ છે : દૃષ્ટિપાત, વચન ને સ્પર્શ. આંખની અંદર મારી ઊર્મિ ને મારી ભાવનાની ભરતી કરીને હું તમારી આગળ મારા હૃદયને પ્રકટ કરું છું; વાણી દ્વારા તેની અભિવ્યક્તિ કરું છું; વાણીમાં મારા અનુરાગને વહેતો મૂકું છું; ને શરીરના વાહન દ્વારા તમારે માટેના મારા ઉરના ઉમળકાને નિરંતર પ્રકટ કરું છું.

તમે જ કહોને કે શરીર વિના મારા અંતરના અનુરાગને હું કેમ કરીને કહી બતાવું ? માટે હું તો શરીરની ઉપેક્ષા નહિ જ કરું. શરીર દ્વારા પણ હું તમને પ્રેમ કરીશ, પુષ્કળ પ્રેમ કરીશ, ને મારી દૃષ્ટિ ને વાણીમાં પણ તમને સમાવી દઈને આ સંસારમાં શ્વાસ લઈશ.

* * * * *

* * * * *

## ૬૧. મારી કૈં જ પડી નથી

મારી તમને કૈં જ પડી નથી એમ મને તો લાગે છે. દિવસ ને રાત હું તમારી કેટલી બધી આતુરતાથી રાહ જોયા કરૂં છું ! રાતે તો ખાસ કરીને મારી વેદના અત્યંત વધી જાય છે. મારા પ્રેમનું પ્રમાણ અમર્યાદ બની જાય છે. તમને મળવા માટે મારૂં હૃદય તલસવા ને રડવા માંડે છે, ને મન અનેક પ્રકારના મનોરથ કર્યા કરે છે. મારી એકેક ક્ષણ કલ્પના જેવી કપરી રીતે વીતે છે. પણ તમને મારી વેદનાની કૈંજ પડી નથી એમ મને લાગ્યા કરે છે.

તમે તો ચાંદનીનો આનંદ લુંટતાં ઉઘાડા આકાશ નીચે સુમનની સુવાસિત શય્યામાં શાંતિપૂર્વક સુઈ રહો છો ને અનેક પ્રકારના આનંદનો આસ્વાદ લીધા કરો છો. રાત આખી હું તમારી પ્રતીક્ષામાં ને તમારી પ્રાર્થના કરતાં આંટા મારવામાં પૂરી કરૂં છું, ત્યારે તમે તો હાલતાંય નથી, ચાલતાં કે આવતાંય નથી, ને ન જાણે કયા સુખમય સ્વપ્નામાં વિહાર કર્યા કરો છો.

મારે તમારે માટે શું સમજવું ? હું જાણું છું કે મારી વાતથી તમને દુઃખ થશે, ને મારા શબ્દો તમને પીડા પહોંચાડશે. પણ મારા હૃદયને પ્રકટ કર્યા વિના ચાલે તેમ પણ ક્યાં છે ? તમારા પ્રેમી બીજા ઘણા હશે જેમના મનોરથ તમારે પૂરા કરવાના હશે, પણ મારે માટે તો તમે એક જ છો. એ વાત યાદ રાખશો તો મને અન્યાય નહિ કરો ને મારા વિના એક ક્ષણ પણ નહિ રહી શકો.

મારો પ્રાણ પ્રજળી જશે પછી તમે આવશો તો શું બહુ મોડું નહિ થઈ જાય ?

* * * * *

* * * * *

## ૬૨. મિલનની પ્રાર્થના

તમારા રૂપને હું ધારીધારીને જોયા કરું ને એક ક્ષણ પણ તમારાથી અળગો ના રહું એવો આશીર્વાદ આપી દો. હે દયામય, એવો આશીર્વાદ આપી દો.

તમારા પ્રેમામૃતનું પાન હું નિરંતર કર્યા જ કરું, આકંઠ પાન કર્યા કરું, ને કદી તૃપ્ત ના થાઉં, એવો આશીર્વાદ આપી દો. હે દયામય, એવો આશીર્વાદ આપી દો.

મારા જીવનમાં એ પર્વ દિવસ ક્યારે ઉગશે જ્યારે આપણે કાયમને માટે ભેગાં મળીશું, શરીરના વાહન દ્વારા ભેગાં મળીશું, ને પરસ્પર પ્રેમ કરીશું. એ દિવસની પ્રતીક્ષામાં મારા આજના જીવનને હું તપાવી ને તાવી રહ્યો છું ને દિનરાત પસાર કરું છું. હવે તો કૃપા કરો તો મારા જીવનની સાધના પૂરી થાય, મારા સ્નેહથી છલકાતા હૃદયની પૂજા યોગ્ય પાત્રને પામી સફળ થાય, ને મારું તન, મન ને અંતર ઉજ્જવલ થાય. તે વિના મને શાંતિ નહિ જ મળી શકે એ વાત મને ને તમને સારી પેઠે સમજાઈ ગઈ છે.



* * * * *

* * * * *

## ૬૩. પ્રેમની પાત્રતા

તમે કહો છો કે હું કોઈ કવયિત્રી નથી, લેખિકાયે નથી. મારી પાસે એવો કંઠેય નથી જેથી તમારાં ગીત ગાઈને તમને ઘેલાં બનાવી શકું અથવા હું કોઈ સંગીતજ્ઞ કે ચિત્રકાર પણ નથી. મારા હૃદયને વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ કળા પણ નથી. નથી એવું કોઈ રૂપ, નથી એવા ગુણ ને નથી એવું જ્ઞાન. મને થાય છે કે તમે મને પસંદ કરવામાં ને તમારા પ્રેમનું પાત્ર બનાવવામાં કોઈ ભૂલ તો નથી કરી ? ઉતાવળ તો નથી કરી ? મારે બદલે તમને કોઈ સુરીલા કંઠવાળી કુમારી મળી હોત તો તમારા હૃદયના સંગીતને વધારે સારી રીતે ઝીલી ના શકત ?

પણ તમારી એ દલીલો મને વિશેષ અસર કરી શકતી નથી. તમારામાં બીજી કોઈ વસ્તુ છે કે નહિ તેની મને ખબર નથી, તેની મને પરવા પણ નથી. મને તો એક જ વાતનો સંતોષ છે કે તમારી પાસે હૃદય છે. મારાં ગીતને ઝીલવાની તમારામાં સંપૂર્ણ શક્તિ છે, એટલું જ નહિ, તમે પોતે જ ગીતરૂપ છો. તમારી અંદરથી મારા સંગીતની પરંપરા પ્રકટ્યા કરે છે. તમારું જીવન જ કળારૂપ છે. આત્માનો સંવાદ સાધવાની કળા તમને કાયમ માટે હસ્તગત છે. પછી તમે કલાકાર નથી એમ કોણ કહી શકે ? માટે જ મેં તમને પસંદ કર્યાં છે, ને મારાં પ્રેમપાત્ર બનાવ્યાં છે.

* * * * *

* * * * *

## ૬૪. આવરણનો ભંગ

તમારી આંખ મારી આંખમાં મળે છે ને અંતર તમને આલિંગન કરે છે, ત્યારે કેમ કરીને કહી બતાવું કે મને કેટલો આનંદ, કેટલી શાંતિ ને કેટલું સ્વર્ગસુખ મળે છે ! તેમાંયે તમારા મધુમય હેતાળ હોઠ મારે હોઠે મળે છે, ત્યારે તો પ્રાણના બધાયે પડદા દૂર થાય છે ને જીવન એક મહોત્સવ જેવું મધુર બની જાય છે.

તમારા શરીરને છોડીને એકે ક્ષણ ક્યાંય જવાનું મને ગમતું નથી, ને તમને પણ પસંદ નથી. એવો આપણો પ્રેમ છે. તેમાંયે આજે તો વળી હદ થઈ ગઈ. લાંબા હાથ કરીને મધરાતને વખતે તમે મને આલિંગન આપ્યું. આપણાં અંગેઅંગને એક કર્યાં, ત્યારે બધાં જ આવરણ હઠી ગયાં, ને આત્માએ એકતાનો અનુભવ કર્યો. યોગ ને જ્ઞાનનું ફળ તો જાણે સહેજમાં મળી ગયું.

ચિરકાળ લગી આપણે એ રીતે આનંદ કર્યા કરીએ ને એકમેકને જીવન ધરીએ એ જ મારી ઈચ્છા છે. ચિરકાળ લગી આપણે એ રીતે પ્રેમ કર્યા કરીએ.

* * * * *



* * * * *

## ૬૫. રેલગાડીના ડબામાં

રેલગાડીના ડબામાં બેસું છું કે અનંતકાળની રેલગાડી યાદ આવે છે. એ ગાડીમાં બેસતાં બેસતાં મેં કેટકેટલું અંતર કાપી નાખ્યું; કેટકેટલા સંબંધો કર્યા ને કેવા ભાતભાતના ને જાતજાતના અનુભવો મેળવ્યા !

જીવનની યાત્રાનો મને શોક નથી, મોહ નથી. મારે માટે અત્યંત આનંદની વાત એ છે કે આ યાત્રામાં મને તમારો સ્નેહભીનો સાથ મળી ગયો છે. તમારા સહવાસમાં મને સદાયે સુખ છે, શાંતિ છે, ને મારી મુક્તિ પણ તેમાં જ સમાયેલી છે. તમારી સુધાઢળેલી સોડમાં સુતાંસુતાં ને મધુર ગીત ગાતાં જીવનની આ મહાન યાત્રાને હું મંગલમય બનાવીશ ને સફળતા સાથે પૂરી કરીશ. યાત્રા પૂરી થશે પણ આપણે તો છૂટાં નહિ જ પડીએ.

*****

*****

## ૬૬. આકર્ષણનો અર્થ

પૂર્વજન્મના પ્રેમને લીધે આપણાં અતંર એકમેક તરફ કોઈ અનેરા આકર્ષણનો અનુભવ કર્યા કરે છે. પૂર્વજન્મના જ પ્રેમની વાત શા માટે કરવી, અનંતકાળથી આપણા અનુરાગના અનંતસૂર એકધારા અસ્ખલિત રીતે ફૂટ્યા કરે છે, અને હૃદય એકમેક તરફ વહ્યા કરે છે. પૃથ્વી કરતાં પણ પુરાણી આપણી પ્રીત કદી તૂટતી નથી. તેની ભરતી દિનપ્રતિદિન ચાલુ જ રહે છે. ઓટ તો તેમાં આવતી જ નથી. પૂર્વજન્મના પ્રેમને લીધે આપણાં અંતર એકમેક તરફ કોઈ અનેરા આકર્ષણનો અનુભવ કર્યા કરે છે.

એ આકર્ષણ કદી મટે નહિ. તેના સંગીતની સુરાવલિ કદી તૂટે નહિ, એ મારી કામના છે. ને એ કામના સાર્થક છે તેની મને ખબર છે. કેમ કે તમારા હૃદયને હું જાણું છું. તમારા હૃદયની રચના એવા પ્રકારની છે. તમારા પ્રાણનાં પરમાણું એવા છે, કે તમે મને ભૂલી શકશો જ નહિ. મારી પાસે આવ્યા વિના ને મને પ્રેમ કર્યા વિના રહી શકો જ નહિ. પ્રેમ જ આપણું જીવન છે.

* * * * *



* * * * *

## ૬૭. પ્રતીક્ષા

મારા પ્રેમથી પ્રેરાઈને તમે આજ સુધી અનેકવાર મારા જીવનમાં પ્રેમ કરવા પ્રકટ થયાં છો, ને તમારા પ્રેમામૃતનું પાન કરીને મારો પ્રાણ પ્રત્યેક વખતે પ્રસન્ન થયો છે. છતાં તેને હજી પૂરી તૃપ્તિ નથી મળી. તમારા અખંડ સનાતન સહવાસની મારી કામના છે, ને તે માટે હું વરસોથી તમારે દ્વારે પ્રાર્થના કરતાં બેસી રહ્યો છું. સુંદરમાં સુંદર સ્વરૂપ ધારણ કરી, પ્રકાશ ને મધુરતાની મૂર્તિ બની, કુમારિકાની કમનીય કાયામાં અવતાર લઈ, તમે મારી પાસે કાયમને માટે રહેવા આવો તો હું તમને મારા હૃદયમાં ધારણ કરીશ, ને મારા સર્વસ્વથી પૂજીને પ્રસન્ન પ્રસન્ન કરી દઈશ.

જીવનની આ જ ઝંખના છે, મનીષા છે. મારા પ્રેમનો આ પોકાર છે. તમારા વિના મારો પ્રેમ અપંગ છે, તૃષાર્ત છે. તેને કોને ચરણે અર્પણ કરું ? કોનો કરી દઉં ? તમે તેનો સ્વીકાર કરવા પ્રકટ થાવ, એ ધન્ય ઘડીની આજે તો પ્રતીક્ષા કરી રહ્યો છું.

* * * * *




* * * * *

## ૬૮. મુક્ત કરી દો

તમે આટલો બધો વખત મારાથી દૂર રહ્યાં એ જાણીને મને નવાઈ લાગે છે. આપણો સંબંધ જોતાં તો તમારે મારાથી એક ક્ષણ પણ છૂટા પડવું જોઈતું નહોતું. સંસારમાં મેં શ્વાસ લેવાનું શરૂ કર્યું. ત્યારથી જ તમારે મારી સાથે શ્વાસ લેવાની શરૂઆત કરવી જોઈતી હતી. મારાથી એક ક્ષણ દૂર રહેવાની તમારે જરૂર જ ક્યાં હતી ? જો દૂર જ રહેવું હતું તો મને આ સંસારમાં તમારી પહેલાં ને એકલો શા માટે મોકલ્યો ? અત્યાર સુધી તો આપણે સાથે રહીને આ સંસારને શુદ્ધ પ્રેમનો પાઠ આપી શક્યાં હોત, પ્રેરણા પહોંચાડી શક્યાં હોત, ને પૃથ્વીને રેલમછેલ કરી પાવન કરી હોત. તેને બદલે વરસો વીતી ગયાં છે, પણ હજી મારી સાધના પૂરી થઈ નથી. મારી વેદના એવી જ ચાલુ છે, ને મારી આહ એકધારી ઉઠ્યા જ કરે છે. દર્દને દફનાવવાનું કામ મારે માટે કપરું થઈ ગયું છે. શું તમને આ બધું સારું લાગે છે ?

માટે જ કહું છું કે હવે મને તમારા વિરહની કારમી યંત્રણામાંથી કાયમને માટે મુક્ત કરી દો. હે મહાદેવી, મુક્ત કરી દો.



* * * * *

* * * * *

## ૬૯. હૃદયનો પ્રેમ

તમે જાણો છો કે મારી પાસે ધન નથી ને તમને ધનની સ્પૃહા પણ ક્યાં છે ? તમને ખબર છે કે મારી પાસે વૈભવ ને ઐશ્વર્ય નથી ને તમને વૈભવ ને ઐશ્વર્યની કામના પણ ક્યાં છે ? મારામાં રૂપ નથી, ગુણ નથી, જ્ઞાન નથી ને બળ પણ નથી. કોઈ અલૌકિક સામર્થ્યનો પણ મારામાં અભાવ છે, ને તમને તેની જરૂરે ક્યાં છે ? તરસે ક્યાં છે ? તમે તો મારા પ્રેમમાં જ મગન છો.

હું જાણું છું કે તે પ્રેમ ઘણો અલ્પ છે છતાં તમે તેના આસ્વાદનો અનુભવ કરવામાં જાણે કે તમારું સૌભાગ્ય સમજો છો ને મને તમારા અંતરના અંતરતમમાંથી પ્રેમ કરો છો એ મારે માટે ઓછા આનંદની વાત નથી. સ્નેહ અને સમજના સંબંધો પર રચાયેલો આપણો પ્રેમ, એટલે જ કહું છું કે બધું મરશે, પણ અમર રહેશે.

* * * * *

* * * * *

## ૭૦. આત્માનો સંબંધ

કંઠથી મોહાઈને શું કરું ? કંઠ તો નશ્વર છે. આજે છે ને કાલે નથી : કંઠથી મોહાઈને શું કરું ?

રૂપથી મોહાઈને શું કરું ? રૂપ તો નશ્વર છે. આજે છે ને કાલે નથી : રૂપથી મોહાઈને શું કરું ?

જ્ઞાનના ગૌરવથી ઘેલો થઈને શું કરું ? જ્ઞાન પણ પરિમિત છે. આજે છે તેવું કાલે નથી. જ્ઞાનના ગૌરવથી ઘેલો થઈને શું કરું ?

બળની પાછળ બહાવરો બનીને પણ શું કરું ? બળ પણ નશ્વર છે. આજે છે ને કાલે નથી. બળની પાછળ બહાવરો બનીને પણ શું કરું ?

શરીરની પાછળ પાગલ બનીને શું કરું ? શરીર તો ક્ષણિક છે. આજે છે ને કાલે નથી. શરીરની પાછળ પાગલ બનીને શું કરું ?

હું તો તમારા હ્રદયથી મોહિત થયો છું, તમારા હ્રદય પર વારી ગયો છું. આત્માના અનુરાગથી અંજાયો છું ને માટે જ કહું છું કે આપણો અનુરાગ અમર છે. જેમ આત્મા અમર છે, પરમ સુખમય છે, તેમ આપણો સંબંધ અમર ને સુખમય છે.

* * * * *

* * * * *

## ૭૧. તમારી જરૂર

જરી વિચાર તો કરી જુઓ કે તમારી જરૂર મારા જેટલી આ જગતમાં બીજા કોને છે ? બીજા કોના અંતરમાં તમારે માટેના વિરહની આટલી મોટી સગડી સળગી રહી છે, કોનું અંતર તમારે માટે આટઆટલું તલસી રહ્યું છે, કોણે તમારી સાથે આવી પુરાણી ને પવિત્ર પ્રીત બાંધી છે; અનુરાગનાં આટઆટલાં આંસુ તમારે માટે બીજા કયા બડભાગી પુરુષે વહાવ્યાં છે; કોણે તમને પોતાનાં પ્રાણ ગણીને પોતાના રોમેરોમમાં પ્રતિષ્ઠિત કર્યાં છે; આંખ ને અંતરમાં આટઆટલો ઉમળકો ભરીને આજ સુધી તમને બીજા કોણે નિહાળ્યાં છે, ને કોણે તમારે માટે પોતાની જાતનું સર્વ સમર્પણ કર્યું છે તેનો વિચાર તો કરી જુઓ.

તમારે માટેનો આટલો તલસાટ મારા વિના બીજા કોના દિલમાં છે ? મારા વિના બીજા કોનું હૃદય તમને એક ક્ષણ પણ જોયા વિના તૂટી જાય છે ને રડી ઊઠે છે ? તમને નિત્ય નિરંતર જોયા કરવાની અખંડ ઝંખના મારા વિના બીજા કોની આંખમાં જાગ્રત થઈ છે, ને બીજા કોના હૃદયમાં તમારે માટેના રાગની આટઆટલી રાગરાગિણી પ્રકટી ને પ્રસરી રહી છે ? મારે તમારા વિના બીજો કોઈયે આધાર નથી. આ સંસારમાં તમારા વિના દિલ ખોલવાનું ને ઠરવાનું બીજું એકે ઠામ નથી. ને બીજા કોઈની અંદર મારા અંતરની તરસને તૃપ્ત કરવાની તાકાત નથી તેનો વિચાર તો કરો. બીજાને તો તમારા વિના સહેજે ચાલી શકશે. પણ મારે માટે તો તમે જ સર્વ કાંઈ છો. માટે તો હું તમને આજે વરસોથી ઝંખું છું ને પ્રેમ કરું છું. માટે હવે વધારે વિચાર ના કરો ને મને તમારે હૈયે લગાડી કાયમને માટે આનંદ આપવા વહેલામાં વહેલી તકે તમે મારી પાસે પ્રકટ થાવ. તમારા વિના મારા જીવનનો મધુમય બાગ વેરાન ને ઉજ્જડ થઈ જશે એ નક્કી છે.

* * * * *

* * * * *

## ૭૨. દૈવી દશા

તમે મારી સાથે કાયમને માટે રહેવા આવશો ત્યારે મારી દશા કેવી અનેરી થઈ જશે તેની કલ્પના કરી શકો છો ? આજે તમે તમારા અલૌકિક સ્વરૂપમાં મારી પાસે પ્રકટ થઈને મને તમારા પ્રેમનું પીયૂષ પાયા કરો છો ત્યારે મારી આ દશા થાય છે, તો તમે સદાને માટે મારી સાથે રહેવા આવશો ત્યારે મારી દશા કેવી દૈવી થઈ જશે તેની કલ્પના કરી શકો છો ?

તમારી આંખોમાંથી મારી આંખોને હું પાછી હઠાવીશ નહિ, ને છાતી પરથી છાતીને અલગ નહિ કરું. તમારા હાથને હાથમાં લઈ તમારી રસસુધાનું પાન કરતાં હું બેસી રહીશ - દિવસો, મહિના ને વરસો સુધી બેસી રહીશ ને તમારી મરજી મુજબ વિચરણ કરતો રહીશ. ખાવું, પીવું ને સુવું મારે માટે મુશ્કેલ થઈ પડશે; ને તમારા વિના મારું બધુંયે જગત અદૃશ્ય બનશે.

આજે તમારા પ્રેમમાં હું આટલો બધો મગ્ન છું, તમારી પાછળ હું આટલો બધો પાગલ છું. તો તમે મારી પાસે તમારા પરિપૂર્ણ રહસ્યને ખોલી દેશો ને મારી સાથે સદાને માટે રહેવા માટે પ્રકટ થશો, ત્યારે મારી દશા કેવી અનેરી થઈ જશે તેની કલ્પના કરી શકો છો ?

હા, તે વખતે પણ પૃથ્વીને મારામાંથી પ્રકાશ મળતો જ રહેશે. માનવજાતિને જ નહિ પણ સમસ્ત મનુકુળને મારી મદદ મળતી રહેશે. તેની મને ખબર છે કેમ કે મારું ને તમારું જીવન જ તે માટે છે : બીજાના મંગલ માટે.

* * * * *

* * * * *

## ૭૩. મારી દશા

તમે મારી આંખમાં આંખ નહિ મિલાવો ને સ્મિત સાથે મારો સત્કાર નહિ કરો તો પણ હું તમારું દર્શન કરવા કાયમને માટે તલપાપડ રહીશ, ને તમારા સુધામય સ્વરૂપની ઝાંખી કરીને, દૂરથી પણ કરીને, ખુશ થઈશ.

તમે મને તમારા આલિંગનનો આનંદ નહિ આપો, ને મારે માટે તમારી વ્હાલભરી વાણી નહિ વહેવડાવો તો પણ, હું મારા ગીતની પૂજા ચાલુ જ રાખીશ, ને આજ સુધી તમે આપેલા આલિંગનના આસ્વાદને અનુભવ્યા કરીશ.

કેમ કે તમારા વિના મને ચાલે તેમ નથી. મારું હૃદય હવે તમારું જ થઈ ગયું છે ને તમે મારાં થાવ કે ના થાવ તો પણ તેની નિષ્ઠામાં કાંઈ ફેર પડનાર નથી. તે તો તમને ઝંખ્યા જ કરશે. ને તમે પણ ક્યાં સુધી નહી આવો ? ક્યાં સુધી તમારા પ્રેમામૃતથી મારા તનમનને નહિ પખાળો ? આખરે તમને પણ હૃદય છે. એટલે મારા હૃદયના પડછંદા તેની પાસે જરૂર પહોંચી જશે ને મને મળવા - પોતાની અંદર સમાવી લેવા, તે આતુર આતુર બની જશે. આ જ શ્રદ્ધા ને આશાથી આજે તો મુસીબતોની વચ્ચે પણ માર્ગ કાઢતાં જીવી રહ્યો છું - કહો કે જીવનને ટકાવી રહ્યો છું.

* * * * *

* * * * *

## ૭૪. સાધનાનું રહસ્ય

સંસારમાં સાધારણ રૂપોમાં હું તમારા જ મંગલમય સ્વરૂપનું દર્શન કરું છું, તેથી સૌને પ્રેમ કરું છું. પણ ક્યાંય અસફળ થતો નથી. મારું લક્ષ્યસ્થાન તો તમે જ છો, ને તમને પરિપૂર્ણપણે પામવાના પ્રયાસ હું નિત્યનિરંતર કર્યા કરું છું. તમને પામ્યા વિના મને ચેન નહિ જ પડે.

સંસારના સાધારણ રૂપોમાં હું તમારા જ મંગલમય સ્વરૂપનું દર્શન કરું છું. કોઈની અવગણના મારાથી થઈ શકતી નથી. જે પ્રેમ, સુંદરતા ને મધુરતા સંસારમાં દેખાય છે તે તમારી જ છે એમ માનીને હું તેને મનોમન વંદન કરું છું. ને તેની અંદર તમારા પ્રકાશની ઝાંખી કરું છું.

તેમની અંદર જ આસક્ત થઈને હું બેસી રહેતો નથી. પણ તેમનો વિચાર કરીને તમારા જ મહામહિમાવાન સ્વરૂપની પાસે પહોંચવાની કોશિશ કરું છું. આ રીતે જ બચપણથી હું સંસારમાં તમારો સાક્ષાત્કાર કરું છું, ને શાંતિ તથા આનંદ અનુભવતો રહું છું.

* * * * *



* * * * *

## ૭૫. તમે મારાં પ્રેરણાદેવી છો

તમે મારાં પ્રેરણાદેવી છો. તમારામાંથી જ મારા જીવન, પ્રકાશ, ગીત ને મારી દુનિયાનો ઉદય થાય છે; તમારામાંથી જ તે પોષણ પામે છે; તમારે માટે જ તે સમર્પિત થાય છે ને છેવટે તમારા જ મહિમામાં સમાઈ જાય છે.

તમે મારાં પ્રેરણાદેવી છો. તમારે લીધે જ હું જીવનનો આનંદ લૂંટી શકું છું, જીવનને ઉત્સવમય બનાવી શકું છું, ને નવાં નવતર હિતને લઈને તમારી અખંડ આરાધનામાં તન્મય થઈ શકું છું.

તમે મારાં પ્રેરણાદેવી છે. તમારી પ્રેરણા પ્રમાણે જ મારું જીવન ચાલે છે, ને તમારી પ્રેરણા પ્રમાણે જ તેનો ઘાટ ઘડાય છે. તમારા વિના મારું જીવન નીરસ બની જાય, નિરર્થક થઈ જાય, ને નિષ્ફળતાના નમૂના જેવું બની રહે. તમારે લીધે જ તે રસ ને કસથી ભરેલું બન્યું છે, સાર્થક ને સફળ થયું છે, ને ધન્યતાને વર્યું છે. તમારા વિના તે ખરેખર અપંગ થઈ જાય તેમ છે. તમે મારાં પ્રેરણાદેવી છો.

* * * * *

* * * * *



## ૭૬. જવાસાનો છોડ

જંગલમાં જતાં આજે જવાસાના છોડને જોયો. ચાલતાં ચાલતાં અચાનક મને તેના કાંટા વાગ્યા ને હું તેની પાસે ઉભો રહ્યો તો તેણે કહ્યું : પ્રભુ મારા હૃદયને જાણો છો ? ઉનાળાના તાપમાં બધું બળીને ખાખ થઈ જાય, ત્યારે હું લીલોછમ રહું છું ને જીવનનો આનંદ લઉં છું. પણ ચોમાસામાં કરમાઉં છું, જીવનથી હાથ ધોઈ બેસું છું.

મને તેની વાત જરા વિચિત્ર લાગી. મેં કહ્યું : તારી વાત ઘણી ન્યારી ને સારી છે. સંસારને સારું તારામાં સુંદર શિક્ષા સમાયેલી છે. દુઃખ ને પરિતાપમાં માણસે મુંઝાવાનું ને મુરઝાવાનું નથી, પણ જીવનમાં આનંદ લુંટતાં શીખવાનું છે, ને રસની રેલમછેલમાં તટસ્થ રહીને ઉદાસીન બની પોતાની બાહ્ય રસવૃત્તિને હળવી કરવાની છે.

તેણે સ્મિત કરતાં મારી વાતને મંજૂર રાખી.

* * * * *



* * * * *

## ૭૭. જોવાનો આનંદ

તમને જોવાનો આનંદ પણ કેટલો બધો અનેરો છે ! તમારી આંખ મળે છે ત્યારે કેટલો ઉમળકો આવે છે, ને કેવો મહોત્સવ થાય છે ! અંતર આખુંયે જાણે ઉમટી પડે છે, અનેરા અનુરાગથી ઉભરાઈ જાય છે; મન ને વાણી વિરમી જાય છે, ને તમારા વિના બીજું બધું જ ભૂલી જવાય છે.

એમ થાય છે કે તમને જોયા જ કરું - રાત ને દિવસ, પળ ને વિપળના વિક્ષેપ વિના તમને જોયા જ કરું; ભૂખ, તરસ, નિદ્રા ને આરામ બધાથી ઉપર ઉઠીને તમને જોયા જ કરું. તમે ક્યાંયં હઠો નહિ ને હું પણ હઠું નહિ. બસ રાતદિવસ જોયા જ કરું.

અમૃતના આચાર જેવા તમારા અંગમાં આંખ અડતાંવેંત દૃષ્ટિ સ્થિર થઈ જાય છે, ને સમાધિનું સહજ સુખ જાણે કે સાકાર બને છે. ગ્રંથો નિરસ બને છે, ક્રિયાઓ ક્ષુલ્લક લાગે છે, ને બીજો બધો જ વ્યવહાર થંભી જાય છે.

તમને જોવાનો આનંદ અખંડ રીતે મળ્યા કરે એવી કૃપા કરી દો તો પણ હું તમારો ઋણી રહીશ, તમારો મહાન ઉપકાર માનીશ.

* * * * *

* * * * *

## ૭૮. ગીતોની ભેટ

મારા જેવો એક સાધારણ માણસ તમને શું આપી શકે ? મારી પાસે છે જ શું ? કેવળ રાગથી રંગાયેલું ને લથપથ થયેલું હૃદય છે. તે પણ તમે આપેલું છે. એટલે તેમાં મારા જેવું કાંઈ જ નથી. છતાં જો માનો તો મારી મૂડીમાં એટલું જ છે. તેને હું તમારા તરફ ખુલ્લું મૂકું છું, વહેવડાવું છું, ને તેમાંથી છૂટતાં સંગીતના સ્વરથી તમારી સેવા કરવા સદા તૈયાર રહું છું.

મારાં ગીતોને તમે કોઈ સાધારણ ગીતો ના સમજશો. શબ્દોનો તે કાંઈ સૂકો સમૂહ નથી. તે તો મારું જીવન છે, હૃદય છે. લોહીમાં-ખૂનમાં ને શ્વાસોશ્વાસમાં જે વહે છે તે તમને લખી આપ્યું છે, ને અંતરમાં અંકિત થયું છે તે જ અર્પણ કર્યું છે.

* * * * *

* * * * *

## ૭૯. મારું બળ

તમે મને બળવાન માનો છો, હું તમારા વિરહને વધુવાર સહન કરી શકીશ એમ કહો છો તે જાણીને મને નવાઈ લાગે છે. તમે હજી મારા અક્ષરને ઓળખી શક્યા લાગતા નથી. મારા અંતરમાં તમારા અનુરાગનો જે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે તેનાથી મારાં રોમેરોમ રંગાઈ ગયાં છે, ને મારું તનમન ભીનું થયું છે. મારો પ્રાણ તમને મળવા માટે બેચેન બની ગયો છે, ને આત્માની આકુળવ્યાકુળતાનો પાર નથી. મારા જીવનને હું કેવી રીતે વેદનાપૂર્વક પસાર કરી રહ્યો છું તેનો તમને ખ્યાલ લાગતો નથી. નહિ તો તમે મને વધારે ને વધારે સહન કરવાનો ઉપદેશ આપવાને બદલે તમારા મિલનનું મધુર સુખ આપવા વહેલામાં વહેલી તકે મારી પાસે હાજર થાત.

હું બળવાન જરૂર છું. પણ તે તો સંસારના સંકટને સહન કરવામાં, નિંદા ને ટીકાનો પ્રહાર ઝીલવામાં ને પ્રલોભનો ને ભયસ્થાનોની સામે લડવામાં : પરંતુ તમારા પ્રેમનો પ્રશ્ન આવે છે ત્યાં તો હું ફૂલ જેવો કોમળ સાબિત થાઉં છું. તમારા પ્રેમથી મારું હૃદય પીગળી જાય છે. તમારા વિરહની વેદના મને મારી નાખે છે. તે બાબતે મારી જાતને વધારે બળવાન બતાવવાનો મારો વિચાર બિલકુલ નથી.

મારું હૃદય કુસુમ જેવું કોમળ છે; છતાં તેણે આજ સુધી અનેક આઘાતો સહન કર્યાં છે. તમારા વિરહના દાવાનળમાં તે વરસોથી જલતું આવ્યું છે. તેનો દાહ ખૂબ જ વધી ગયો છે. છતાંયે તે તમારે માટેની વ્યથાને શાંતિથી સહન કરી રહ્યું છે. આથી વધારે બળવાન બનવાનું કામ તેને માટે મુશ્કેલ છે. અરે આટલું બળવાન બનીને તે બેસી રહ્યું છે, એ જ શું અચરજની વાત નથી ? માટે હવે મને બળવાન બનવાનો ઉપદેશ ના આપો. હવે તો તમે જ બળવાન બનીને મારી યોગ્યાયોગ્યતાના બધા વિચારોને ગૌણ ગણી મને તમારો પ્યારો ને કૃપાપાત્ર બનાવી દો.

* * * * *

* * * * *

## ૮૦. સોનેરી દિવસ

તમારી છાતી પર સુઈને તમારી આંખના અમીને પીતાંપીતાં હું તમારાં ગીતોની રચના કરું ને તે ગીતોના રસનું તમને પાન કરાવું તો કેટલો આનંદ આવે ! શું એવો દિવસ પણ કદિ આવશે જ્યારે તમારા આલિંગનમાંથી હું એક પળ પણ અળગો નહિ થાઉં, ને તમને છોડીને બીજે ક્યાંય નહિ જાઉં ? વહાલની વર્ષાથી ન્હવડાવતાં હું તમને મારું સ્નેહસંગીત સંભળાવ્યા કરીશ, ને તેમાં તરબોળ બની તમે તમારા આલિંગનને ગાઢ કરશો, કદિક મારી સામે દેવદાસીની જેમ નર્તન કરશો, તો કદિક મારી સાથે ગાવા માંડશો. એ સોનેરી દિવસ મારા જીવનમાં ક્યારે આવશે ?

* * * * *

* * * * *


## ૮૧. ગીતોની સેવા

અંતરના અનુરાગની અંજલિ જેવાં આ ગીત તમને પ્યારાં લાગે કે ના લાગે, તમને પ્રસન્ન કરે કે ના કરે, ને તમારે મન તેમની કીમત હોય કે ના હોય, મારે મન તો ખૂબ જ મધુરાં ને મહામુલ્યવાન છે. મારે મન તો જીવન જેવાં છે, અંતરને આરામ આપનારાં ને પ્રાણને પ્રફુલ્લિત કરનારાં છે. મારા રોમેરોમ તેમજ રક્તના રણકાર ને હૃદયના ધડકારમાંથી પ્રકટ થયેલાં આ ગીત વિશે તમે જે માનતાં હો તે ભલે માનો, મારે માટે તો તે અત્યંત આશીર્વાદરૂપ ને સાધનાની સામગ્રીરૂપ છે. મારા હૃદયમાં અંકિત થયેલા એ ગીતના ગૌરવને હું સદાયે જીવતું રાખીશ, ને અવનીને એથી અલંકૃત કરીશ.

આ ગીતો તમારે ને મારે માટે જ છે એ બરાબર છે. પણ પૃથ્વીના હિતને માટે તે પ્રકટ થાય તે જરૂરી છે. તમે તેમને ગુપ્ત રાખવાનું કહેશો તો તે નહિ ચાલે. પ્રેમનાં પવિત્ર પરમાણુ જ્યારે આ પૃથ્વીમાં દિનપ્રતિદિન ઓછાં થતાં જાય છે, ત્યારે આપણા પ્રેમના આ પડછંદાનો પ્રસાર થાય તે જરૂરી છે. એ રીતે તમારી ને તમારા સંસારની સેવા કર્યાનો મને સાચો સંતોષ મળી શકશે.

* * * * *

* * * * *




## ૮૨. આલિંગનનો આનંદ

તમે મને આલિંગન આપો છો ત્યારે મારા દિલની દશા કેવી દૈવી થઈ જાય છે તે હું કેમ કરીને કહી બતાવું ? એ સુખનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. એ શાંતિનો ચિતાર આપવા મારી પાસે શક્તિ નથી, ને એ વખતના અપરિચિત આનંદનો ઉલ્લેખ કરવાની કળામાં હું કુશળ નથી.

આપણા બંનેના અંતર એ વખતે એક થઈ જાય છે ને તેમાંથી સંવાદી સુરાવલિનો ઉદય થાય છે. સરિતાના સંગમ કરતાં વધારે સુંદર, મગંલમય ને મહાન એ મેળાપમાં તન, મન ને અંતરના બધાયે તાપ ટળી જાય છે, ને જીવન કૃતાર્થ થાય છે.

વીણા વગાડનારને કોઈવાર જોયો છે ? તેની સામે નર્તકીનું નૃત્ય ચાલી રહ્યું હોય છે. બેસુરી થયેલી વીણા સંવાદી થઈ. ઝણઝણાટ સાથે સ્વરનું અનુસંધાન થયું. એ સ્વર સાથે ગાયકે સંવાદ સાધ્યો ને પેલી નર્તકીનું અંતર પણ એક થયું. તેણે નેહભર્યું નૃત્ય કર્યું ને છેલ્લે નમન કર્યું. જીભ, હોઠ, અંગ ને અંતરનો એવો ઝણઝણાટ, એવો સંવાદ ને એવો અનેરો આત્મીય આનંદ તમારા આલિંગનના સમય દરમ્યાન હું અનુભવ્યા કરું છું.



* * * * *

* * * * *

## ૮૩. સમજવામાં ભૂલ ના કરશો

તમે મને સમજવામાં ભૂલ ન કરશો. એવી મારી પ્રાર્થના છે. ઉપર ઉપરથી હું તમને જડ ને લાગણીહીન લાગું છું, છેક જ શાંત દેખાઉં છું, ભાવની ભરતી ને ઊર્મિના તરંગોથી રહિત દેખાઉં છું, પણ ખરેખર મારા હૃદયને તેવું ના માનશો.

મારા અંતરમાં તો તમારા અનુરાગનો અખંડ અગ્નિ સદાયે સળગ્યા કરે છે. સાગરમાં ઉઠતા ભયંકર તોફાન જેવું તોફાન ચાલ્યા કરે છે. પણ ઉપરથી મુખને મધુમય ને આનંદમય રાખીને હું સંસારમાં ફરી રહ્યો છું. આવી અલૌકિક છે મારી અવસ્થા. માટે જ કહું છું કે મને સમજવામાં ભૂલ ના કરશો.

* * * * *

* * * * *

## ૮૪. દર્દ ને સહનશક્તિ

તમે મને કહો છો કે મારે તમારા પ્રેમના દર્દને સહન કરતાં શીખવું ને ટેવાવું જોઈએ; પણ હું તમને બે હાથ જોડીને કહું છું કે એ વાત મારાથી કદી પણ બની શકે તેમ નથી. વળી તમે કહો છો કે તમારા તરફ થતા ઉરના ઉમળકા ને ઉન્માદને મારે ધીરે ધીરે શાંત કરવો જોઈએ : તો તે બાબત પણ મારે એ જ કહેવાનું હોય કે એ વાત પણ તદ્દન અશક્ય છે. મારા સ્નેહ ને સંવેદનના સહજ સૂરોને દબાવી દેવાની કે શાંત કરવાની મને જરીયે ઈચ્છા નથી. તે તો નિરંતર વધતા જ જાય છે, ને વધતા જ રહેશે. તમારે માટેનો મારો પ્રેમ રાતદિવસ વધતો જ જાય છે ને વધતો જ રહેશે. તેમાં કદી ઓટ આવી શકે તેમ નથી.

કોણ જાણે મારા હૃદયમાં તમારે માટે આટલો બધો પ્રેમ શા માટે થાય છે ! પણ એક વાત ચોક્કસ છે કે તમારા પ્રેમથી મને સ્વર્ગસુખ મળે છે, ને મારું જીવન મંગલમય બને છે.

* * * * *

* * * * *

## ૮૫. દેવતાની પૂજા

મંદિરના દેવતાની આરતિ ઉતારી રહેલી એ નર્તકીની વાત તો સાંભળો. અમે બંનેએ સાથે જ એ મંદિરની મુલાકાત લીધી. દેવતાના ચરણમાં પુષ્પાંજલિ અર્પણ કરીને તે નમી પડી, ને પછી આરતિના આહ્લાદક સ્વરોમાં મંદમંદ કૈંક ગાવા માંડી. તેનું નૃત્ય ને ગીત જોઈને સૌને આનંદ થયો. દેવતા પણ જાણે કે પ્રસન્ન થયા.

પણ ત્યાં તો તે તરત મારા પગમાં પડી. આરતિ મને અર્પણ કરી, મારા પગને હાથની માળાથી વીંટી વળી, બેહોશ બનીને ઢળી પડી.

લાંબે વખતે ભાન આવતાં તે બોલી ઉઠી, મારા દેવ તમે જ છો. એટલે જ મારી પૂજા મેં તમારે ચરણે અર્પણ કરી છે. મારા તન, મન ને અંતરમાં આજે ધન્યતાની વીણા વાગી રહી છે.

ખરેખર તેની પૂજા અનેરી હતી.

મંદિરના કર્મચારીઓને આ રહસ્ય સમજાયું નહિ. તેમાંનાં કેટલાક તો આવેશ ને ઉશ્કેરાટમાં હતા. પરંતુ ઈશ્વરના દરબારમાં તેની પૂજાની કદર થઈ, તેની આરાધના અંકિત થઈ ગઈ, એમ સાચે જ લાગ્યું.

* * * * *

* * * * *

## ૮૬. આવરણભંગનો આનંદ

કૃપાની અસીમ વૃષ્ટિ વરસાવીને તમે આપણી આડે આવી રહેલા આવરણનો ભંગ કર્યો ને મને તમારા સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો અવસર આપ્યો એથી મારું હૃદય ખરેખર ભાવવિભોર ને ગદગદ બની ગયું છે. આવરણના ભંગનો એ આનંદ મારી નસેનસમાં નાચ્યા કરે છે.

આ આવરણને લીધે જ જીવ તમારાથી દૂર છે. હૃદય શુદ્ધ થઈ જાય, નિર્મળ બની જાય, ને તમારા પવિત્ર પ્રેમથી પુલકિત ને પાવન થાય, એટલે આવરણનો ભંગ થાય છે. તમારી કૃપાથી એ કામ સહેલું બને છે, ને જન્મોજન્મની દરિદ્રતા ટળી જાય છે.

આવરણભંગનો આનંદ આપવા બદલ હું તમારો અત્યંત આભાર માનું છું.

* * * * *

* * * * *

## ૮૭. હેલીની જરૂર

પૃથ્વીનો તાપ ને તલસાટ ઘણો પ્રબળ છે. વરસાદનાં ફોરાંથી તેને તૃપ્તિ થાય તેમ નથી. તેને તો હેલી જોઈએ છે, અનંત હેલી. જે તેને ગાંડી કરી નાંખે, પાગલ કરે, સાન ને ભાન ભૂલાવે.

કલાક બે કલાકના વરસાદથી તેના દિલની બળતરા મટે તેમ નથી. એટલે તો હમણાં જ વરસાદ વરસી ગયો છે તો પણ, તેના દિલમાંથી વરાળ નીકળ્યા કરે છે.

મારા ઉરનો ઉકળાટ પણ એવો જ અનેરો છે. વ્યથાની વરાળ તેમાંથી નીકળ્યા જ કરે છે. તમારી કૃપાના બે ચાર બિંદુથી તેની શાંતિ નહીં થઈ શકે. મારું તલસતું અંતર તમારા પ્રેમના બે ચાર ફોરાંથી તૃપ્તિ નહીં મેળવે. તેને તો હેલી જોઈએ. જેમ પહેલાંના વખતમાં વરસાદની હેલી થતી ને બધે રેલમછેલ થઈ રહેતી, તેમ તમારા હેતની હેલીની મારે તો જરૂર છે. તેવી હેલી થાય તો જ મારા દિલની વેદના ને વરાળ દૂર થઈ શકે, ને મારું તન, મન ને અંતર સંતોષ ને શાંતિની સુવાસ ત્યારે જ છોડી શકે.

* * * * *

* * * * *



## ૮૮. ઉત્કટ અનુરાગ

તમારા રૂપનું પાન કરતાં હું ધરાતો નથી, ને તમારા પ્રેમનો આસ્વાદ લેતાં મને દિવસે કે રાતે, અરે એક ક્ષણનો પણ આરામ નથી. અંતરને તમારો એવો ઉત્કટ અનુરાગ થઈ ગયો છે.

તમારા ગુણના ગૌરવને ગાતાં ગાતાં મને તૃપ્તિ વળતી નથી, ને ગૌરવની ગાથા પણ ખૂટતી નથી. અંતરને તમારો એવો ઉત્કટ અનુરાગ થઈ ગયો છે.

તમારી સુંદરતા ને મધુરતાનું પાન કરતાં મને થાક લાગતો નથી, ને કદી તૃપ્તિ વળતી નથી. એનો ભંડાર એવો અનહદ છે, અપરંપાર છે.

તમે પોતે નિત્યનૂતન છો, તેમ તમારું સર્વકાંઈ નૂતન જ છે.

* * * * *

* * * * *

## ૮૯. રહેવાનો આનંદ

તમારી સાથે રહેવાનો આનંદ કેટલો અજબ છે ! તમારું અખંડ દર્શન કરીને આંખ ને અંતર ઉત્સવના અનંત આનંદથી ઉભરાઈ જાય છે, ને તમારા સહવાસમાં મનને અસીમ શાંતિ મળી રહે છે. દુઃખ, દર્દ ને ચિંતા તેમજ ભય ને શોક તમારી પાસેથી હઠી જાય છે, ને જીવનની ધન્યતાની વીણા એકેક કરતાં ચઢિયાતાં ગીત ગાયા કરે છે. સમસ્ત સંસારની સંપત્તિ તે વખતે ફીકી લાગે છે. તમારી સાથે રહેવાનો આનંદ કેટલો અજબ છે !

આજે તમે મારા પર કૃપા પણ ખૂબ જ કરી. તમારી અપાર પ્રેમવર્ષામાં આજે રાતે તમે મને ભીંજવીને નહવરાવી દીધો. તે માટે હું તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

* * * * *

* * * * *

## ૯૦. સુહાગ

રથમાં બેસીને આપણે મુસાફરી કરતાં હતાં ત્યારે તમે તમારી બંગડી અચાનક તોડી નાખી. તે જોઈને મને નવાઈ લાગી. ત્યારે તમે કહ્યું : બંગડી સુહાગનું ચિન્હ છે, પરંતુ મારો સુહાગ તો સનાતન છે. સંસારના સાધારણ સ્વામીનો સંબંધ છોડી દઈને મેં હવે પ્રિયતમ પરમાત્માનો સ્નેહ સંબંધ શરૂ કર્યો છે. સુહાગનાં બહારનાં ચિન્હોની તેમાં જરૂર નથી.

તમારો એ ખુલાસો સાંભળીને મને આનંદ થયો. તમારી વેણીમાં ગુલાબના ફૂલને પરોવીને તમને આશીર્વાદ આપતાં મેં કહ્યું : ખરેખર તમારો સુહાગ અમર છે, ને અમર રહેશે.

તે રાતે તમે તમારી સેંથીમાં પહેલી જ વાર સિંદૂર પૂર્યું.

* * * * *

* * * * *

## ૯૧. આલિંગનની અવસ્થા

તમે મને ગાઢ આલિંગન આપો છો ને આપણાં અંગો એકાકાર બની જાય છે, ત્યારે મારી દશા કેવી અનેરી થઈ જાય છે ! સમાધિનું સહજ સુખ તે વખતે સાકાર થાય છે ! અંગેઅંગમાંથી તંતુવાદન શરૂ થાય છે, ને મન કોઈ મહોત્સવમાં શામેલ થાય છે. તમે મને ગાઢ આલિંગન આપો છો ને આપણાં અંગો એકાકાર બની જાય છે, ત્યારે મારી દશા કેવી અનેરી થાય છે !

તમારા અંગથી અળગા થવાની મારી ઈચ્છા થતી નથી, ને આંખ તમારી અમૃતમય આંખથી દૂર હઠતી નથી. એવી શાંતિ મને બીજે ક્યાંય મળતી નથી. વિકાર ને વાસના તો ઉઠતાં જ નથી. યોગ, જ્ઞાન ને ભક્તિના ભંડાર ત્યારે ઝાંખા લાગે છે. એમ થાય છે કે આ રીતે આપણે પડ્યા જ રહીએ - પ્રેમ ને પવિત્રતાની પ્રતિમા જેવાં, સંયમના સાકાર સ્વરૂપ સરખાં આપણે પડ્યાં જ રહીએ.


* * * * *

* * * * *

## ૯૨. ગીત ને દર્દ

તમે કહો છો કે ‘તમારી પાસે ગીત ગાવાની કળા છે, કુદરત સાથે એક થવાની આરાધના છે, તેથી તું મારા પ્રેમના દર્દને દૂર કરી-ઓછું કરી ને શાંત કરી શકીશ’ : પણ તમારી એ માન્યતા ભૂલી છે. ગીતોમાં મારા હૃદયને વહાવીને મારી વેદનાને ઓછી કરીશ એ વાત બરાબર નથી. ગીતોથી તમારા પ્રેમનું દર્દ ઘટતું નથી પણ વધે છે. તમારા અનુરાગના આલાપ એથી વધારે ને વધારે ચિરસ્થાયી ને પ્રબળ બને છે, ને તમને મળવા માટે મન આકુળવ્યાકુળ થઈ રહે છે. કુદરતને ખોળે પણ મારી એ જ દશા થાય છે. આંખ ને અંતર તમારા અનુરાગનાં આંસુમાં પલટાઈને નિરંતર વહેવા માંડે છે, ને પ્રાણ તમારી પૂજા ખૂબ પ્રબળપણે કરવાનો પ્રારંભ કરે છે.

એટલે તમારી માન્યતા મિથ્યા છે. મૂળ વાત તો એ છે કે તમે મારી પાસે કાયમને માટે આવશો, મારા પર પૂર્ણ કૃપા કરી દેશો, ને મારે માટે તમારા પ્રેમનો ભંડાર મુક્ત રીતે ખુલ્લો કરશો, ત્યારે જ મારા દિલનું દર્દ શમી શકશે ને મને શાંતિ પણ મળી શકશે. બીજી કોઈયે રીતે નહિ. આ વાત તમે સારી પેઠે સમજી લેજો.



* * * * *

* * * * *

## ૯૩. બિમારીની ચિંતા

મારી બિમારીની તમારે ચિંતા કરવાની જરૂર નથી. આજે તમે મને સ્વપ્નમાં આવીને મારી ભાવિ બિમારીની શક્યતા વિશે સંકેત કર્યો. તેના ઉત્તરમાં મારે કહેવાનું કે મારી બિમારીની તમારે ચિંતા કરવાની જરૂર નથી. મારી બિમારી તો આજે વરસોથી ચાલ્યા જ કરે છે. કોણ જાણે તે ક્યારની શરૂ થઈ ગઈ છે, પણ તેનું સ્વરૂપ આજે તો અત્યંત પ્રબળ બની ગયું છે.

તમે તેને દૂર કરવા માંગતા હો તો હવે વિના વિલંબે મારી ચિરકાલીન પ્યાસને તૃપ્ત કરવાનો પ્રયાસ કરો, ને એવું કરો કે મને મૂકીને એક ક્ષણ પણ ક્યાંય ના જાઓ. એ વિના મારા દિલનું દર્દ ને મારી બિમારી દૂર થઈ શકે તેમ નથી. માટે મારા આરોગ્યની તમને ચિંતા હોય તો તમારા પ્રેમની દવા લઈને આજથી જ મારી પાસે પ્રકટ થઈ જાવ.

* * * * *

* * * * *

## ૯૪. વેદના

કેટલાક જીવો એવા હોય છે જેમને વેદના વહાલી છે. વહાલની વેદનામાં ન્હાવું જેમને મન સુધાસ્નાન બરાબર થઈ પડે છે. એમની આંખ આગળ એમની આરાધ્યદેવી ઊભી રહે એટલે થયું. તે પ્રેમ પીએ છે, આનંદે છે, ને અખૂટ આનંદમાં સ્નાન કરે છે.

મારું નામ એ પ્રેમી ભક્તોની નામાવલિમાં લખાઈ ચુક્યું છે. તમારે માટેની વેદનાથી મારું હૃદય વીંધાઈ રહ્યું છે. છતાં તેમાં સ્વર્ગસુખ સમજીને તમારી પ્રતીક્ષા કરતાં હું બેસી રહ્યો છું.

પણ વેદના મને વેદનાને ખાતર પ્રિય નથી. આજની વેદના હું એ આશાએ વેઠી રહ્યો છું કે આવતી કાલે તેમાંથી તમારા મિલનનો મધુર રસ પ્રકટી ઉઠશે, ને મારા જીવનની વેરાન વાડીને હરીભરી ને રસકસવંતી કરી દેશે.

* * * * *

* * * * *

## ૯૫. જતી ના કરશો

તમારી પાસે મારી પ્રાર્થના છે કે તમને મળેલા આ અમુલખ અવસરનો લાભ તમે પૂરેપૂરો લઈ લો. હું તમને સંપૂર્ણ દિલથી, દિલના ઊંડાણમાંથી ચાહું છું. તમારે માટે ઝંખું છું, તપું છું, ને વેદના વેઠું છું. તમારા પ્રેમથી મારો પ્રાણ છેક પુલકિત ને પ્રસન્ન થયો છે. મારું રોમેરોમ તમારે માટે તલસે છે, ને સર્વ સમર્પણ કરવાની કામના કરે છે. એમ કહો કે તમારું સદભાગ્ય જ મારા રૂપમાં તમારી આગળ આવીને ઉભું રહ્યું છે.

માટે હવે બીજા બધા જ વિચારોને છોડી દઈને મારા પ્રેમનો સ્વાદ લેવા તમે અત્યારે ને અત્યારે તત્પર થાવ, ને મને તમારા પરમ પવિત્ર પ્રેમમાં તરબોળ કરો. તમને મળેલી આ મહાન તક તમે જતી ના કરશો, એવી મારી તમને પ્રાર્થના છે.

* * * * *

* * * * *

## ૯૬. અમર આશા

જીવનના છેલ્લા શ્વાસ સુધી તમને મેળવવાની મારી આશા નહિ તૂટે. મારી આશા અમર છે. તેની ક્યારી કોઈ પણ રીતે ને કોઈ દિવસ કરમાય તેવી નથી.

તમારી મંગલમય મૂર્તિને હૃદયમાં ધારણ કરીને રોજરોજ પુજ્યા કરીશ, ભજ્યા કરીશ, ને રોજરોજ આંસુની આહુતિ આપ્યા કરીશ. તમારી પ્રસન્નતા માટેની મારી આરાધનાનો કદી અંત નહિ આવે. જ્યાં સુધી સફળ નહિ થાય ત્યાં સુધી તેનો અંત નહિ આવે.

જીવનના છેલ્લા શ્વાસ સુધી તમને મેળવવાની મારી આશાનો તાર જરા પણ નહિ તૂટે.

* * * * *

* * * * *

## ૯૭. ઉપકાર થશે

મારી વેદનાને ઠાલવવાનું એક જ સાધન : તારી શીતળ સુંવાળી છાતી ને પ્રેમામૃતનું પાન. મુક્ત રીતે મને તું તેનું દાન આપ, તો મારી ઘણી વેદના વિસરી શકું. એટલું કર તો તારો ઉપકાર થશે.

તારી સાથે સ્નેહ કરવાનો આ સુવર્ણ અવસર મારા જીવનમાં એકાએક આવી પડ્યો છે ત્યારે જરાય કૃપણ થયા વિના મને તું પ્રેમ કર. તારો મોટો ઉપકાર થશે.

મારો વિચાર તો કરી જો ! તારા વિના મારા હૃદયમાં બીજું કોણ છે ? મારા હૃદયની આ વેદના તેં જ જગવી છે. તારી નેહભરી નજરે તેમાં તીરનું કામ કર્યું છે. તે તું જ તેને શાંત કર. હે દેવી, તું જ શાંત કર. ગમે તેમ કર, પણ હવે મારાથી છૂટી ના પડ. મને તારો સદાનો સાથ ને સહવાસ ધર. મારી પ્રાર્થનાને જરા દયાળુ થઈને ધ્યાને ધર. તારો ઉપકાર થશે.

તારા હૃદયમાં જો મારે માટે લેશ પણ પ્રેમ ને ઉમળકો હોય તો મારે માટે તું બધું જ સમર્પણ કર. તારા પ્રિયમાં પ્રિય પદાર્થ-પ્રાણનો પણ ત્યાગ કર. બીજું બધું જ ભૂલી જઈને તું મારી પાછળ પાગલ બન, ઉન્મત્ત બન, ને મને તારું અખંડ પ્રેમાલિંગન આપી મારું રક્ષણ કર. વિરહના વડવાગ્નિમાંથી કાયમ માટે મારું રક્ષણ કર.

* * * * *

* * * * *

## ૯૮. બીજું કોણ છે ?

તમને આટલી બધી ઉત્કટતાથી પ્રેમ કરનાર, ચાહનાર ને તમારે માટે આટલી બધી લાગણી રાખનાર મારા વિના આ સંસારમાં બીજું કોઈ જ નથી. કેટલા બધા અપાર પ્રેમથી હું તમારી પૂજા કરું છું ને તમને પોકારું છું ! તમારે માટેનો કેટલો અપાર અનુરાગ મારા અંતરમાં ઉત્પન્ન થઈ રહ્યો છે તેની તમને સારી પેઠે ખબર છે. ક્ષણેક્ષણે તમારું સ્મરણ કરીને હું આનંદ માનું છું, ને તમારા ગૌરવનાં ઘેનભર્યા ગીતોમાં મારા પ્રાણને વહેતો મૂકું છું. તમારા પ્રેમનાં આવા મંગલમય ગીતો મારા વિના બીજા કોના અંતરમાંથી આટલા બધા અનુરાગપૂર્વક વહ્યા કરે છે તે તો કહો !

મારી આંખમાં, મારા અંતરમાં ને મારા રોમેરોમમાં એક તમે જ છો. તમારા વિના મારા જીવનમાં બીજું કાંઈ જ નથી. ધમનીના ધબકારામાં એક તમારો જ ધબકાર ચાલી રહ્યો છે, ને એક તમારી જ આરાધનામાં મારો આત્મા એકાકાર બનીને બેસી રહ્યો છે. મારા જીવનનું રહસ્ય તમારા પ્રેમમાં જ પૂરું થાય છે. માટે જ કહું છું કે તમે વિચાર તો કરી જુઓ કે આટઆટલી ભાવના ને શ્રદ્ધાનું ભાથુ ભરીને તમારે માટે મહેનત કરનાર ને શ્વાસ લેનાર આ સંસારમાં બીજું કોણ છે ?

* * * * *

* * * * *

## ૯૯. પ્રશસ્તિ

પ્રેમથી પ્રેરાઈને હું તમારી આટલી બધી પ્રશસ્તિ કરું છું ત્યારે તમે મને વિનોદમાં કહી દો છો કે આટલી બધી પ્રશસ્તિ તે કાંઈ હોઈ શકે ? મારા ગુણગાન કરવામાં ને મારા પ્રત્યે તમારા પ્રેમને વહેવડાવવામાં તમે બાકી રાખ્યું નથી, પણ મારા કોઈ દુશ્મનને તો પૂછી જુઓ : મારે માટે તે કેવો અભિપ્રાય આપે છે !

તમારા એ શબ્દોને સાંભળીને હું જરાક હસું છું ને કહું છું કે મને તમારા દુશ્મનના અભિપ્રાયની પરવા નથી. હું તો મને જે લાગે છે તે જ માનું છું ને કહી બતાવું છું. બીજાને શું લાગે છે તેનો વિચાર નથી કરતો. બીજાને માટે તમે ગમે તે હો, મારે માટે તો મારી જીવનદેવી છો, ને તમને હું પૂજું છું. બીજા દુશ્મનની તો વાત જ શું, કદાચ તમે મારાં દુશ્મન થઈ જાવ તો પણ મારા તમારા પ્રત્યેના પ્રેમ ને પ્રશસ્તિના ભાવમાં લેશ પણ ફેર પડનાર નથી - કદિ પણ પડનાર નથી, એ નક્કી માની લેજો.

* * * * *

* * * * *

## ૧૦૦. વેદનાનો વરસાદ

તમારે માટેની વેદનાને હસતાં હસતાં સહન કરવાનો પ્રયાસ કરું છું. પણ કોઈવાર તેનો વેગ એટલો બધો વધી જાય છે કે મારું હૃદય ફાટી જાય છે ને આંસુની અનત ધારામાં વહેવા માંડે છે.

તમે મને એવો આશીર્વાદ આપો કે તમારે માટેની વેદનાને હું હસતાં હસતાં સહન કરી શકું; તમારા પ્રેમને માટે રાતદિવસ રડ્યા ને તલસ્યા કરું. છતાંયે સદાયે સ્વસ્થ ને શાંત રહું, ને તમારો પાગલ પુજારી બનીને તમારી પૂર્ણ કૃપાની કામના કરતાં પૃથ્વી પર ફર્યા કરું.

વેદનાનો વરસાદ તમે ભલે વરસાવો, પણ તેમાં સ્મિત સાથે સ્નાન કરવાની શક્તિ આપો એટલી જ મારી પ્રાર્થના છે. વેદનાનો વરસાદ તમે ભલે વરસાવો.

* * * * *

* * * * *

## ૧૦૧. તમને જોયા વિના

તમને જોયા વિના મારી દશા કેવી કરુણ થઈ જાય છે તેની કલ્પના તમને આવી શકે છે ? મારું હૃદય રડુરડુ થઈ જાય છે, ને રોમેરોમ તમને મળવા માટે તલપાપડ થાય છે. શેરડીના સાંઠાને પીલવામાં આવે છે ત્યારે તેની જે દશા થાય છે, તેવી કરુણ દશા મારા મનની પણ થઈ જાય છે. બોલવાનું બનતું નથી, વિચારવાનું પણ બનતું નથી, બસ, તમારી રસીલી મુખાકૃતિને યાદ કરીને હૃદય રડ્યા કરે છે, ને પોતાનો ભાર હળવો કરે છે. આ વાતની તમને કલ્પના હોત, જાણ હોત, તો તમે મારાથી એક પળ પણ દૂર ના રહી શકત.

* * * * *

* * * * *

## ૧૦૨. સંપૂર્ણ સુખનો ઉપાય

તમારા વિના કોઈ મને સંપૂર્ણ સુખ નહિ આપી શકે. ને સાચે જ કહું છું કે મારા અંતરમાં સુતેલી સિતાર તમારા વિના બીજા કોઈનાય સ્પર્શે નહિ જાગી શકે. તમારા વિના મને કોઈયે સંપૂર્ણ સુખ નહિ આપી શકે.

રણમાં ચાલતો પ્રવાસી જેમ પાણીની આશાથી આગળ ને આગળ વધતો જાય, ને છાયાને જોઈને હરખાઈ જાય, એ રીતે તમને જોઈને મારું હૈયું હરખાઈ રહ્યું છે. મારા પ્રાણમાં નવી તાકાત પેદા થઈ છે. મારી શક્તિ ફરી તાજી થઈ છે ને મારી આશા અભિનવ બનીને નવાનવા શૃંગાર સજી રહી છે.

ભોગ મેં અનેક ભોગવ્યા ને સ્થાન પણ અનેક જોયા, પણ તેથી તો તમારે માટેના મારા તલસાટમાં વધારો થયો છે. તમારા મુખમંડળને ધારીધારીને જોવાની ઝંખના વધી પડી છે, ને તમારા પ્રેમરસનું પાન કરવા અંતર આતુર થયું છે.

આ જ મારું દર્દ છે ને તેની દવા તમારા વિના બીજા કોઈની પાસે નથી, બીજા કોઈથીયે થઈ શકે તેમ નથી. વરસો વીતી ગયાં છે, પણ મારી ઝંખના હજી શમી નથી ને પ્રતીક્ષા મટી નથી. માટે જ કહું છું કે તમારા વિના કોઈ મને સંપૂર્ણ સુખ નહિ આપી શકે, મારા જૂના દર્દને નહિ ટાળી શકે.

* * * * *

* * * * *

## ૧૦૩. સંસ્મરણની સામગ્રી

આજે રાતે તો મારી આંખ જરાક મળી ગઈ ને તમે મારી સામે પ્રકટ થયાં. તમારું પરમ પ્રકાશિત રૂપ મારી આંખને માટે આનંદદાયક થઈ પડ્યું. તમને જોઈને મારું તનમન નાચી ઉઠ્યું. ત્યાં તો તમે મારો હાથ પકડ્યો ને તમે તમારી આંખને મારી આંખમાં એકાગ્ર કરી કૈંક કહેવા માંડ્યા.

એ વખતની મારી પ્રાર્થના અમર રહી ગઈ. મેં તમને કહેવા માંડ્યું : તમે મારો હાથ પકડ્યો છે તો હવે છોડશો નહિ, કાયમને માટે પકડેલો જ રાખજો એવી મારી પ્રાર્થના છે.

ને તમે કહ્યું : જન્મજન્માંતર લગી તમારા હાથ ને સાથને છોડવાની મારી ઈચ્છા નથી ને શક્તિયે નથી. ત્યારે એ રાત મારા જીવનની પર્વરાત બની ગઈ. તમારા શબ્દો મારા માટે સંસ્મરણની મહામૂલ્યવાન સામગ્રી જેવા થઈ પડ્યા છે.

* * * * *

* * * * *

## ૧૦૪. અખંડ સૌભાગ્ય

આજે રાતે તો તમે મારી પાસે તમારા રોજના નિયમ પ્રમાણે પ્રકટ થયાં ને મારી સાથે વાતે વળગ્યાં. તમારા પવિત્ર પ્રેમને ઠાલવતાં એકાએક તમે મારા હાથમાં ચૂડી મૂકી ને મને કહ્યું : પ્રભુ, તમારે હાથે મને આ ચૂડી પહેરાવી દો. તમારા પ્રેમની ચૂડી પહેરવાથી મને પ્રસન્નતા થશે ને અખંડ સૌભાગ્યનું દાન મળશે.

તમારા કહ્યા પ્રમાણે મેં તમને ચૂડી પહેરાવી એટલે તમે કહેવા માંડ્યું : પ્રભુ, મારા પ્યારા પ્રભુ, લો આ કંકુ. તમારે હાથે તેને મારી સેંથીમાં પૂરી દો. લો આ સિંદૂર. તેથી મને પ્રસન્નતા થશે ને અખંડ સૌભાગ્યનું દાન મળશે.

તમારા અત્યંત આગ્રહને વશ થઈને મેં તમારી સેંથીમાં સિંદૂર પૂર્યું ને તમને કહ્યું : દેવી, તમે તો જગદંબા છે. મારા જેવા એક સાધારણ પ્રેમીને તમે આટલો બધો પ્રેમ કરો છો એ શું બરાબર છે ?

ને તમે કહ્યું : હા, બરાબર જ છે. આ સંસારમાં તું મારે માટે સાચેસાચ લાયક છે. તેથી જ હું તને વરી ચૂકી છું. આ સંસારમાં તું જ કહેને તારા વિના બીજું કોણ વધારે લાયક છે ?

* * * * *

* * * * *

## ૧૦૫. ચરણની પૂજા

તમારા શરીરને ચુમવાની ને તમને આલિંગન કરવાની મારી ઈચ્છા નથી. આજે તો તમારાં ચરણને ચુમવાની મારી ઈચ્છા છે. એમ કહીને મેં તમારા ચરણને સ્પર્શ કરવાનું શરૂ કર્યું, ત્યાં જ તમે જરા રોષે ભરાયાં ને દૂર ખસી ગયાં. તમારા ચરણને હું અડું તે તમને પસંદ નથી કેમ કે તમે મારી જાતને અત્યંત પવિત્ર ને આદરણીય માનો છો એમ તમે કહેવા માંડ્યું.

મારું હૃદય જરા કરુણ તો થઈ ગયું, કેમ કે હું તમારો પ્રેમી ભક્ત છું. તેને તમે કેટલું બધું મહાન પદ આપી દીધું એ વાતની માહિતીથી મારું હૈયું ભરાઈ આવ્યું. ચરણને નહિ ચૂમવા દો તો તમારા ચરણની ધૂળને ચૂમીશ - તમારાં ચરણ જે પૃથ્વી પર પડ્યાં હશે તે પૃથ્વીનાં પ્રદેશને - તમારી પગલીને ચૂમીશ. તેની તો તમે ના નહિ પાડોને ? મેં તમને કહેવા માંડ્યું.

ને અપાર પ્રેમ ને આદરભાવથી ઉભરાઈને મેં તમારી પૃથ્વી પર પડેલી પગલીને ચૂમી લીધી ને તમારી ચરણરજને મસ્તક પર ચઢાવી ત્યારે પવિત્ર પ્રેમના એકાએક થયેલા એ દર્શનથી પૃથ્વી હાલી ઉઠી, ને પવને પ્રસન્નતા ધારણ કરી.

તમને તેથી શું નુકસાન થયું ? મને શાંતિ મળી, તમને મારા પવિત્ર પ્રેમની પ્રતિતી થઈ શકી, ને સંસારને પ્રેરણાથી ભરેલું એક મહાન ગીત મળ્યું. તમને તેથી શું નુકસાન થયું ?

* * * * *

* * * * *

## ૧૦૬. અમર રાત

આજે તો તમે પાનેતર પહેરીને મધરાત પહેલાં મારી પાસે પ્રકટ થયાં, ને મારા પલંગ પર બેસીને મને આલિંગન આપવા માંડ્યા. તે પછી મોગરાની તાજી માળા લઈને તમે મારા કંઠમાં અર્પણ કરીને કહેવા માંડ્યા : પ્રભુ મને માફ કરો. આજે જરા મોડું થયું. હું તમારી જ છું. મને માફ કરો.

તમારી આ એકાએક થયેલી પ્રેમવર્ષાથી મને અત્યંત આનંદ થયો. એકમેકની સોડમાં બેસીને આપણે ધરાઈ ધરાઈને વાતો કરી. ને તમારો વિદાય થવાનો વખત આવ્યો ત્યારે મારું હૃદય ભરાઈ આવ્યું. મારાથી છાતીફાટ રુદન થઈ ગયું. મેં કહ્યું : દેવી, હું તમારી ચરણરજ હોત તો પણ તમને ચોવીસે કલાક ચોંટી રહેત. અરે, તમારો નોકર હોત તો પણ કેવું સારું ! તમારી સાથે રહીને જપ કરત, તપ કરત, સાધના કરતા, ને ચોવીસે કલાક તમારું દર્શન કર્યા કરત. મારું નસીબ તો એવું પણ નથી. તો પણ હું મને તમારો પ્યારો દાસ સમજું છું ને તમારા સદાના સહ્‌વાસની કામના કરું છું.

ને મેં તમારા ચરણને નમન કરી લીધું.

મારી વાત સાંભળીને તમે ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યા. મેં તમને તેનું કારણ પૂછ્યું તો તમે કહ્યું : મારાં ચરણને નમન ના હોય. તમે તો મારા છો - મારા પ્રાણ છો. તમારાથી એકે ક્ષણ દૂર રહેવાની મારી મરજી નથી. મારા ચરણને સ્પર્શ કરીને મને ના લજાવશો. તમારી સાથેનો મારો સંબંધ સ્વામિની ને સેવકનો નહિ પણ પ્રિયતમા ને પ્રિયતમનો જ છેઃ ને તે જ રહે એમ ઈચ્છું છું. થોડા વખતમાં જ હું તમને મારા સનાતન સહ્‌વાસનું દાન કરીશ.

મેં આનંદમાં આવી જઈને ગદગદ કંઠે કહ્યું : ભવોભવ લગી આપણો એવો સ્નેહસંબધ ભલે ચાલુ રહે.

ને તમે વિદાય થયાં ત્યારે વાતાવરણમાં આક્રંદના પડઘા પડી રહ્યા હતા. તમારો આ પ્રેમ ને તેને વ્યક્ત કરનારી આજની રાત મારા જીવનમાં અમર રહી જશે.

* * * * *

* * * * *

## ૧૦૭. સૌભાગ્યની વાત

તમારા અખંડ સમાગમમાં આવનારા જડ ને ચેતન પદાર્થો પણ મહાભાગ્યશાળી છે એમ મને લાગ્યા કરે છે. તેમનામાંના એક થવાનું સદભાગ્ય મને સાંપડ્યું હોત તો પણ કેટલું સારું, એવો વિચાર આવવાથી મારી આંખ ઉભરાઈ જાય છે.

મને એમ થાય છે કે તમારા રાજપ્રાસાદના પવન થવાનું સૌભાગ્ય મને સાંપડ્યું હોત તો કેવું સારું ! તમારા અંગે અંગમાં હું ફરી વળત. અથવા તમારા સુંદર બાગમાં એકાદ વૃક્ષ બનવાનું મારે ફાળે આવ્યું હોત તો ? મારા મસ્તકને ઊંચું કરીને તમારા વિશ્વમોહન રૂપને એકીટસે લેશ પણ થાક્યા વિના રાતદિવસ જોયા કરત. અથવા તમારા મહેલની પાસેની ફુલવાડી થવાનું ભાગ્ય મળ્યું હોત તો તમારા કંઠ, તમારી છાતી ને તમારી કબર પર ફુલ બનીને રમ્યા કરત, ને તેને વધારે સુશોભિત કરત. તમારો પલંગ, તમારી ચાદર, પથારી ને આંખનું અંજન થવાનું સૌભાગ્ય પણ મને મળ્યું હોત તો ?

બીજું તો ઠીક, પણ તમારા આવવા જવાના રસ્તાની અથવા તમારા ચરણની રજ થવાનું સૌભાગ્ય મળ્યું હોત તો પણ તમારા ચરણને રોજરોજ ચુમ્યા કરત : તો પણ મને અપાર આનંદ થાત. હવે તો એ બધું બની શકે તેમ નથી. હવે તો કૃપા કરીને મને તમારો અખંડ સહવાસ આપો, તો જ મારો મનોરથ પૂરો થઈ શકે.

* * * * *

* * * * *

## ૧૦૮. પ્રેમીની દશા

જેને તમે પ્રેમ આપો છો તેને અખંડ જાગરણ પણ આપી દો છો. તમારે માટેનો તીખો તલસાટ તેના હૃદયમાં ભરી દો છો, ને તમારી અખંડ પ્રતીક્ષાથી તેના તન ને મનને રંગી દો છો. તમારે માટેની અખંડ ને અનંત વેદના તેના પ્રાણમાં ભરી દો છો ને તમારા દિલનું દાન દો છો તેને અખંડ જાગરણ, ઉદાસીનતા, તન્મયતા ને પ્રાર્થનાનું દાન આપો છો.

સુમનની સેજ પર સુવાનું તેને માટે સહેલું નથી. ઈન્દ્રભુવન ને કુબેરના ભંડાર પણ તેની પાસે સુકાઈ જાય છે. તેના દિલમાં તમે ઘા કરો છો ને તેમાં વળી ધીરેધીરે મીઠું ભરો છો. જેને તમે પ્રેમ કરો છો ને દિલનું દાન દો છો તેને બેચેન કરો છો. આંખમાં આંસુની વૃષ્ટિ ને અંગમાં પોકારોની પરંપરાને ભરી દો છો. એવી સૃષ્ટિમાં એક તમે જ વસી રહો છો. આંખમાં આંસુની વૃષ્ટિને ભરી દો છો.

પણ એથી સાચા પ્રેમી પાછા પડતા નથી ને ભયભીત પણ થતા નથી. કેમ કે તેમની આશા અમર છે. તે જાણે છે કે આજે જે વેદનામાં સુખ માને છે તે જ આવતીકાલના મિલનના સનાતન સુખને મેળવી શકે છે, ને જે આંસુથી એકાદવાર પણ આરાધના કરે છે તે જ એક દિવસ અમૃતની વર્ષામાં સ્નાન કરે છે ને કૃતાર્થ બને છે.

* * * * *


* * * * *

## ૧૦૯. પ્રાર્થના

મારી તમને પ્રાર્થના છે કે જીવનની એકે ક્ષણને વ્યર્થ ના જવા દો. જીવનના અમૃત પ્યાલાનું પાન તમે હોંશે હોંશે ને ધરાઈ ધરાઈને કરો ને મને પણ કરવા દો. મારી તમને પ્રાર્થના છે કે જીવનની એકે ક્ષણને વ્યર્થ ના જવા દો.

એકમેકનાં હૃદયને ખુલ્લાં કરવાનો ને રસથી ભરપુર બનાવવાનો આ ઉત્તમ અવસર જન્માંતરના કોણ જાણે કયા સત્કર્મના પરિપાકરૂપે પ્રાપ્ત થયો છે, તેને એમનેમ વેડફી ના નાખો. હે પ્રાણ, એમનેમ વેડફી ના નાખો. એનો તમે હોંશે હોંશે ને ધરાઈ ધરાઈને લાભ લો. મારી તમને પ્રાર્થના છે કે તેનો તમે ધરાઈ ધરાઈને લાભ લો.

મારું જીવન તમારું જ છે. તન, મન ને અંતર સર્વ કાંઈ તમારું જ છે. ને તમારે માટે જ તેને વહી જવા ને કૃતાર્થ થવા દો. હે અંતર્યામી, કૃતાર્થ થવા દો. તમારું જીવન સર્વસ્વ પણ મારી પૂજાનું ફોરમવંતુ ફૂલ બની જવા દો. તમે મારાં પ્રાણ, જીવન ને શ્વાસોશ્વાસ હો !



* * * * *

* * * * *

## ૧૧૦. ભક્તોનું જીવન

વરસાદના જીવનના રહસ્યનો કદિ વિચાર કર્યો છે ખરો ? સાગરમાંથી ક્ષાર લઈને સંસારને સુધાનું દાન દેવું વરસાદનો સહજ ને સ્વાભાવિક ધર્મ છે. તેવી રીતે પ્રેમી પોતે આંસુ ને આહમાં રમે છે, ને સંસારના કડવા ઘુંટડા પી જઈને બીજાને તો પીયૂષ જ પૂરું પાડે છે. તમારાં ચરણોમાં પણ એ અમૃતનો ઉપહાર ધરે છે.

શોકમાંથી હર્ષ, પતનમાંથી ઉત્થાન ને વેદનામાંથી આનંદથી પ્રાપ્તિ કરનારા તમારા એ પ્રેમી ભક્તોને મારાં વારંવાર વંદન છે. તેમનો એ ગુણ મારામાં પણ ઉતરે એવી કૃપા કરી દો. હે મધુમય, એવી કૃપા કરી દો.

* * * * *

* * * * *

## ૧૧૧. સમર્પણ

મેં તમારે માટે કરી શકાય એટલું બધું જ ફના કર્યું છે. જુઓ તો ખરાં. માણસના ઉગતા ઉરમાં જ્યારે અનેક આશા, તૃષ્ણા ને મનોરથ પોતાનું કામ કરતા હોય છે, ત્યારે મેં મારા જીવનનું સમસ્ત ધન તમારી પૂજામાં અર્પણ કર્યું છે ને હું તમારો પુજારી બની બેઠો છું. મારું તન, મન ને અંતર એક તમારી જ રાગરાગિણીથી ભરી દીધું છે. એ તો ઠીક, પણ તમારે માટે તલસવામાં પ્રાર્થનામાં ને રડવામાં મેં બાકી નથી રાખ્યું. તમારે માટે મેં મારી નિદ્રા, મારા આરામ ને મારી સુખ સાહ્યબીનો પણ ભોગ આપ્યો છે. મનને તમારાં ચરણોમાં જ જોડી દીધું છે. મેં તમારે માટે કરી શકાય તેટલું બધું જ ફના કર્યું છે.

છતાં આશ્ચર્ય એ છે કે તમે મને બેચેન બનાવવામાં બાકી નથી રાખ્યું. તમારા પ્રેમને - તમારી કૃપાને માટે તમે મારી પાસેથી પૂરું વ્યાજ - પૂરી કીમત વસૂલ કરો છો. મારા અંતરને તમે કઠોર જેવાં બનીને રોજરોજ તપાવો છો, તલસાવો છો, ને નીચોવી નાખો છો. મારી દશા કેટલી બધી કરુણ થઈ જાય છે તેનો તમને ખ્યાલ સરખો લાગતો નથી.

તમારી કૃપાની કામના કરતાં, તમારા પ્રેમની ભિક્ષા માગતાં, વરસો વહી ગયાં. છતાં હું હજી હતાશ થયો નથી. તમારી કૃપામાં વિશ્વાસ રાખીને હજી બેસી રહ્યો છું. ને મને આશા છે કે એકવાર તમે સંપૂર્ણપણે મારાં બની જશો, મારી સાથે કાયમ માટે પ્રેમ કરવા આ પૃથ્વી પર પ્રકટ થશો. આ આશા જ મારા આજના જીવનનું રહસ્ય છે.

* * * * *

* * * * *

## ૧૧૨. કૃપાની કામના

જીવનભર મેં કોઈની પાસે હાથ લંબાવ્યો નથી કે ભિક્ષા માગી નથી. પ્રેમ ને ગૌરવથી ઊંચા રાખેલા મસ્તકને મેં તમારાં ચરણોમાં નમાવી દીધું છે, ને તમારી પાસે આજે ભિક્ષા માગી રહ્યો છું કે મને તમારા પરિપૂર્ણ પ્રેમનું દાન કરો. તમારી કૃપાથી મારા પ્રાણને પ્રસન્ન ને પુલકિત કરી દો ને મને કૃતાર્થ કરો.

હું જાણું છું કે આવી મોટી મહેચ્છા માટે મારી કોઈ ખાસ લાયકાત નથી. છતાં મારું દિલ તમને ચાહે છે ને તમારે માટે તલસે છે એ એક હકીકત છે. તેને લક્ષમાં લઈને તમે કૃપા કરી દો તો હું મારું મોટું નસીબ માનીશ.

* * * * *

* * * * *

## ૧૧૩. પ્રેમનો વિચાર તો કરો

મારા પ્રેમનો વિચાર તો કરો. હું તમને કેટલો બધો ચાહું છું ! તમારે માટે મારા હૃદયમાં કેટકેટલો રાગ ભરેલો છે તેનો ખ્યાલ તો કરો. મારા તનમાં, મનમાં ને અંતરમાં એક તમારો જ રાગ ભરેલો છે. તમારા વિના મારા રોમેરોમમાં બીજું કશું જ નથી. હૃદયને ખોલીને જુઓ તો ખરાં ! તમારા વિના તેમાં બીજું કોઈ દેખાય છે ખરું ? મારા પ્રાણ પર તમારી જ સત્તા ને તમારું જ રાજ્ય ચાલી રહ્યું છે.

પાણીના ધોધમાર વહેતા પ્રવાહની પેઠે મારા જીવનમાં તમારો પ્રેમ વહ્યા કરે છે. તમારે માટે તે પૂજાનો થાળ ખુલ્લો કરે છે. તેનો તમે સ્વીકાર કરો. એ કામનાથી તે તમને ઉપરાઉપરી સંદેશ ધરે છે.

મારા પ્રેમનો વિચાર તો કરો. જગતમાં તમને તેનો જોટો નહિ જડે. મારા પ્રેમનો વિચાર તો કરો. મારાથી દૂર રહેવાનું તમને જરા પણ નહિ ગમે, નહિ પરવડે.

* * * * *

* * * * *

## ૧૧૪. પ્રેમની સ્મૃતિ

તમારું આજનું સ્વરૂપ કેટલું બધું સુંદર ને અનેરું હતું ! પ્રભાતના પ્રથમ પ્રહરમાં પ્રેમની કોઈ પોયણી જેવાં તમે મારી પાસે પ્રકટ થયાં, ત્યારે મારી આંખ ને અંતરમાં આનંદ આનંદ ફરી વળ્યો. રેશમી વસ્ત્રોમાં વીંટળાયેલું તમારું શરીર કેટલું બધું સુંદર, શીતળ ને આકર્ષક હતું ! કરોડો કામદેવના સદનસમું એ શરીર જોતાં વેંત જ મનને મુગ્ધ કરી દેતું ને પાવન કરતું. એ સ્વરૂપ સાથે તમે પ્રકટ થયાં ત્યારે મારા જીવનમાં વસંતઋતુનો પવિત્ર પવન ફરી વળ્યો.

મારી આંખમાં આંખ મિલાવીને થોડીવાર ઉભા રહ્યા પછી તમે મને આલિંગન આપ્યું ને મારા ખોળામાં મસ્તક મૂક્યું, તે વખતે મારા રોમેરોમમાં રાગ-રાગિણી શરૂ થઈ. જીવન જાણે ઉત્સવમય બની ગયું. તમારી વેણીને સુંઘતા સુંઘતાં મેં તમારા પ્રેમનું સ્વાગત કર્યું. ત્યારે તમે સોળે કળાએ ખીલી ઉઠ્યાં. મેં કહ્યું : દેવી, તમે કેટલાં બધાં સુંદર લાગો છો ! તમારા સ્વરૂપને ધરાઈ ધરાઈને જોવા દો.

ને તમે મસ્તકને ઊંચું કરી મને ફરીવાર આલિંગન આપ્યું. આકાશમાં તાજા ઉગેલા સૂર્ય વિના આપણા આ દિવ્ય પ્રેમનું કોઈ સાક્ષી ન હતું.

તમે વિદાય થયાં ત્યારે કહેતાં ગયાં : આજના આપણા મિલનની એક સુમધુર સ્મૃતિ તમારે માટે મૂકતી જાઉં છું. ને તમે મારા ખોળા તરફ સંકેત કર્યો. મને આશ્ચર્ય ને આનંદ બંને થયાં. ખોળામાં મારા કપાળ પર તમારો ચાંલ્લો અંકિત થઈ ગયો હતો. તમારા અમૃતમય આલિંગનની યાદ આપતો. એ ચાંલ્લો સાચેસાચ આપણા પ્રેમના સ્મારકરૂપ હતો.

જતાં જતાં તમે કહેતાં ગયાં - એને સાધારણ ચાંલ્લો ના માનતા. એના રૂપમાં મારા ભાગ્યને, જીવનને ગતિવિધિને, હું તમારે ચરણે મૂકતી જાઉં છું. હવે હું સંપૂર્ણપણે તમારી થઈ ગઈ છું.

* * * * *

* * * * *

## ૧૧૫. સંગમની સ્મૃતિ

આજે મને દેવપ્રયાગના પવિત્ર પ્રદેશમાં થનારા અલકનંદા ને ભાગીરથીના સંગમની સ્મૃતિ થાય છે. કેટલો સુંદર ને આકર્ષક છે એ સંગમ ! હિમાલયની બે પુત્રીઓ પર્વતોની વચ્ચેથી વહી આવીને એકમેકને આલિંગન કરે છે, ત્યારે કેટલું સુખદ દૃશ્ય ઉભું થાય છે ! સંગમ આગળ બંનેનું પાણી ખૂબ વેગથી વહેવા ને ઉછળવા માંડે છે. એ વખતનું દૃશ્ય ખૂબ અદભૂત ને અનેરું લાગે છે.

આપણા બંનેના હૃદય પણ જ્યારે ભેગાં થાય છે ત્યારે એવી જ અદભુતતા ધારણ કરે છે, ખૂબ અલૌકિકતા ધારણ કરે છે. રસની એક નવી જ અનેરી દુનિયા તે વખતે ઉત્પન્ન થાય છે. તન, મન ને અંતર અરે, રોમેરોમ તે વખતે નાચી ઉઠે છે. તે વખતના આનંદનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. અલકનંદા ને ભાગીરથીની જેમ આપણા હૃદય પણ પ્રેમના પ્રબળ પ્રવાહમાં વહેતાં ને ઉછાળા પર ઉછાળા મારતાં દોડવા માંડે છે. તેમાંયે જ્યારે એકમેકનું હૈયું મળે છે ત્યારે તો સ્વર્ગસુખથીયે ઉત્તમ સુખ છવાઈ જાય છે.

* * * * *



* * * * *

## ૧૧૬. સંવાદ

હું તમારા વિના રહી શકતો નથી તેમ તમે પણ મારા વિના રહી શકો નહિ - મારા વિના તમને ચેન પડે નહિ, એવી પરિસ્થિતિની મારી માગણી છે. એવી દશાની હું તમારી પાસેથી આશા રાખું છું.

હું તમારે માટે પ્રેમનાં આંસુ સારી રહ્યો છું ને વિરહની વેદનાનો અનુભવ કરી રહ્યો છું તેમ તમે મારે માટે પણ આંસુ સારો, ને વિરહની વ્યથાનો અનુભવ કરી લો, એ જ મારી ઈચ્છા છે.

તમારા વિના જીવનમાં સાર દેખાતો નથી ને રસ લાગતો નથી તેમ મારા વિના તમને સાર ના લાગે ને જીવનમાં રસ ના જાગે, એ જ મારી ઈચ્છા છે. મારા વિના જીવન કડવું લાગે એ જ મારી ઈચ્છા છે. આપણા મિલનનું મંદિર તો જ સર્વોત્તમ બની શકશે. બન્ને બાજુના સરખા સ્વરો આપણા જીવનને મુગ્ધ કરીને અનેરા આનંદથી ભરી દેશે.

* * * * *

* * * * *

## ૧૧૭. ગીતની છેલ્લી લીટી

મેં તમારે માટે કેટકેટલાં ગીતો વહાવ્યાં છે ! અંતરના ઉંડાણમાંથી ઉત્પન્ન થયેલાં એ ગીતો મારા પ્રાણ જેવાં પ્યારાં રહ્યાં છે, ને માનું છું કે તમે પણ તેમને પ્રાણ પ્યારાં માન્યાં છે. ગમે તે સ્થળ ને કાળમાં એ ગીતો મારે માટે મહાન પથપ્રદર્શક ને આશીર્વાદરૂપ બન્યાં છે.

દેવી કે દેવતા પાસે મારે બીજું શું માંગવાનું છે ? ગીતને ગાઈને મારે બીજું શું મેળવવાનું છે ? સૌને મારી એક જ પ્રાર્થના, સૌની આગળ મારી એક જ કામના હોય છે, કે તમારો પ્રેમ ને તમારી કૃપા મારા પર પરિપૂર્ણપણે વરસી રહે, ને મને તમારી પાસે ને તમને મારી પાસે કાયમને માટે સ્થાન મળે, આરામ મળે.

ગીતની આ છેલ્લી લીટીમાં તમારી પાસે પણ મારી એ જ પ્રાર્થના છે.

* * * * *

* * * * *

## ૧૧૮. વરસાદની સ્મૃતિ

વરસાદ વરસી રહ્યો છે ત્યારે તમારી મધુર મુખાકૃતિની યાદ આવ્યા વિના રહેતી નથી. તમારી સોડનું સુખ મને યાદ આવે છે ને મારું હૈયું હાલી ઉઠે છે. તપેલી ધરતી વરસાદના વહાલનો લહાવો લઈને શાંતિનો શ્વાસ લે છે, ત્યારે કેટલી બધી સુવાસિત ને કૃતકૃત્ય લાગે છે !

તમારી વહાલી વર્ષાથી મારું સર્વસ્વ એ રીતે કૃતકૃત્ય થઈ જશે, ને શાંતિનો શ્વાસ લેશે. જીવનની ધન્યતાના એ મહોત્સવમાં સ્વમાન સાથે શામેલ થવા મારું તમને આગ્રહપૂર્વકનું આમંત્રણ છે.

* * * * *

* * * * *

**૧૧૯. કામના**

તમારા પ્રેમની તુલના કોની સાથે કરું તે મને સમજાતું નથી. તેનાથી હું મંત્રમુગ્ધ થયો છું, પ્રસન્નતાથી પુલકિત થયો છું, ને તમારો પ્રેમી બન્યો છું. ચોમાસાના પાણીથી પ્રમત્ત નદી જેમ કિનારાંના બધાં જ બંધનને તોડી નાખે છે, ને માર્ગ કરે છે, તેમ તમારા પ્રેમનો પ્રબળ પ્રવાહ તન ને મનનાં બંધનને તોડીને સતત રીતે વહેવા માંડે છે, ને પ્રાણને તમારા પ્રેમથી તરબોળ કરી દે છે.

તમારા પ્રેમની વર્ષા વરસાવવા બદલ હું તમારો અત્યંત આભારી છું. એ પ્રેમની પૂજા જીવનમાં નિરંતર કર્યા કરું, ને તમારા હૃદયમાં, અરે રોમેરોમમાં ઘર કરું, એ મારી કામના છે. એ કામનાની પૂર્તિ માટે તમારી તરફ ટકટકી લગાવીને બેસી રહ્યો છું.

* * * * *

* * * * *

## ૧૨૦. વરસાદની વચ્ચે

વરસાદ જેવી રીતે ધરતીને માટે પોતાનો વૈભવ ખુલ્લો કરે છે ને પોતાના વહાલને વહેતું મૂકે છે, તેવી રીતે તમારે માટે મારા વહાલને વ્યક્ત કરવાની ને તમારી ધરતી માટે મારા વૈભવનો ભંડાર ખુલ્લો કરવાની તક મને ક્યારે મળશે ? મારા ઉરના ઉમળકાને ન્યાય આપીને હું તમારી સાથે કિલ્લોલ કરીશ, ને મારા રોમેરોમમાંથી અનુરાગના આલાપ વહેવડાવતાં તમારી સામે એક ને એકાકાર, તન્મય ને તદ્રુપ ક્યારે બનીશ ?

તમારી સાથે પ્રેમ કરવાના અનેક મનોરથ મારા મનમાં ઉત્પન્ન થયા કરે છે. તેમને પૂરા કરવાની ને મારી ભાવનાને સફળ કરવાની તક મને ક્યારે મળી શકશે ? વરસતા વરસાદની વચ્ચે એવા એવા વિચારો કરતાં આજે તો હું બેસી રહ્યો છું.

* * * * *

* * * * *

## ૧૨૧. વરસતા વરસાદમાં

અંતરના અનુરાગને આંખમાં આંજીને આવો તો તમને આલિંગન આપું ને મારા પ્રેમની પકડમાંથી એક મિનિટ માટે પણ મુક્ત ના થવા દઉં. આવો તો તમને આલિંગન આપું ને મારા હૃદયે સ્થાપું.

અંતરના અનુરાગને આંખમાં આંજી દઈને આવો તો તમારું ઉમળકાભેર સ્વાગત કરું. પુષ્પોથી તમને વધાવું ને પ્રેમના પાણીથી પખાળું. આવો તો તમને વધાવું ને પખાળું.

સંગીતના ઘેનભર્યા છંદોમાં સ્નાન કરાવીને તમારી સાથે એકાકાર બનું, તમને પ્રસન્ન ને પુલકિત કરું. અંતરના અનુરાગને આંખમાં આંજી દઈને તમે આવો તો તમને પ્રસન્નતા ધરું, ધન્યતા ધરું ને પુલકિત કરું.

* * * * *

* * * * *

## ૧૨૨. પ્રેમનું રહસ્ય

ભૂગર્ભમાં જેમ પાણીનો પ્રવાહ વહ્યા કરે છે તેમ, તારા પ્રેમના પ્રવાહને મારા અંતરના અંતરતમમાં વહેતો રાખીને આ સંસારમાં હું શ્વાસ લેવાનું ચાલુ રાખીશ. કોઈ તેનો પાર પામે નહિ ને તેના રહસ્યને જાણે નહિ તે રીતે હું તારા પ્રેમને સાચવી રાખીશ - મારા જીવની જેમ જતન કરીને સાચવી રાખીશ.

લોકોને તેની શી વાત કરું ? એ તો ચોક્કસ છે કે લોકો મારી વાતને ગાંડપણમાં ખપાવશે ને મારી સત્યતામાં માનશે નહિ. અનેક પ્રકારની શંકા કરશે ને નિંદા પણ કર્યા કરશે. ને તેમને જણાવવાની જરૂરેય શી છે ? તેમના અભિપ્રાયની કીમતે શી છે ? આપણા પોતાના પ્રાણના પરસ્પર વિનિમયની આ તો વાત છે. તે આપણી જ વચ્ચે જીવંત રહે તે જ બરાબર છે. બીજાને તેની માહિતી આપવાથી શો લાભ ? કોઈવાર આપણા પ્રેમનો પ્રવાહ પ્રબળ બનતાં આંસુ ને આહના રૂપમાં તે ટપકી પડે તે વાત જુદી છે. બાકી તો તેનું રહસ્ય આપણી જ વચ્ચે જળવાઈ રહે તે જરૂરી છે.

આ માટે મજબૂત મનોબળ ને સહનશક્તિની જરૂર પડશે. ને તેથી જ મારી પ્રાર્થના છે કે તમારા પ્રેમની મર્મભેદક વેદનાને સહન કરવાની - શાંતિથી સહન કરવાની મને શક્તિ આપો.

* * * * *

* * * * *

## ૧૨૩. ધન્યવાદ

તમે મારો ત્યાગ કેમ કરી દીધો છે તે મને સમજાતું નથી. જરા યાદ તો કરો, જુઓ તો ખરાં, કે તમારે માટેનો મારો પ્રેમ કેટલો બધો અજબ છે ! સંસારના વિનાશી ને જરા તથા વ્યાધિને વશ થનારા પદાર્થો સાથે સંબંધ બાંધવાને બદલે મેં તમને જ પ્રેમ કર્યો છે ને તમારી સાથે જ સંબંધ બાંધ્યો છે. તમને હું ખરા હૃદયથી ચાહું છું ને ઝંખું છું.

જીવનના અરુણોદયથી જ મેં તમારે ચરણે મારા પ્રાણના સુમનને સમર્પિત કર્યું છે. છતાં તમે મારા તરફ ઉદાસીન છો - જોઈએ તેવું ધ્યાન આપતાં નથી, એ એક હકીકત છે. તમારે માટે શું આ શોભાસ્પદ છે ખરું ? જે તમારે માટે રડે છે, કકળે છે, ને ઝંખે છે, તેની તમે ખબર લેતાં નથી, ને તેની પાસે આવતાં નથી, એ શું તમને છાજે છે ? તમારી ભક્તવત્સલતાના યશને એથી મદદ મળે છે ? મારા પ્રેમ, ભાવ ને ગીતોથી મુગ્ધ થઈને એક સાધારણ સુકુમારીએ પણ મને સર્વસમર્પણ કર્યું હોત; તો આ તો તમે છો. રૂપ, ગુણ ને જ્ઞાનનાં મૂળ સ્વરૂપ. સુંદરતા ને શીલનાં સાગર. છતાં તમે હજી મૂક બેસી રહો છો ને મારાથી દૂર રહો છો તે તમારા વિવેકને ધન્યવાદ ઘટે છે, ખરેખર ધન્યવાદ ઘટે છે.

* * * * *

* * * * *

## ૧૨૪. મનોરથ પૂરો કરો

તમારે માટે પ્રેમનાં આવાં ગીતો બીજું કોણ લખે છે ? અંતરમાં આટઆટલો અનુરાગ ભરીને દિલના ઉંડાણમાંથી તમને કોણ પ્રેમ કરે છે ? તમારે માટે કોણ તપે છે ને રડે છે, તથા તમારે ચરણે ગીતોની પૂજા પણ કોણ ધરે છે ? એમ તો કહો કે તમારે માટે અંતરની આરતિ ઉતારીને પોતાના પ્રેમની પૂજા તમારે ચરણે બીજું કોણ ધરે છે ?

માટે જ કહું છું કે મારા પ્રેમની તમોને કાંઈપણ કીમત હોય તો મેં જેમ તમારે માટે સર્વસમર્પણ કર્યું છે, તેમ તમે પણ મારે માટે સર્વસમર્પણ કરો. મારી જેમ તમે પણ મને તમારા પ્રાણનું પૂજાનું ફુલ ધરો ને મારે માટે તલપાપડ બનો. મારો મનોરથ હવે જલદી જલદી પૂરો કરો.

* * * * *

* * * * *

## ૧૨૫. મારી સાધ

સાચેસાચ કહું છું કે મારા મનમાં તમારા વિના બીજા કોઈનું સ્થાન નથી. બીજા કોઈની ઈચ્છા નથી. સંસારની બીજી બધી જ ઈચ્છા ને વાસના પર મેં પાણી ફેરવી વાળ્યું છે. મારા દિલને ખોલીને જુઓ તો તેમાં તમને બીજા કોઈનું નહિ પણ તમારું જ આસન દેખાશે. મારી નસેનસમાં ને મારા રોમેરોમમાં તમારો જ રસ દેખાશે, ને તમારા જ રાસનું દર્શન થશે.

બીજા બધા જ સંકલ્પો ને વિકલ્પોને મેં તિલાંજલિ આપી છે, ને કેવળ તમારા અખંડ સહવાસના સંકલ્પને પ્રાણપ્યારો માનીને સાચવી રાખ્યો છે. મારા જીવનની એક જ સાધ, એક જ આશા ને ઝંખના કેવળ તમારા મિલન ને અખંડ મિલનની છે. ને તેની સિદ્ધિ માટે લોભી જેમ ધનને માટે જુએ તેમ રાતદિવસ હું રાહ જોઈને બેસી રહ્યો છું.

* * * * *

* * * * *

## ૧૨૬. ગીતોની ભેટ

મારાં ગીતો તમને અર્પણ કરું છું. મારી પાસે તમને અર્પણ કરવા જેવું બીજું કશું જ નથી. એક દરિદ્ર માણસ પાસે બીજું શું હોય ? ગીતોના રૂપમાં મેં મારો પ્રાણ તમને અર્પણ કર્યો છે. મારા પ્રાણના પડછંદા, મારી ભાવના ને મારા મનોરથ તમારા ચરણે રજૂ કર્યા છે. તમારી આરાધનાને અર્પણ કરી છે.

કોઈ તમને હીરાનું દાન કરે છે, કોક સોનાનું કો કોક રૂપાનું. કોક માળા, વસ્ત્રો કે વીંટી આપે છે; તો કોક તમારી આગળ ફળનો ભંડાર ધરે છે. પણ મારી પાસે તેવું કશું જ નથી. છે ફકત સરળ ને સત્યમય પ્રેમની આ સંગીતમાળા. સંસારના અસ્તિત્વ સુધી ને તે પછીયે અમર રહેનારી ને અમર કરનારી આ સંગીતમાળા. તેને આજે તમારે ચરણે ધરી રહ્યો છું. બદલામાં કૈંજ ચાહતો નથી. કેવળ પ્રેમ, તમારો પ્રખર પ્રેમ ને તમારો શાશ્વત સહવાસ. એના વિના બદલામાં કાંઈ જ ચાહતો નથી. ગીતોમાં ગાઈગાઈને મેં તમને કહી બતાવ્યું છે કે તમે મને તે આપી શકો છો.

* * * * *



* * * * *

## ૧૨૭. ગીતોની કદર

સવારે મેં તમને મારાં ગીતો અર્પણ કર્યાં ને રાતે એક અલૌકિક બનાવ બની ગયો. મધરાત પછી ચાંદનીના પ્રકાશમાં પ્રકટ થઈને તમે મારા કંઠમાં માળા અર્પણ કરીને મને કહેવા માંડ્યાં : મારા પ્રભુ ! તમારાં ગીતો મને ખૂબખૂબ ગમી ગયાં છે ને પ્રાણપ્યારાં લાગ્યાં છે. તેમને વાંચીને મારું રોમેરોમ નાચી ઉઠ્યું છે. તેમની કદર હું કેવી રીતે કરું, અથવા તો તેમના બદલામાં હું શું અર્પણ કરું ? જન્મ જન્માંતર લગી તમારી દાસી બનું તો પણ ....

એમ કહેતાં વેંત તમારી આંખમાંથી બોર જેવાં આંસુ ટપકી પડ્યાં, ને તમે શ્વાસ ખાઈને કહ્યું : મારા દેવ, આંસુના રૂપમાં મારા પ્રાણને તમારે ચરણે સમર્પિત કરું છું; કાયમને માટે તમારી થઈ રહેવાની પ્રતિજ્ઞા કરું છું. હીરા, માણેક ને મોતી સાથે તમારાં ગીતોની સરખામણી ના થઈ શકે. આ તો આત્માનું ધન છે- આત્માનું સર્વસમર્પણ છે. તેમના બદલામાં મેં ક્યારનુંયે સર્વસમર્પણ કરી દીધું છે. આજે તેને જાહેર કરું છું.

ને તમે મારે કંઠે વળગી પડ્યાં ત્યારે બધાં જ સુતાં હતાં; કેવળ આકાશના તારા ને ચંદ્ર જાગતા હતા.



* * * * *

* * * * *

## ૧૨૮. ગીતોનો ઉપહાર

આજે તો તમારા ભક્તોના મંડળમાં મારે અચાનક જવાનું થયું. ભક્તોની અંદર અંદર અનેક પ્રકારના વાર્તાલાપ ચાલી રહ્યા હતા. તમારે ચરણે તેમણે અર્પણ કરેલી ભેટોની વાત થઈ રહી હતી. કોઈ કહેતું કે તેણે તમને મિલકત આપી, તો કોઈ તમને હીરા, મોતી ને ઝવેરાત આપ્યાની તો કોઈ દાગીના પૂરા પાડ્યાની વાત કરતું.

તેમની વાત સાંભળીને મને થયું કે આ બધા ભક્તોની ભેટ તો ઘણી ભારે થઈ. પણ હું તમને શું આપું ? મારી પાસે એવી કયી વસ્તુ છે જે હું તમારે ચરણે ધરી શકું ? મારી પાસે તો તમારા પ્રેમથી પરિપ્લાવિત થયેલાં ગીતો છે. તે તમારાં ચરણોમાં અર્પણ કરું છું. આ ગીતો નથી પણ મારા હૃદયના રણકાર ને શ્વાસના ધબકાર છે. આ તો મારા લોહીના લેખ ને મારી ભાવનાની ભાષા છે. તમારે માટે મારા દિલમાં જે ભાવ ને ઝંખના છે, તેની આ તો અભિવ્યક્તિ - મારા પ્રાણનું પ્રકટીકરણ છે. એક બાજુ સંસારની સમસ્ત સંપત્તિ ને બીજી બાજુ આ ગીતોને મૂકો : ગીતોનું ગૌરવ ને ગીતોની કીમત વધારે થશે. તમારાં ચરણોમાં પ્રેમનો આવો ઉત્તમ ઉપહાર ધરવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું, ને આનંદ પામું છું. આશા છે કે તમે પણ આનંદ પામશો.

* * * * *

* * * * *

## ૧૨૯. સાથની જરૂર

મારે દુનિયામાં મહાન કામો કરવાનાં છે એ સાચું, ને તે માટે મારે મારા તનમનની ખૂબખૂબ સંભાળ રાખવાની છે એ પણ સાચું, પરંતુ તમારા સાથ ને સહકાર વિના એ બધું ભાગ્યે જ થઈ શકશે. મારું જીવન ઉજ્જવળ ને મંગલમય બને તે માટે મારે તમારી મદદની જરૂર છે. તમારા પ્રેમની પ્યાસ મારા પ્રાણને લાગી ગઈ છે. તે શમી જાય તે જરૂરી છે, કેમ કે તે વિના મને શાંતિ નહિ મળી શકે ને મારું હૃદય બીજા કોઈને રૂપ, રસ કે કામ માટે કામનું નહિ રહે.

માટે જ કહું છું કે મારા ને તમારા સંસારના મંગલને માટે પણ તમે મારા પર તમારી પરિપૂર્ણ કૃપા વરસાવો, ને મારાં જીવનસાથી કે આશ્રયદાતા બનો તે જરૂરી છે.

* * * * *

* * * * *

## ૧૩૦. છોડી શકું તેમ નથી

કોઈ પણ સંજોગોમાં હવે હું તમને છોડી શકું તેમ નથી એ નક્કી છે. હવે તો આપણો પ્રેમ ઘણો પુરાણો ને પ્રબળ થઈ ગયો છે, ને જીવનનાં બધાં જ પાસાં પર પ્રસરી ચૂક્યો છે. તમારી સાથે મારો એવો તો અનુરાગ થઈ ગયો છે, મારી એવી તો માયા થઈ ગઈ છે કે, તમને છોડવાનો કે તમારી સાથે સંબંધ વિચ્છેદ કરવાનો વિચારે હવે તો આવી શકે તેમ નથી. આપણો પ્રેમ એવો પ્રબળ થઈ ગયો છે.

આપણાં અંતર એકમેક સાથે મળીને મસ્ત બની ગયાં છે, ને આપણા શ્વાસોશ્વાસ એક થઈ ગયા છે. જનમોજનમનાં સાથી રહેવા માટે આપણાં અંતર તૈયાર થઈ ગયાં છે.

માટે જ કહું છું કે ધરતીમાંથી રસકસ ઊડી જાય, ને ગ્રહ ને નક્ષત્ર ઠંડા બરફ જેવા થાય, તો પણ હું તમને છોડી શકું તેમ નથી.

* * * * *

* * * * *

## ૧૩૧. આપણો પ્રેમ

આપણો પ્રેમ અત્યંત પવિત્ર છે. વળી તે વિવેકના આધાર પર રચાયેલો છે. વાસના ને વિકાર તેને અડી શકતા નથી, ને ચંચલતામાં તેને ચલિત કરવાની તાકાત નથી.

આત્માના આકર્ષણથી ઓતપ્રોત હોવાથી તે કદિ પણ ખૂટતો નથી કે તેનો સ્વાદ ઓછો થતો નથી.

એટલે જ કહું છું કે આપણો પ્રેમ કદી ખૂટવાનો નથી. તેનું રહસ્ય કદી પૂરું થવાનું નથી ને તેનો સ્વાદ શમવાનો નથી. દિવસે દિવસે તેનું સ્વરૂપ વધતું જ જશે, ને તે વધારે ને વધારે અમૃતમય બનશે. યુગો પછી પણ તેની અવસ્થા એ જ રહેશે.

* * * * *

* * * * *

## ૧૩૨. મારી આંખ સામે જ રહો

તમે મારી આંખ સામે જ રહો, એક ક્ષણ પણ અળગાં ના થાવ, એવી મારી અંતઃકરણપૂર્વકની ઈચ્છા છે. તમે આઠે પહોર મારી સામે જ રહો ને એક ક્ષણ પણ અળગાં ના થાવ એવી મારા અંતરના અંતરતમની ઈચ્છા છે. એવી મારી અંતરતમની ઝંખના છે.

અંતરમાં તમારે માટે અપાર અનુરાગ છે, ને અંગમાં તમારી અખંડ આરતીનું અજવાળું. રોમેરોમમાં તમારા પ્રેમનો રસ ઉછાળા મારે છે, ને પ્રાણમાં તમારી અનંત પ્યાસ છે. યુગોના યુગો સુધી તમે મારી સાથે રહો ને મને પ્રેમ કરો - તમારી રૂપસુધાના ક્ષીર સાગરને ખાલી કરીને મારું તન, મન ને અંતર ભરો તો પણ મને તૃપ્તિ ના વળે એવો આશીર્વાદ આપો.

તમે મારી આંખ સામે જ રહો, મારા હૈયા સાથે જ વળગેલાં રહો, ને એક પણ પળ અળગાં ના રહો, એવી મારી અંતઃકરણની ઈચ્છા છે, તે તમે પૂરી કરો. હે દેવી, તમે પૂરી કરો.

* * * * *

* * * * *



## ૧૩૩. દૂર રહેવાનો વિચાર

તમારાથી દૂર રહેવાનો વિચાર પણ મને ખૂબ ભયંકર લાગે છે. એમ થાય છે કે આઠે પહોર તમારી પાસે જ બેસી રહું - આંખમાં આંખ મિલાવીને તમારા આત્માની સાથે ઓતપ્રોત બનીને અનુસંધાન સાધી લઉં, ને તમારા અખંડ સહવાસનો આનંદ માણી લઉં ... એમ થાય છે કે આઠે પહોર તમારી પાસે જ બેસી રહું !

અમૃતના આગાર જેવા તમારા મુખમંડળનો આસ્વાદ પામીને સંતોષનો શ્વાસ લઉં, ને તમારા શીતળ સ્પર્શનો લાભ લઈને કાયમ માટે કૃતાર્થ થાઉં : એવા વિચારો મારા મનમાં ઉઠ્યા કરે છે. હે અંતર્યામી, એવા વિચારો મારા મનમાં ઉઠ્યા કરે છે.

તમારાથી દૂર રહેવાનો વિચાર પણ મને ખૂબ ઘાતક લાગે છે; ને એટલા માટે મારું મન તમારો સનાતન સહવાસ માગે છે. એટલા માટે જ તે આ જગતમાં જેમતેમ ફરીને પણ જતનપૂર્વક જાગે છે.

* * * * *



* * * * *

## ૧૩૪. પ્રેમ કર્યા કરીશ

બીજા મારે માટે શું માને છે તેનો વિચાર કરીને હું તમારા પ્રેમને હળવો કરીશ નહિ - તેનાથી છૂટાછેડા પણ ન લઉં. હું તમને કાયમ માટે આવો ને આવો જ અપાર પ્રેમ કર્યા કરીશ.

બીજાના વિચાર કરતાં તમારો વિચાર મારે માટે મહત્વનો છે. તમે જ મારાં પરમપદ, ધ્રુવપદ ને શાંતિસુખ છો. તમારાથી વધારે પ્રિય ને હિતકારક બીજું કોઈ જ નથી. એ ભાવના મારા મનમાં અનુભવસિદ્ધ થઈને ઘર કરી બેઠી છે. તમને પ્રેમ કર્યા વિના ને મળ્યા વિના મને કળ વળતી નથી ને ચેન પડતું નથી.

માટે જ કહું છું કે તમારા પ્રેમને હું હળવો નહિ કરું. તેનાથી છૂટાછેડા પણ નહિ લઉં. મારાથી તેમ બની જ નહિ શકે. હું તો તમને કાયમને માટે આવો ને આવો અપાર પ્રેમ કર્યા કરીશ.

* * * * *

* * * * *

## ૧૩૫. આભારદર્શન

તમે કૃપા કરીને મારા પર જે પ્રેમની અપાર વર્ષા વરસાવી છે તેને માટે હું તમારો આભારી છું. પ્રેમની અનંત ને રસમય રાગરાગિણીથી તમે મારાં તન, મન ને અંતરને ભરી દીધું છે. તેને માટે હું તમારો ઋણી છું. તમારા પ્રેમનું પાન કરીને હું ખરેખર પ્રસન્ન ને ધન્ય થયો છું.

તમારા પ્રેમ વિના આ જીવન મારે માટે જીવવા જેવું ભાગ્યે જ હોત. તમારા પ્રેમની જ બલિહારી છે કે મારા જીવનમાં નવો પ્રકાશ, નવી પ્રેરણા ને નવી આશા પથરાઈ ગઈ છે. મારું જીવન ખરેખર પાવન બન્યું છે.


તમારા પ્રેમનો બદલો હું કેવી રીતે વાળી શકું ને મારી કૃતજ્ઞતાને શબ્દોથી કેવી રીતે ઠાલવી શકું ? તમે અંતર્યામી છો એટલે તેને ઠાલવવાની જરૂરે ભાગ્યે જ છે. છતાં પણ પ્રેમનાં બેચાર અશ્રુ-બિંદુના રૂપમાં તમને અંજલિ આપીને ખાતરી આપું છું કે હું તમારો જ રહીશ. તમારા વિના મારું દિલ હું બીજા કોઈનેય નહિ દઈશ, ને બીજા કોઈનોય નહિ થઈશ. જીવનની આ કટોકટી ને ક્રાંતિના સમયે તમે વરસાવેલી કૃપા ને પ્રેમની વર્ષા બદલ હું તમારો આભાર માનું છું, ને એકવાર ફરી મારાં પ્રેમનાં ગીતોની સાથે મારું સર્વસ્વ તમારે ચરણે ધરું છું.

* * * * *

**સમાપ્ત**

* * * * *

**શ્રી યોગેશ્વરજી - એક પરિચય**



( ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪ )

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * * * *

* * * * *

## <u>શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન</u>

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

* * * * *

* * * * *